

પેજ-08
આલિયા સ્પાય ફિલ્મમાં શાહરુખની શિષ્યા તરીકે દેખાશે

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-11
હાર્દિક પંડ્યાની સાથે જિમમાં કસરત કરતો નજરે પડ્યો...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 00.00 | 00.00 |
| વડોદરા | 00.00 | 00.00 |
| સુરત | 00.00 | 00.00 |

પેજ 5

જાન્યુઆરીમાં દેશમાં ક્રુડ તેલનો પ્રતિ દિન આયાત આંક વિક્રમી સપાટીએ રહ્યો

25 FEBRUARY-2024 SUNDAY

હું મલાલા નથી, આતંકીઓના કારણે દેશ છોડવો નહીં પડે, ભારતમાં સુરક્ષિત છું

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 00000.00 ▲ | 000.00 |
| નિફ્ટી | 00000.00 ▲ | 000.00 |
| સોનું | 00000.00 ▼ | 000.00 |
| ચાંદી | 00000.00 ▼ | 000.00 |

વર્ષ-13 | અંક-101 | વિક્રમ સંવત-2080 | ફાગણ વદ-01 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


ગૃહ મંત્રાલયે જાહેરનામું બહાર પાડ્યું... ગયા વર્ષે 21 સપ્ટેમ્બરે સંસદે મંજૂરી આપી હતી

# 1 જુલાઈથી 3 નવા ક્રિમિનલ લૉ લાગુ થશે

નવી દિલ્હી | તા.24

દેશમાં ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમને સંપૂર્ણપણે બદલવા માટે 1 જુલાઈથી ત્રણ નવા કાયદા અમલમાં આવશે. આ ત્રણ કાયદા ભારતીય ન્યાયિક સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ છે. આ ત્રણેય કાયદાઓને ગયા વર્ષે 21 સપ્ટેમ્બરે સંસદે મંજૂરી આપી હતી. જે બાદ 25 ડિસેમ્બરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ તેમને મંજૂરી આપી હતી. 1 જુલાઈથી ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવશે. કેન્દ્ર સરકારે આજે આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બ્રિટિશયુગના ભારતીય દંડ સંહિતા (IPC), ભારતીય પુરાવા અધિનિયમ અને ક્રિમિનલ પ્રોસિજર કોડને બદલે 3 નવા ફોજદારી કાયદા 1 જુલાઈથી અમલમાં આવશે. 3 ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ છે.

### બ્રિટિશકાળના કાયદા નેસ્ત નાબૂદ થશે




### આ ગુનાઓ માટેની સજા બનશે કડક

ઉલ્લેખનીય છે કે આ ત્રણ બિલ સંસદના બંને ગૃહો દ્વારા શિયાળુ સત્ર દરમિયાન પસાર કરવામાં આવ્યા હતા. બાદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ત્રણેય નવા ફોજદારી કાયદા બિલને મંજૂરી આપી હતી. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા બાદ તેમને કાયદો બનાવવામાં આવ્યો હતો. આ ત્રણ કાયદા ભારતીય પુરાવા અધિનિયમ 1872, ક્રિમિનલ પ્રોસિજર કોડ 1973 અને IPCનું સ્થાન લેશે. નિષ્ણાતોના મતે, ત્રણ નવા કાયદા આતંકવાદ, મોબ લિંચિંગ અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતા ગુનાઓ જેવા ગુનાઓ માટે સજાને વધુ કડક બનાવશે.

**● ઈન્ડિયન એવિડન્સ એક્ટઃ**

કેસના તથ્યો કેવી રીતે સાબિત થશે, નિવેદનો કેવી રીતે રેકોર્ડ કરવામાં આવશે, આ બધું ઈન્ડિયન એવિડન્સ એક્ટમાં છે. અગાઉ તેમાં 167 વિભાગ હતા. ભારતીય પુરાવા સંહિતામાં 170 વિભાગો હશે. 24 ધારાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બે નવા વિભાગ ઉમેરવામાં આવ્યા છે.

ખેડૂત આંદોલનને લઈને રાહતના સમાચાર

## ખુલવા લાગી બોર્ડર : ટિકરી, કુંડલીથી હટાવાયા બેરિકેડ



નવી દિલ્હી | તા.24

છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતો દિલ્હીની બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે અને દિલ્હી તરફ કૂચ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે હવે આ આંદોલનને લઈને 12માં દિવસે રાહતના સમાચાર આવ્યા છે. દિલ્હીથી જોડાયેલી બોર્ડર ખુલવા લાગી છે. ટિકરી અને કુંડલીથી બેરિકેડ હટાવવામાં આવી રહ્યા છે. સંયુક્ત કિસાન મોર્ચા અને કિસાન મજદૂર મોર્ચા તરફથી 24 ફેબ્રુઆરીની સાંજે શહીદ શુભકરણ સિંહ અને અન્ય ત્રણ શહીદ ખેડૂતોની સ્મૃતિમાં કેન્ડલ માર્ચ આયોજિત કરાશે. 25 ફેબ્રુઆરીએ શંભૂ અને ખનૌરી બોર્ડર પર દેશભરના ખેડૂતોને જાગરૂક કરાશે. ખેડૂતોની દિલ્હી કૂચના આહ્વાન બાદ 13 ફેબ્રુઆરીએ બંધ કરાયેલા નેશનલ હાઈવે-44ના સર્વિસ રોડને દિલ્હીની બોર્ડરથી પોલીસે ખોલવાનું શરૂ કરી દીધું છે. દિલ્હી પોલીસ સર્વિસ રોડ પર ચારેય લેનને ખોલી રહી છે. જેના ખુલવાથી દિલ્હી અવરજવરમાં ઘણી મદદ મળી શકશે. કુંડલી વિસ્તારના ઉદ્યોગપતિ, દુકાનદાર, વેપારીઓની સાથે આસપાસના લોકો પણ લાંબા સમયથી રોડને ખોલવાની માંગ કરી રહ્યા હતા. સર્વિસ રોડ ખોલવાથી વાહન ચાલકોને ઘણી રાહત મળી શકશે.

**કુંડલી અને ટીકરી બોર્ડર ખુલવા લાગી**

### યુવાનોને શાંત રહેવાની અપીલ

શુક્રવારે ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલે વીડિયો જાહેર કરીને નવયુવાનોને શાંત રહેવાની અપીલ કરી હી. ડલ્લેવાલે કહ્યું કે, કેટલીક તાકાતો નવયુવાનોને ઉકસાવીને શાંતિપૂર્ણ રીતે ચાલી રહેલ કિસાન આંદોલનને હુલ્લડબાજીનું રૂપ આપવા માંગે છે, પરંતુ નવયુવાનોએ તેની ઉશ્કેરણીમાં ન આવીને શાંત રહેવાનું છે. કિસાન નેતા સરવણ સિંહે આરોપ લગાવ્યો કે, હરિયાણા પોલીસ ત્યાં ખેડૂતોના ઘરેમાં જઈને મહિલાઓની ધમકીઓ આપી રહી છે.

**Quick Read**

### PMનું જામનગરમાં આગમનઃ ભવ્ય રોડ શો યોજાયો, સર્કિટ હાઉસ ખાતે રાત્રિ રોકાણ કરશે

જામનગર | વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરમાં આવી પહોંચ્યા છે. જે બાદ મોદીનો રોડ શો શરૂ થયો છે. PM મોદી રાત્રિ રોકાણ પણ અહિં જ કરવાના છે. જેને પગલે શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. વડાપ્રધાને લોકોનું અભિવાંદન ઝીલ્યુ હતું. એરપોર્ટ પર CM ભૂપેન્દ્ર પટેલે PMનું સ્વાગત કર્યુ હતું. તેમજ મુખ્યમંત્રીની સાથે કેબિનેટ મંત્રી મુળુભાઈ પણ એરપોર્ટ ખાતે પહોંચી PMનું સ્વાગત કર્યુ હતું.

### આંધ્રપ્રદેશમાં 151 બેઠકો પર લોકસભા ચૂંટણી લડશે ચંદ્રબાબુ નાયડુની પાર્ટી

વિશાખાપટ્ટનમ | લોકસભા ચૂંટણી વચ્ચે આંધ્રપ્રદેશમાં પણ વિધાનસભાની ચૂંટણીની ઉત્તેજના ચાલી રહી છે. જો કે ચૂંટણી પંચે હજુ ચૂંટણીની તારીખો નક્કી કરી નથી, પરંતુ આ વખતે આ ચૂંટણી મે મહિનામાં યોજાઈ શકે છે, પરંતુ રાજ્યના રાજકીય પક્ષો આ ચૂંટણીઓ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને બેઠકો માટે તેમના ઉમેદવારો નક્કી કરવાનું પણ શરૂ કરી દીધું છે. પૂર્ણ આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ટીડીપી અને જનસેનાએ ઉમેદવારોની યાદી જાહેર કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

### ટીવી એન્કરના પ્રેમમાં પાગલ મહિલાએ યુવકનું કારમાં ટ્રેકર લગાવી અપહરણ કર્યું

હૈદરાબાદ | હૈદરાબાદમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. એક મહિલા વીડિયો જોકીને જોઈને તે એટલી પાગલ થઈ ગઈ કે તેણે તેનું અપહરણ કરાવી લીધું. મહિલા તેની સાથે લગ્ન કરવા માંગતી હતી પરંતુ વીજે તેની સાથે વાત કરવા પણ તૈયાર ન હતો. ત્યાર બાદ મહિલાએ તેનું અપહરણ કરવાની યોજના બનાવી હતી. આટલું જ નહીં, મહિલા તેના પ્લાનમાં સફળ પણ થઈ પરંતુ તેને લગ્નમાં સફળતા મળી શકી નહીં.

### ભારતનું સિલિકોન વેલી ગણાતા બેંગ્લોરમાં ઉનાળા પહેલા જ પાણીની કેમ અછત સર્જાઇ ?

બેંગ્લોર | ગાર્ડન સિટી અને સિલિકોન વેલીની ઓળખ ધરાવતા બેંગ્લોર શહેરમાં પાણીની અછત સર્જાઇ રહી છે. હજુ ઉનાળો શરુ નથી થયો તો પણ વેચાતા પાણીની લોકો બમણી કિંમત ચુકવી રહયા છે. શહેરના એપાર્ટમેન્ટસ અને કોમ્પ્લેક્ષ પાણીનો પુરવઠો પુરતો મળતો નથી. આથી ભર ઉનાળાના તાપ શરુ થશે ત્યારે બેંગ્લોરવાસીઓએ પાણીની તંગી ભોગવવા તૈયાર રહેવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહયું છે. ગત વર્ષ પશ્ચિમ ચોમાસુ નબળું રહેવાથી ભૂજળ સ્તર નીચા ઉતરી ગયા છે.

### સંદેશખાલીઃ TMC નેતાના ઘરમાં તોડફોડ:ક્રોધિત સ્થાનિકોએ ચપ્પલ વડે ધોલાઈ કરી

પરગણા | પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા ખાતે સંદેશખાલીમાં મહિલાઓના યૌનશોષણનો મુદ્દો ગરમાયો છે. શુક્રવારે 23 ફેબ્રુઆરીએ TMC નેતા અજિત મૈતીના ઘર પર ટોળાએ હુમલો કર્યો હતો. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા લોકોએ તેની ચપ્પલ વડે ધોલાઈ કરી હતી. આ સિવાય લોકોએ તેની બાઈક અને તેના ઘરની વાડનો ભાગ તોડી નાખ્યો હતો આરોપ છે કે અજિત મૈતી ગેરકાયદે જમીન હડપ કરવામાં સંડોવાયેલો હતો.

ગઠબંધન પર ભાજપના પ્રહારો.... પીએમ મોદીની તરફેણમાં લહેર નહિ વાવાઝોડું છેઃ બિધુરી

## ભ્રષ્ટાચાર છુપાવવા AAP કોંગ્રેસ સામે ઘૂંટણીએ પડ્યું

નવી દિલ્હી | તા.24

ભાજપે શનિવારે કોંગ્રેસ AAP ગઠબંધનની આકરી ટીકા કરતાં ભ્રષ્ટાચારીઓનું ગઠબંધન ગણાવ્યું છે. કેન્દ્રીય મંત્રી મીનાક્ષી લેખી અને દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે જે રાજ્યોમાં ગઠબંધન મહત્વનું હોય પછી તે ભલે ગુજરાત, હરિયાણા, ચંડીગઢ હોય કે ગોવા હોય કે રાજધાની દિલ્હી હોય, 2019ની લોકસભા ચૂંટણીમાં ભાજપને 50 ટકાથી વધુ વોટ મળ્યા હતા. મીનાક્ષી લેખીએ ભૂતકાળમાં કોંગ્રેસ પર AAP નેતાઓ દ્વારા લગાવવામાં આવેલ ભ્રષ્ટાચારના અનેક આરોપોને ટાંકીને કહ્યું કે, આ ભ્રષ્ટ ગઠબંધન તે લોકો વિરુદ્ધ કામ નહિ કરે જે લોકોની સેવા કરવા માટે જાણીતા છે. તો બીજી બાજુ, સચદેવાએ કહ્યું કે આ પગલું દર્શાવે છે કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીવાસીઓની સાથેનો



પોતાનો સંબંધ ગુમાવી દીધો છે. તો, મીનાક્ષી લેખીએ કહ્યું કે કેજરીવાલે 2004-14 દરમિયાન કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાની હેઠળની UPA સરકારના મોટાભાગના પ્રધાનોને ન માત્ર ભ્રષ્ટ કહ્યા, પરંતુ તેમણે રાજીવ ગાંધી પાસેથી ભારત રત્ન પરત લેવાની પણ માંગ કરી હતી. તેમણે જણાવ્યું કે પોતાના પગ પર ઊભા રહેવાની તાકાત ન ધરાવતા બંને પક્ષોએ એકબીજાને ટેકો આપવાનું નક્કી કર્યું છે.

**● દિલ્હીની તમામ 7 લોકસભા બેઠકો ભાજપ જીતશેઃ સચદેવા**

કોંગ્રેસ-AAP ગઠબંધન પર ટિપ્પણી કરતા સચદેવાએ કહ્યું કે ભાજપ ફરીથી દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો પર જીત મેળવશે. તેમણે દાવો કર્યો કે દિલ્હી વિધાનસભામાં 62 ધારાસભ્યો ધરાવતી AAP એ ગઠબંધનની આડમાં પોતાના ભ્રષ્ટાચારને છુપાવવા માટે કોંગ્રેસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે, જેની પાસે એક પણ ધારાસભ્ય નથી. કોંગ્રેસ-આપ ગઠબંધન પર ભાજપના ધારાસભ્ય રામવીર સિંહ બિધુરીએ કહ્યું, 'આ ગઠબંધનની ભાજપ પર કોઈ અસર થવાની નથી.

આરોપીએ આગોતરા જામીન અરજી પણ કરી

## હલ્દવાની હિંસાનો માસ્ટરમાઇન્ડ અબ્દુલ મલિક દિલ્હીથી ઝડપાયો

નવી દિલ્હી | તા.24

ઉત્તરાખંડના હલ્દવાની જિલ્લામાં થયેલી હિંસાનો માસ્ટરમાઈન્ડ પોલીસ પકડમાં આવ્યો છે. હલ્દવાની જિલ્લાના બાનભૂલપુરામાં 8 ફેબ્રુઆરીએ થયેલી હિંસાનો માસ્ટરમાઈન્ડ આખરે પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ઉત્તરાખંડ પોલીસના



પ્રવક્તા આઈજી નિલેશ ભરણેએ જણાવ્યું કે હિંસાના માસ્ટરમાઈન્ડ અબ્દુલ મલિકની પોલીસે દિલ્હીથી ધરપકડ કરી છે. હિંસા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો, જેના માટે પોલીસની ઘણી ટીમો કામે લાગી હતી. પોલીસે આરોપીઓ સામે લુકઆઉટ નોટિસ પણ જાહેર કરવામાં આવી હતી.

**આ કેસમાં અત્યારસુધી 78ની ધરપકડ**

હલ્દવાની હિંસા કેસમાં 'મુખ્ય કાવતરાખોર' અબ્દુલ મલિક અને તેની પત્ની સહિત છ લોકો સામે ગુરુવારે છેતરપિંડી અને ગુનાહિત ષડયંત્રનો નવો કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ સાથે આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા વધીને 78 થઈ ગઈ છે.

**આ કલમ હેઠળ નોંધાયો છે કેસ**

નૈનીતાલના વરિષ્ઠ પોલીસ અધિક્ષક પ્રહલાદ નારાયણ મીણાએ જણાવ્યું હતું કે મલિક અને તેની પત્ની સફિયા એ છ લોકોમાં સામેલ છે જે ગુનાહિત કાવતરું અને છેતરપિંડીથી મૃત વ્યક્તિના નામનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્લોટ કાપવા, બાંધકામ અને જમીન ટ્રાન્સફર કરવાના આરોપોનો સામનો કરી રહ્યા છે.

### CM યોગીના કાફલાની એન્ટી ડેમો ગાડીનો અકસ્માત



નવી દિલ્હી | તા.24

ઉત્તરપ્રદેશના ગોસાઈગંજના અર્જુનગંજમાં મોટી દુર્ઘટના બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ફ્લીટમાં સૌથી આગળ ચાલનારી એન્ટી ડેમો ગાડી પલટી ગઈ. આ દુર્ઘટનામાં 5 પોલીસ સહિત 11 લોકો ઈજાગ્રસ્ત થયા. ઈજાગ્રસ્તોને સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ દુર્ઘટના અંગે માહિતી આપતા જોઈન્ટ સીપી ઉપેન્દ્ર અગ્રવાલે જણાવ્યું કે, કુલ 11 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

## શરદ પવારે લોન્ચ કર્યુ પાર્ટીનું ચિહ્ન, કહ્યું હવેથી નવા સંઘર્ષની શરૂઆત

અમે લોકોને અમારા કામથી જવાબ આપીશું- સુપ્રિયા સુલે



નવી દિલ્હી | તા.24

એનસીપીના સ્થાપક શરદ પવારે શનિવારે તેમના સંગઠનના પ્રતીક ચૂંટણી ચિહ્ન'નું અનાવરણ કર્યું. તેમજ સરકાર દ્વારા લોકોના કલ્યાણ માટે નવો સંઘર્ષ શરૂ કરવા અને તેમના ઉત્થાન માટે કાર્ય કરવા માટે પ્રેરણારૂપ ગણાવ્યું છે. મહારાષ્ટ્રમાં સત્તારૂઢ ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે ગઠબંધન કરવા માટે અજિત પવારે પાર્ટીથી અલગ થયાના મહિનાઓ પછી, ચૂંટણી પંચે તાજેતરમાં તેમના જૂથને વાસ્તવિક NCP તરીકે માન્યતા આપી હતી અને તેને તેનું પ્રતીક 'ઘડિયાળ' ફાળવેલ. ઉપરાંત, ચૂંટણી પંચે શરદ પવારના જૂથના નામ તરીકે 'નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર'ની ફાળવણી કરી હતી.

ચૂંટણી પંચે ગુરુવારે શરદ પવારના સંગઠનના પ્રતીક તરીકે 'એક બ્યુગલ વગાડતો માણસ' ફાળવ્યું હતું. પ્રતિકનું અનાવરણ કર્યા બાદ રાયગઢ કિલ્લામાં બોલતા પવારે કહ્યું કે ટ્રમ્પેટ વધતી મોંઘવારી અને બેરોજગારીને કારણે સંઘર્ષ કરી રહેલા લોકો માટે ખુશીઓ લાવશે.

**'ચૂંટણી પ્રતીકો નવા સંઘર્ષની પ્રેરણા આપે છે'**

પવારે કહ્યું, 'લોકોની સરકાર સ્થાપિત કરવા માટે, આપણે સંઘર્ષ કરવાની જરૂર છે અને તેથી આપણે ટ્રમ્પેટ પ્રતીકને મજબૂત બનાવવું પડશે. આ એક એવી સરકાર માટે નવો સંઘર્ષ શરૂ કરવાનો સંકેત છે જે લોકોના કલ્યાણ અને તેમના ઉત્થાન માટે કામ કરે છે.' ત્યાં પ્રેરણા છે.' શરદ પવારે સામાન્ય લોકોના કલ્યાણ અને પ્રગતિ માટે કામ કરતી સરકાર લાવવા માટે તેમના પક્ષના કાર્યકરોનું સમર્થન માંગ્યું હતું.

ઉત્તરપ્રદેશમાં શ્રદ્ધાળુઓથી ભરેલી

## ટ્રેક્ટર ટ્રોલી તળાવમાં પલટી...54 ડૂબ્યાઃ 24 મૃત્યુ પામ્યા

કાસગંજ | તા.24

ઉત્તર પ્રદેશના કાસગંજમાં શનિવારે એક તળાવમાં ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં 24 લોકોના મોત થયા હતા. જેમાં 8 બાળકોનો સમાવેશ થાય છે. ટ્રોલીમાં 54 લોકો હતા. 30 ઘાયલોમાંથી 8ની હાલત ગંભીર છે અને તેમને અલીગઢ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના 22 લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ તમામ લોકો એટાના જૈથરાના રહેવાસી છે. રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થઈ ગયું છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અકસ્માત સ્પીડના કારણે થયો હતો. ડ્રાઈવરે કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડ પરથી ઉતરી તળાવમાં પડી ગયું હતું. આ લોકો માઘી પૂર્ણિમાના દિવસે કાસગંજના કાદરગંજ ઘાટ પર ગંગામાં સ્નાન કરવા જઈ રહ્યા હતા, ત્યારે રિયાવગંજ પટિયાલી રોડ પર ગધઈ ગામ પાસે આ અકસ્માત થયો હતો.

### મૃતકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો



કેબિનેટ મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરી અને રાજ્ય મંત્રી અનુપ પ્રધાન વાલ્મિકીને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવા માટે કહેવામાં આવ્યું છે. તમામ લોકો કાસગંજના કાદરગંજ ઘાટ પર માઘી પૂર્ણિમાના દિવસે ટ્રેક્ટર ટ્રોલીમાં ગંગામાં સ્નાન કરવા જઈ રહ્યા હતા, ત્યારે રિયાવગંજ પટિયાલી રોડ પર ગધઈ ગામ પાસે અકસ્માત થયો હતો. ચિચિયારીઓનો અવાજ સાંભળીને આસપાસના લોકો ત્યાં પહોંચી ગયા હતા. થોડી જ વારમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા. ડીએમએ જણાવ્યું હતું કે અકસ્માતમાં 15 લોકોનાં મોત થયાં છે, જેમાં 7 માસૂમ બાળક, જ્યારે 8 મહિલાનો સમાવેશ થાય છે.

**CM દ્વારા મૃતકોના પરિવારજનોને 2-2 લાખ રૂપિયાની સહાય**

સીએમ યોગીએ મૃતકોના પરિવારજનોને 2-2 લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ સાથે કેબિનેટ મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરી અને રાજ્ય મંત્રી અનુપ પ્રધાન વાલ્મિકીને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવા માટે કહેવામાં આવ્યું છે.

## આતંકવાદ વિરુદ્ધ NIAની મોટી કાર્યવાહી

નવી દિલ્હી | તા.24

કાશ્મીરમાં આતંકવાદને પ્રોત્સાહન આપતા ફંડિંગ નેટવર્કને તોડી પાડવાની દિશામાં NIA દ્વારા સક્રિય કામગીરી કરવામાં આવી રહી છે. NIAએ હંદવાડા નાર્કો-ટેરરિઝમ કેસમાં ચાર મિલકતો જપ્ત કરી છે અને રોકડ જપ્ત કરી છે. આ સંપત્તિઓ બે પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદીન (HM) સાથે જોડાયેલી છે.

માહિતી અનુસાર, NIA દ્વારા કુપવાડા જિલ્લાના હંદવાડા તાલુકામાં ચાર આરોપીઓની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે, જેમાં UA(P) એક્ટની કલમ 25 હેઠળ કુલ 2.27 કરોડ રૂપિયાની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.

**15 લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે**

જપ્ત કરેલી અસ્થાયી મિલકતોમાં આરોપી અફાક અહેમદ વાનીનું બે માળનું મકાન, આરોપી મુનીર અહેમદ પાંડેનું એક માળનું મકાન, સલીમ અંદ્રાબીનું ઘર અને ઈસ્લામ ઉલ હકનું બે માળનું મકાન સામેલ છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 12 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં NIAએ 15 લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

## પરિવાર સાથે દર્શન કરવા ગયેલા વેપારીના બંધ મકાનમાંથી 4.73 લાખની ચોરી

વડોદરા | વડોદરામાં મકરપુરાની ભક્તિનગર સોસાયટીમાં રહેતા જગતકુમાર ચંદ્રકાંતભાઈ પટેલ ગઈ 21મી તારીખે સાંજે ચાર વાગે તેઓ પત્ની તથા પિતા સાથે મકાન બંધ કરી સાળંગપુર ખાતે હનુમાનજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા અને 23મી તારીખે બપોરે 12:15 વાગે તેઓ પરિવાર સાથે ઘરે પરત આવ્યા હતા. તે દરમિયાન ચોર ટોળકી તેમના ઘરમાં ઘૂસીને તિજોરીના ડ્રોવર તોડી રોકડા રૂપિયા 60,000 તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા 4.73 લાખની મતા ચોરી ગઈ હતી. જે અંગે તેમણે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### છૂટાછેડા બાદ લગ્ન કરવા સ્પષ્ટ ઈન્કાર કરી અભિષેકે પૈસા પણ પરત નહીં આપી ઠગાઈ કરતા છેવટે મહિલાએ ફરિયાદ નોંધાવી

# બે સંતાનની માતાને લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધી રૂ.74 લાખ પડાવ્યા

સુરત | તા.24

સુરતના પુણા વિસ્તારમાં હાલ બે બાળકો અને માતા સાથે રહેતી 39 વર્ષની ત્યક્તાને લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધી મોડેલીંગ ઓફિસના સંચાલકે રૂ.74 લાખ પડાવ્યા બાદ લગ્ન કરવા સ્પષ્ટ ઈન્કાર કરી પૈસા પણ પરત નહીં આપી ઠગાઈ કરતા છેવટે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ હાલ સુરતના પુણા વિસ્તારમાં 11 વર્ષની દીકરી અને 10 વર્ષના દીકરા તેમજ માતા સાથે રહેતી 39 વર્ષની રેખાબેન ( નામ બદલ્યું છે ) ના પતિ વર્ષ 2009 માં સલાબતપુરા ગુજરાત રેઝીંગ ખાતે ટેક્ષટાઈલ મોડેલીગની ઓફીસ ધરાવતા અભિષેક કેડીયાને ત્યાં નોકરી કરતા હતા.બપોરે પતિને ટિફિન આપવા જતા રેખાબેનની ઓળખાણ અભિષેક સાથે થયા બાદ તેના ઘરે પણ રેખાબેન પતિ સાથે જતા હતા.દરમિયાન, વર્ષ 2016 માં ઝઘડો શરૂ




થતા રેખાબેનના પતિ અલગ રહેવા ચાલ્યા ગયા હતા.જયારે રેખાબેન બાળકો સાથે તેમના માતાપિતા સાથે રહેવા લાગ્યા હતા.આ અંગે જાણ થતા અભિષેકે રેખાબેન સાથે નજદીકી કેળવી હતી અને બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. તે અરસામાં અભિષેકે પોતાનો ધંધો શરૂ કરવા માટે ઉછીના પૈસા માંગતા રેખાબેને પોતાની માતાની જમીનના વેચાણના રોકડા રૂ.62 લાખ અને પોતાના ઘરેણા ગીરવે મૂકી રૂ.12 લાખ મળી કુલ રૂ.74 લાખ આપ્યા હતા.ત્યાર બાદ વર્ષ 2017 માં અભિષેકે રેખાબેનને પોતાની સલાબતપુરાની ઓફિસે મળવા બોલાવી તેનો પણ પત્ની સાથે ઝઘડો ચાલે છે તેમ કહી આપણે બંને આપણા પાર્ટનરને છુટાછેડા આપી લગ્ન કરી લઈએ તેવી વાત કરતા રેખાબેને તે સમયે ના પાડી હતી.જોકે, ત્યાર બાદ અભિષેકે અવારનવાર આ જ વાત કરી રેખાબેનને વિશ્વાસમાં લઈ પોતાની ઓફિસમાં, રેખાબેનના ઘરે અને પોતાના ઉધના જીવનજ્યોતની સામે શ્રીનાથ કોમ્પલેક્ષના ફ્લેટ નં.701 માં અવારનવાર શરીર સંબંધ બાંધ્યો હતો. વર્ષ 2020 માં અભિષેકના જયારે વર્ષ 2021 માં રેખાબેનના છૂટાછેડા થયા બાદ રેખાબેને અભિષેકને લગ્ન કરવા કહ્યું હતું. પણ તેણે ગલ્લાં તલ્લાં કરી સમય પસાર કરતા રેખાબેનને તેની નિયતની જાણ થઈ હતી.આથી તેમણે અભિષેક પાસે રૂ.74 લાખ પરત માંગતા તેણે ઓગષ્ટ 2023 માં રૂ.27 લાખના ચેક આપ્યા હતા.પણ તે રિટર્ન થયા હતા.ત્યાર બાદ અભિષેકે લગ્ન કરવા સ્પષ્ટ ઈન્કાર કરી પૈસા પણ પરત નહીં કરતા છેવટે રેખાબેને ગતરોજ અભિષેક પારસભાઈ કેડીયા ( ઉ.વ.44, રહે. ફ્લેટ નં.701, શ્રીનાથ કોમ્પલેક્ષ, ટોયોટા શોરૂમની સામે, ઉધના, સુરત ) વિરુદ્ધ પુણા પોલીસ મથકમાં દુષ્કર્મ અને ઠગાઈની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ટી.આર.પાટીલે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપના પૂર્વ કોર્પોરેટરને મોબાઇલ પર મારી નાંખવાની ધમકી મળી



વડોદરા | તા.24

વડોદરા,ભાજપના પૂર્વ કોર્પોરેટરને કોલ કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર આરોપીની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ન્યૂ વી.આઇ.પી. રોડ પુજા પાર્ક સોસાયટીમાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટર દાદુભાઇ વાલાભાઇ ગઠવીએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત તા.૨૦ મી એ મારા મિત્ર ડો. મહેશ પટેલની દીકરીના લગ્ન લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે હતા. હું લગ્ન પ્રસંગમાં ગયો હતો. ત્યાં હાજરી આપીને હું મારા ઘરે જવા નીકળ્યો હતો. હું નવલખી ગ્રાઉન્ડ પાસેથી પસાર થતો હતો. તે સમયે મારા મોબાઇલ પર રાતે ૯ : ૫૮ કલાકે કોલ આવ્યો હતો. કોલ કરનાર વ્યક્તિ મને ગાળો બોલવા લાગ્યો હતો. તેણે મને કહ્યું કે, તારા છોકરાને મોકલ. મેં પૂછ્યું કે તમે કોણ બોલો છો ? ત્યારે તેણે મને ગાળો બોલી કહ્યું હતું કે, કેમ તું મને ઓળખતો નથી. તારો બાપ બોલું છું. તેણે મને તથા મારા દીકરાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે, દાદુભાઇ ગઢવીને અગાઉ તેમના સમાજના એક શખ્સ સાથે ઝઘડો થયો હતો અને તે બાબતે ફરિયાદો પણ થઇ છે.

### વોર્ડ નંબર 5 માં આવી 1000 ચેમ્બરો સાફ કરી દેવાઈ

# વડોદરામાં વરસાદી પાણીનો નિકાલ સરળતાથી થઇ શકે તે માટે વરસાદી ગટરોની ચેમ્બરોની સફાઈ શરૂ

વડોદરા | તા.24

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ચોમાસા પૂર્વે ઉનાળાના પ્રારંભથી જ વરસાદી ગટરોની ચેમ્બરોની સફાઈની કામગીરી શરૂ કરી દેવામાં આવે છે. શહેરના પૂર્વ વિસ્તારમાં વોર્ડ નંબર પાંચમાં આવી 1000 ચેમ્બરો સાફ કરી દેવામાં આવી છે, આ વોર્ડમાં આશરે અઢી હજાર જેટલી ચેમ્બરો છે. શહેરના ચારેય ઝોનમાં ચેમ્બરોની સફાઈ માટેની કામગીરી સોંપી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. વરસાદી ગટરોની ચેમ્બરો સાફ કરીને તેમાં જામેલો કચરો બહાર કાઢવામાં આવે છે, જેથી કરીને વરસાદ પડે ત્યારે આ કચરાને લીધે પાણીના નિકાલ આડે કોઈ વિઘ્ન ના આવે. શહેરના પૂર્વ વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા આમ પણ બહુ રહે છે. એક તો હાઈવે બાજુથી પાણી આવે છે



અને બીજું ચેનલોની અપૂરતી સફાઈ હોવાથી પાણીનો નિકાલ નહીં થતા જળબંબાકારના પ્રશ્નો સર્જાય છે. જોકે આવું વડોદરા શહેરના તમામ વિસ્તારોમાં બનતું આવ્યું છે, અને દર વખતે ફરિયાદો ઉઠે છે કે કોર્પોરેશનના દાવા મુજબ વરસાદી ગટરોની ચેમ્બરોની સફાઈ બરાબર કરવામાં આવી નથી. તંત્ર દ્વારા ચેમ્બરોની સફાઈ કરીને બહાર કચરો કાઢ્યા બાદ તાત્કાલિક ઉઠાવી લેવો જોઈએ, તે ઉઠાવતો નથી અને કચરો સુકાઈને ફરી પાછો ચેમ્બરોમાં જતો રહે છે. જેથી સફાઈ ઉપર પાણી ફરી વળી જાય છે. વરસાદી ગટરો સાથે ડ્રેનેજના જોડાણ પણ કરેલા હોવાથી તેનું પાણી પણ વરસાદી ગટર ભરેલું હોવાથી મલબો-કાદવ કીચડ ખૂબ જામેલો રહે છે અને વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકતો નથી. કોર્પોરેશનનું તંત્ર વરસાદી ગટરોની સફાઈ પર પૂરતું ધ્યાન આપે તો જળબંબાકારના પ્રશ્નો સર્જાવાની સમસ્યા માંથી મુક્તિ મળી શકે.

# વિદેશ મોકલવાના નામે અનેક લોકો સાથે ઠગાઇ કરનાર ઇમિગ્રેશન કન્સલટન્ટ સુરતથી પકડાયો

વડોદરા | તા.24

વિદેશ મોકલવાના નામે ઠગાઇ કરનાર વાસણા રોડ વિસ્તારના ઈમિગ્રેશન કન્સલટન્ટને ક્રાઇમ બ્રાન્ચ લેડી પીઆઈની ટીમે સુરત ખાતેથી ઝડપી પાડયો છે. પ્રતાપનગરરોડ પર કૈલાસ ભવનમાં રહેતા ગૌરવ પંચાલે જૂન-૨૦૨૨માં વિદેશમાં વર્ક પરમિટની જાહેરાત જોઇને વાસણારોડના ક્લાસિક કોમ્પ્લેક્સ ખાતે ક્રિપા ઓવરસીઝ નામની ઓફિસ ચલાવતા ભાવેશ ચૌહાણનો સંપર્ક કર્યો હતો.પોલેન્ડ મોકલવાના નામે ભાવેશે તેની પાસે રૂ.૨.૫૦ લાખ માંગ્યા હતા. જે પૈકી યુવકે રૂ.૧ લાખ ચૂકવ્યા હતા.પરંતુ ત્યારબાદ ભાવેશે તેને વારંવાર વાયદા કર્યા હતા અને રૂપિયા માંગતા ભવિષ્ય બગાડવાની ધમકી આપતાં યુવકે ફરિયાદ કરી હતી. પોલીસની તપાસ દરમિયાન ભાવેશ ચૌહાણે તાંદલજાના વકાર પટેલ પાસે પણ રૂ.૧ લાખ અને ડભોઇરોડ વિસ્તારરના નિખિલ રાજપુત પાસે રૂ.૧.૨૫ લાખ તેમજ બીજા પણ ૧૫ જેટલા લોકો પાસેથી કુલ રૂ.૬ લાખ ઉપરાંતની રકમ પડાવી



હોવાની વિગતો ખૂલી હતી.જેથી આ ગુનાની તપાસ જે પી રોડ પોલીસ પાસેથી પરત લઇ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી. ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ હેતલ તુવર અને ટીમે ભાવેશ પર વોચ રાખતાં તે સુરતના રાંદેર વિસ્તારમાં હોવાની વિગતો મળી હતી. જેથી પોલીસે સુરતમાં વોચ રાખી તેને સ્કોડા કારમાં જતી વખતે ઝડપી પાડયો હતો.વિવિધ શહેરોમાં ઓફિસ ધરાવતો ભાવેશ અરવિંદ ભાઇ ચૌહાણ(વ્રજ રેસિડેન્સી,ગોત્રી-સમતા રોડ,વડોદરા મૂળ રહે. રાંદેર,સુરત) અગાઉ વડોદરા,ભરૂચ,ગોધરા અને દાહોદ ખાતે પાંચ ગુનામાં પકડાયો હતો.જ્યારે, વડોદરા અને અમદાવાદના બીજા છ ગુનામાં હજી વોન્ટેડ છે.

# અમદાવાદના કોર્પોરેટર પુત્રએ ગન મુકી 25 લાખ વસૂલવા સુરતના ઇવેન્ટ મેનેજરનું અપહરણ કર્યું

વડોદરા | તા.24

સુરતમાં ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતા એક યુવક,તેના મિત્ર અને કારના ડ્રાઈવરનું રૂ.૨૫ લાખની ઉઘરાણી માટે વડોદરા હાઈવે પર અપહરણ કરીને હોટલના રૂમમાં ગોંધી રાખવામાં આવ્યો હોવાની ફરિયાદ હરણી પોલીસ સ્ટેશને નોંધાતા પોલીસે અમદાવાદના તીરમજી તોસિફઆલમ,સોહેલ પઠાણ અને બીજા આઠ જણા સામે ગુનો નોંધ્યો છે.આ પૈકી તીરમજી નામનો આરોપી અમદાવાદના કોંગી કોર્પોરેટરનો પુત્ર હોવાની પોલીસને માહિતી મળી છે. સુરતમાં સૈયદપુરા ખાતે સોરઠિયા સોસાયટી ખાતે રહેતા અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતા જય મુકેશભાઈ ગલચરે પોલીસને કહ્યું છે કે,ગઈ તા.૨૫મી જાન્યુઆરીએ હું મારા મિત્ર રોહિત વિરાશ અને ડ્રાઈવર રજનીજ ચાવડા સાથે મારી ઓડી કારમાં દિલ્હીથી સુરત પરત ફરી રહ્યો હતો ત્યારે અમદાવાદમાં રહેતા મારા પાર્ટનર ઓવેશ કુરેશીના કહેવાથી અમદાવાદ ગયો હતો.જ્યાં ઓવેશે મારી મુલાકાત તીરમજી તોસિફઆલમ સાથે કરાવી હતી. હું સુરત પરત ફરતો હતો ત્યારે વડોદરાની ગોલ્ડન ચોકડી પાસે રાતે ૧૧.૩૦ વાગે ચા પીવા ઉભા હતા ત્યારે સ્વિફ્ટ કારમાં ચાર જણા આવ્યા હતા અને હમારે તીરમજીભાઈ આ રહે હૈ,ઉનકે પેસે આપને ખાયે હૈ,હમ મર્ડર કે આરોપી હૈ..તેમ કહી અમને કારમાં જબરદસ્તી બેસાડી રાખ્યા હતા. થોડીવારમાં કાળી વર્ના કારમાં તીરમજી અને અન્ય શખ્સ આવ્યા હતા.તીરમજીએ મને કહ્યું હતુ કે તારો પાર્ટનર મારા રૂ.૨૫લાખ નહિં આપે ત્યાં સુધી તારે સાથે રહેવું પડશે. જયે કહ્યું છે કે,ત્યારબાદ મને બનીયન પેરેડાઈઝ રિસોર્ટ માં લઈ ગયા હતા.જ્યાં પાર્કિંગની જગ્યાએ અમારે બોલાચાલી થઈ હતી.એક થાર કાર પણ આવી હતી અને તેમાં રોહિતને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ બૂમો પાડતાં સિક્યોરિટી જવાનો આવ્યા હતા.જેથી અમને એક રૂમમાં રાખી બીજા રૂમમાં તીરમજીના માણસો રોકાયા હતા. તીરમજી મને માથે ગન જેવું મૂકીને જાતિ વિષયક અપમાનજનક ઉચ્ચારણ કરી ધમકી આપીને ચાલ્યો ગયો હતો. ઉપરોક્ત બનાવ બાદ રિસોર્ટના સ્ટાફને શંકા જતાં મંજુસર પોલીસ આવી હતી.અમને પાંચેક કિમી સુધી પોલીસ છોડીને આવી હતી.મેં ફરિયાદ કરવાનો ઈનકાર કર્યો હતો.પરંતુ ત્યારબાદ મારી માતાના કહેવાથી ફરિયાદ કરી છે.જેથી હરણી પોલીસે અપહરણ અને ગેરકાયદે ગોંધી રાખવા બદલ ગુનો નોંધ્યો છે. સુરતના યુવકનું અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ અંગે શંકા ઉપજાવે તેવી કેટલીક બાબતો પોલીસના ધ્યાને આવતાં પોલીસે તે દિશામાં પુરાવા એકત્રિત કરવા તજવીજ કરી છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ,કોર્પોરેટરના પુત્ર તીરમજીની પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે સુરતના યુવકને રૂ.૨૧ લાખ આંગડિયા મારફતે મોકલ્યા હોવાનો પુરાવો રજૂ કર્યો હતો.

## સુશેન સર્કલથી વડસર બ્રિજ તરફ જવાનો રસ્તો તમામ વાહનો માટે બંધ




વડોદરા | વડસર રેલવે ઓવર બ્રિજના રિપેરીંગ કામને લઈને સુશેન સર્કલથી જ્યુપિટર ચોકડી થઈ ટુ, થ્રી અને ફોર વ્હીલર માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. વડસર રેલેવે બ્રિજ પર રિસર્ફેસિંગની કામગીરી કરવામાં આવનાર છે. જેના કારણે તા. ૨૫ મી ફેબુરઆરીથી તા. ૧૬ મી માર્ચ સુધી સુશેન સર્કલથી વડસર રેલવે ઓવર બ્રિજ ઉપર થઈ ખિસકોલી સર્કલ જતા તેમજ ખિસકોલી સર્કલથી સુશેન સર્કલ જતો ફોર વ્હીલર, થ્રી વ્હીલર તેમજ ટુ વ્હીલર વાહનો માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. વાહન ચાલકો સુશેન સર્કલથી જ્યુપિટર ચાર રસ્તા, અલવા નાકા ત્રણ રસ્તા, જી.આઇ.ડી.સી. પાણીની ટાંકી ત્રણ રસ્તા, વડસર બ્રિજ ત્રણ રસ્તા નવીન કટથી જમણી બાજુ રોંગ સાઇડથી વડસર બ્રિજ ઉપર થઈ વડસર બ્રિજ ભારત પેટ્રોલપંપથી સીધા ખિસકોલી સર્કલ જઇ શકાશે. જ્યારે ખિસકોલી સર્કલથી વડસર બ્રિજ ભારત પેટ્રોલપંપ કટથી જમણી બાજુ થઇ રોંગ સાઇડથી વડસર રેલવે ઓવર બ્રિજ પર થઇ જ્યુપિટર ચાર રસ્તા થઇ સુશેન સર્કલ જઇ શકાશે.

### બાથાણીના રિમાન્ડ પૂરા થતા પોલીસે તેને કોર્ટમાં રજૂ કરશે

# બોટ દુર્ઘટના કાંડમાં પકડાયેલા આરોપી ધર્મિન બાથાણીના વધુ ચાર દિવસના રિમાન્ડ

વડોદરા | તા.24

હરણી લેકઝોનમાં સર્જાયેલી બોટ દુર્ઘટનામાં ૧૪ના મોત માટે જવાબદાર કોટિયા પ્રોજેક્ટ અને ડોલ્ફિન એન્ટરટેઇન્મેન્ટના ભાગીદારોની ધરપકડ થઇ હતી. આ કેસમાં પકડાયેલા આરોપી ધર્મિના બાથાણીના રિમાન્ડ પૂરા થતા પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડ માંગતા કોર્ટે આરોપીના વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હરણી લેકઝોનમાં બોટિંગ સહિતની એક્ટિવિટી માટે કોટિયા પ્રોજેક્ટને કોન્ટ્રાક્ટ મળ્યો હતો. કોટિયા પ્રોજેક્ટના ભાગીદારોએ કોન્ટ્રાક્ટની શરતોનો ભંગ કરીને બારોબાર નિલેશ જૈનની ડોલ્ફિન એન્ટરટેઇન્મેન્ટ સાથે કોન્ટ્રાક્ટ કરી લીધો હતો. આ કરારમાં પરેશ શાહના પુત્ર વત્સલ શાહની સાથે ધર્મિન ધિરજભાઇ બાથાણી (રહે. અમી સોસાયટી, સનસાઇન હોસ્પિટલની સામે,માંજલપુર) ની પણ સહી હતી. પોલીસે ધર્મિનની ગત તા.૧૭ મી એ



ધરપકડ કરી કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા હતા. આજે તેના રિમાન્ડ પૂરા થતા પોલીસે કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડની માંગણી કરી હતી. સરકારી વકીલ અનિલ દેસાઇએ રજૂઆત કરી હતી કે, આરોપી નિવેદનો વારંવાર બદલી પોલીસ તપાસને ગેરમાર્ગે દોરી રહ્યો છે. મોબાઇલ ફોન થાઇલેન્ડ મૂકી આવ્યો હોવાનું આરોપી જણાવતો હતો. પરંતુ, તેના બનેવીએ ૨૨ મી તારીખે મોબાઇલ ફોન રજૂ કર્યો હતો. મોબાઇલ તેના બનેવી પાસે ક્યાંથી આવ્યો ? તથા ફોનના ડેટા બાબતે આરોપીને સાથે રાખીને તપાસ કરવાની છે. આરોપીએ થાઇલેન્ડથી પરત આવવા માટે તા. ૨૮ મી જાન્યુઆરીની ટિકિટ બુક કરાવી હતી. પરંતુ, તે ૨૮ મી તારીખે પરત આવ્યો નહતો. તે અંગે તપાસ કરવાની છે. આરોપીને ભાગવા માટે કોણે મદદ કરી હતી ? તે અંગે હજી તપાસ બાકી છે. કંપનીના વહીવટો બાબતે હજી જણાવતો નથી. કોર્ટે આરોપીના આગામી મંગળવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### કુટુંબની જવાબદારી હોવાથી પૈસા માટે સબંધીને મિત્રો સાથે મળી જ નિશાન બનાવ્યાની કબૂલાત

# સોની બંધુઓને બંધક બનાવી 82 લાખની લૂંટ કરનાર ત્રણ પકડાયા

જૂનાગઢ | તા.24

મેંદરડા તાલુકાના રાજેસરમાં ગત તા.૧ના સોની બંધુઓને બંધક બનાવી ૮૧.૭૦ લાખના મુદામાલની લૂંટ થઈ હતી. સોની બંધુઓના જાણીતો શખ્સ અને તેના બે મિત્રો ગણોદની સીમમાં આવેલા એક મંદિર નજીક છુપાયા હોવાની બાતમીના આધારે એલસીબીએ ત્રણેય શખ્સોને પકડી લઈ તેઓએ લૂંટ કરેલા સામાનને ગિરનાર જંગલમાં સંતાડયો હોવાથી ત્યાંથી કબ્જે કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. મેંદરડા તાલુકાના રાજેસર ગામમાં રહેતા સોની વેપારી જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ વ્રજલાલભાઈ લોઢીયા તથા તેમના ભાઈ તુલસીદાસ ગત તા.૧ ફેબુરઆરીના રાત્રે ઘરે હતા ત્યારે તેનો જાણીતો દિપક અશોક જોગીયા તેમજ તેની સાથે બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. થોડીવાર વાતો કર્યા બાદ જીતુભાઈએ તેમને ચા પીવડાવી હતી.



જીતુભાઈ પાણી પીવા રસોડામાં જતા જ દિપક જોગીયા તથા તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ જીતુભાઈ અને તેના ભાઈ તુલસીદાસને માર મારી ટુવાલના કટકા કરી તેના વડે બાંધી તીજોરીમાંથી સોનાના આઠ બિસ્કીટ, ૨૧ કિલો ચાંદી, ૯ લાખ રૂપીયા રોકડા મળી કુલ ૮૧.૭૦ લાખની મતા લૂંટી નાસી ગયા હતા. પોલીસે એફએસએલ તથા ડોગ સ્કવોડની મદદથી તપાસ શરૂ કરી હતી પરંતુ તેમાં કોઈ સફળતા મળી ન હતી. આ દરમ્યાન મુખ્ય આરોપી દિપક અશોક જોગીયા અને લૂંટમાં તેની સાથે સામેલ દિલીપ ઉર્ફે કોઢીયો કોળી અને વિમલ બારોટ ઉપલેટા તાલુકાના ગણોદ ગામ નજીક ભાદર નદીના કાંઠે બનેલા મંદિર નજીક છુપાયા હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી પીઆઈ જે.જે. પટેલ સહિતના સ્ટાફે આ સ્થળે જઈ જૂનાગઢના ગોધાવાવની પાટી પાસે, રાજભૂમિ-એ એપાર્ટમેન્ટના બ્લોક નં-૩માં રહેતા દિપક અશોક જોગીયા(ઉ.વ.૨૯), મુળ ગણોદના અને હાલ ગણેશનગરમાં રહેતા દિલીપ ઉર્ફે કોઢીયો રણછોડ વાઘેલા(ઉ.વ.૩૫) અને વિમલ બટુક રેણુકા(ઉ.વ.૨૯)ને બાઈક સાથે રાઉન્ડઅપ કરી એલસીબી ખાતે લાવી પુછપરછ કરી હતી. પહેલા તો આ ત્રણેયે ગોળગોળ જવાબ આપ્યા હતા બાદમાં ભાંગી પડયા હતા. પોલીસની પુછપરછમાં ત્રણેય શખ્સોએ કામધંધો ચાલતો ન હોવાથી દેવું થઈ ગયું હતું તેમજ કુટુંબની જવાબદારી સંભાળવા પૈસાની જરૂરીયાત હતી. દિપક જોગીયા સોનીની દુકાનમાં કામ કરતો હોવાથી રાજેસરના જીતુભાઈ તથા તેના ભાઈ તુલસીભાઈને જાણતો હતો. તેની પાસે સોના-ચાંદીનો માલ હોવાની પણ તેને ખબર હતી. બંને ભાઈ એકલા રહેતા હોવાથી તે દિવસે જ લૂંટનો પ્લાન ઘડી આ ઘટનાને અંજામ આપ્યો હતો. આ શખ્સોએ આઠ સોનાના બિસ્કીટ, ૨૧ કિલો ચાંદી તથા ૯ લાખ રૂપીયા રોકડા ગિરનાર જંગલમાં છુપાવ્યા હોવાનું જણાવતા એલસીબીએ દિપકને સાથે રાખી ગણેશનગરની બાજુમાં આવેલા જંગલમાં જઈ ૮૦.૨૩ લાખની મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ત્રણેય શખ્સની અટકાયત કરી મેંદરડા પોલીસના હવાલે કર્યા હતા. દિપક જોગીયા અને તેના બંને મિત્રોએ લૂંટનો પ્લાન ઘડી તે દિવસે વિરપુર ગયા હતા.

### માસુમ પુત્રીએ માંગી અભયમની મદદ

# હેલ્લો પોલીસ..મારી મમ્મી બીજા લગ્ન કરી રહી છે તેને સમજાવો

વડોદરા | તા.24

વડોદરા નજીકના એક નગરમાં અપરણિત યુવકના પ્રેમમાં પડી તેની સાથે લગ્ન કરવા માંગતી માતાને રોકવા માટે માસુમ પુત્રીએ અભયમની મદદ લીધી હતી. વાઘોડિયા ખાતે રહેતી પુષ્પા નામની આધેડ વયની મહિલા (નામ અને વિસ્તાર બદલ્યા છે) બે સંતાનો સાથે સુખી દાંપત્યજીવન વિતાવી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સોસાયટીમાં રહેતા 24 વર્ષીય એક અપરણિત યુવકના પ્રેમમાં પડી હતી. બંને વચ્ચેના સંબંધોની જાણ



પરિવારજનોને થતા સગા સંબંધીઓએ મહિલાને સમજાવી હતી. પરંતુ તે પ્રેમી યુવક સાથે લગ્ન કરવા મક્કમ હતી. જેથી બંને બાળકો ના અભ્યાસ ઉપર પણ અસર પડી હતી. મહિલાએ પતિ અને બાળકોને છોડી પ્રેમી સાથે જવાનો નિર્ણય લેતા માસુમ પુત્રીએ અભયમને કોલ કરી મમ્મીને બીજા લગ્ન કરતા રોકવા માટે મદદ માંગી હતી. અભયમની ટીમે પોલીસની સાથે આવી મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું. અનૈતિક સંબંધોનું આયુષ્ય લાંબુ હોતું નથી સમાજમાં પણ તેની કોઈ કિંમત હોતી નથી અને બાળકોનું ભવિષ્ય પણ બગડશે તેમ કહી મહિલાને સમજાવતા તેણે પ્રેમીને છોડી પોતાના પરિવાર સાથે રહેવાનું અને બાળકોનું ભવિષ્ય બનાવવાનું નક્કી કર્યું હતું.

### મીઠાના અગરના દબાણ હટાવવાનું આંદોલન યથાવત

# ઘુડખર રક્ષીત અભયારણ્યમાં મીઠાના ઉંચા પાળાના કારણે ઘુડખરોના મૃત્યુ

ભુજ | પુર્વ કચ્છના નાના રણમાં મીઠાના અગરોના દબાણો દુર કરવા માટેનું અનશન આંદોલન ચાલી રહ્યું છે. જે આજે ૧૨માં દિવસે પણ યાથાવત રહ્યું છે. તેમ છતાં તંત્રના પેટનું પાણી હલ્યું નાથી. વિશ્વમાં એકમાત્ર કચ્છનું નાનું રણ એવું છે જ્યાં દુનિયાભરના યાયાવર પક્ષીઓ આવતા હોય છે. ત્યારે સરકારે આ વિસ્તારને ઘુડખર રક્ષીત અભ્યારણ્યને માત્ર જાહેર કર્યું હોય તેવું લાગી રહ્યું છે.એક બાજુ સરકાર દ્વારા ઘુડખર પ્રાણીઓના જતન માટે કચ્છના નાના રણમાં રક્ષીત અભ્યારણ્ય જાહેર કરવામાં આવ્યું છે.જે પર્યાવરણના જતન માટે સારી વાત કહી શકાય તેમ છે. ત્યારે આ વિસ્તારમાં પેઢીઓ થી સરકારના સંબંધીત તંત્રની મંજુરી લઈ મીઠું પકવતા અગરીયાઓને અટકાવવામાં આવ્યા હતા. અને બીજીબાજુ આ જ રક્ષીત અભ્યારણ્યમાં મીઠાના કારખાનાઓ તોતિંગ વાહનો અને મશીનો સાથે ધમાધમી રહ્યા છે તેમની સામે કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવી નાથી. તંત્રનો બેવડો વલણ અનેક સવાલો ઉભા કરે છે.

મીઠાના ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ બંધ કરવામાં આવે અને ઘુડખર રક્ષીત અભ્યારણ્યમાં હજારો એકર ગેરકાયદેસર જમીનો પર થયેલા દબાણો દુર કરવામાં આવે તે માટે રામવાવના શીવુભા જાડેજા આંદોલન પર ઉતર્યા છે. જે આંદોલન આજે ૧૨માં દિવસે પ્રવેશ્યું છે પરંતુ પ્રશાસનના પેટનું પાણી પણ હલ્યું નાથી. ત્યારે રેવેન્યુ વિભાગ દ્વારા કહેવાયું કે આ અમારી હદમાં આવતું નાથી. જ્યારે વન વિભાગ દ્વારા જીપીએસ થી ચકાસણી કરવામાં આવશે તેવી વાત દોહરાવી હતી. અને આંદોલન પર ઉતરેલા સમાર્થકોને અન્ય જગ્યાએ આંદોલન કરવા જણાવાયું હતું.આ તમામ ઘટનાક્રમ વચ્ચે આજે ઘુડખર રક્ષીત અભ્યારણ્યમાં જ ઘુડખરની મૃત્યુ પામ્યા છે. સૃથાનિકોના જણાવ્યા પ્રમાણે મીઠાના ગેરકાયદેસર ખનન કરતા તત્વો દ્વારા મીઠું પકવવા માટે ઉંચા ઉંચા પાળા બનાવવામાં આવ્યા છે. જેના કારણે રક્ષીત અભ્યારણ્યમાં જ ઘુડખરને પિવા માટે પાણી મળતું ન હોવાના કારણે તરસ થી મૃત્યુને ભેટયા છે.

### માલધારી સોસાયટીમાં ડ્રગ્સ ઈન્સ્પેક્ટરને સાથે રાખી એસઓજી ત્રાટકી

# ભાવનગરમાં કફ સિરપકાંડ : આઈ મેડીકલ એજન્સીને સીલ મારી દેવાયા

ભાવનગર | ભાવનગરમાં ફરી સિરપકાંડ બહાર આવ્યું છે. શહેરના માલધારી સોસાયટી વિસ્તારમાં આઈ મેડીકલ એજન્સી ચલાવતો શખ્સ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શાન વિના નશાના હેતુથી કફ સિરપ વેચતો હોવાની ચોક્કસ હકીકતના આધારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ડ્રગ્સ ઈન્સ્પેક્ટરની સંયુક્ત ટીમે તલાશી લેતા કફ સિરપની ૫૭૯ બોટલ મળી આવતા એજન્સીને સીલ મારી દેવામાં આવ્યા હતા.

શહેરના ભરતનગર, માલધારી સોસાયટીમાં આવેલી આઈ મેડીકલ એજન્સી હોલસેલર ડીલર દિલીપ બાબુભાઈ ધોલેતર નામનો શખ્સ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શાન વિના કફ સિરપ (codeine phosphate)ની બોટલોનું નશાના હેતુ માટે ગેરકાયદે રીતે વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર એસઓજીની ટીમે ખોરાક અને ઔષધ નિરીક્ષક કચેરી-ભાવનગરના અધિકારી જી.એન. ઠુમ્મરને સાથે રાખી તપાસ કરતા ૫૭૯ બોટલ મળી આવી હતી અને એજન્સી સંચાલક શખ્સ નશાકારક કોડેઈનવાળી કફ સિરપની ૧૦૦ એમ.એલ.ની એક બોટલનું રૂા.૧૫૦માં ગ્રાહકોને વેચાણ કરતો હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દ્વારા આઈ મેડીકલ એજન્સીને સીલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

જ્યારે બનાવ અંગે એસઓજીએ સ્થાનિક ભરતનગર પોલીસ મથકમાં નોંધ કરાવી હતી. આ અંગે ભાવનગર જિલ્લા પોલીસ વડા ડો.હર્ષદ પટેલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, શખ્સે આ કફ સિરપનો જથ્થો કઈ જગ્યાએથી મેળવ્યો છે ? અન્ય



કોઈ જગ્યાએ જથ્થો રાખ્યો છે કે કેમ તે દિશામાં તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અગાઉ ઘણાં સમય પહેલા રાજ્યમાં આ પ્રકારની ઘટનાઓ સામે આવી હતી. જેમાં નશાકારક કોડે ઈન ફોસ્ફેટ ધરાવતી કફ સીરપની બોટલનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં અગાઉ રાજકોટ, પોરબંદરથી લઈ ભાવનગરમાં પણ આ પ્રકારનો જથ્થો ઝડપાયો હતો. SOG એ બોલાવેલી તવાઈ ના મામલે નશાકારક સીરપ વહેંચતા અનેક દુકાનધારકો તેમજ આયુર્વેદિક સ્ટોર ના માલિકો માં જોવા મળ્યો ફફડાટ જોવા મળી રહ્યો છે.

### ભાવનગરની 3 અને રાજકોટની 1 ચોરીનો ભેદ ઉકેલાયો

# ભાવનગરમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર | શહેરની ભરતનગર ચોકડી પાસે સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિતનો મુદ્દામાલ લઈને ઉભેલા રીઢા ચોરને એલસીબીની ટીમે ઝડપી પાડી ભાવનગર અને રાજકોટમાં થયેલી ચાર ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. આ રીઢો તસ્કરે તપેલી નામના તેના સાથીદાર સાથે પણ ચોરી કર્યાની અને ચોરીના દાગીના વેંચવા આપતો કબૂલાતના આધારે કુંભારવાડાના શખ્સની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઘોઘારોડ, ૧૪ નાળા, રામજી મંદિર પાસે, મફતનગર વિસ્તારમાં રહેતો રીઢો ચોર સોહિલ ઉર્ફે નન્નો હનિફભાઈ કળદોરિયા નામનો શખ્સ ગઈકાલે ગુરૂવારે એક થેલીમાં ચોરી કરેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ લઈને ભરતનગર ચોકડીના શિવાજી સર્કલ તરફ જવાના ખુણે ઉભો હોવાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દોડી જઈ સોહિલ ઉર્ફે નન્નો કળદોરિયાની અટકાયત કરી સોના-ચાંદીના દાગીના, રોકડ, ઈમિટેશન જવેલરી, મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે લઈ આગવીઢબે પૂછતાછ કરતા ૧૪ દિવસ પૂર્વે ભરતનગરમાં આવેલી જીએમડીસી કોલોની પાસેના મકાનમાંથી સોના-ચાંદીના ઘરેણાં, રોકડ રૂા.૧૫,૦૦૦, ઈમિટેશન જવેલરીની ચોરી કરી તેના મિત્ર આદિલ ઉર્ફે તપેલી (રહે, કુંભારવાડા)ને વેચવા માટે આપ્યા હોવાનું અને મળી આવેલો મોબાઈલ ફોન ૧૫-૧૭ દિવસ પહેલા ગાયત્રીનગરમાં ચોરી કર્યાનું જણાવ્યું હતું. વધુમાં સુભાષનગર સ્થિત વર્ષા સોસાયટીમાંથી ચોરી કરેલા સોના-ચાંદીના દાગીના પણ આદિલ ઉર્ફે તપેલીને વેચવા આપ્યા હતા. જ્યારે રાજકોટના રેલનગર વિસ્તારમાંથી સોહિલ ઉર્ફે નન્નો અને આદિલ ઉર્ફે તપેલીએ સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી આ મુદ્દામાલ આદિલ પાસે હોવાનું તેમજ બે માસ પૂર્વે અકવાડા સ્થિત અખડાનંદ સોસાયટીમાં આવેલા બંધ મકાનમાંથી ૭૦ હજાર રોકડાની ચોરી કર્યાની કબૂલાત આપતા ભાવનગર શહેરના ભરતનગરના બે, ઘોઘારોડ અને રાજકોટના પ્રદ્યુમનનગરના એક-એક ચાર ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયા હતા.

### યુવકને ફિંગર પ્રિન્ટ લેવા પોલીસ લઈ ગઈ હતી

# સિહોર પોલીસ સ્ટેશનના બીજા માળેથી યુવકની મોતની છલાંગ

સિહોર સિહોર પોલીસ મથકની બિલ્ડીંગના બીજા માળેથી દારૂના કેસમાં પકડાયેલા યુવકે મોતની છલાંગ મારી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલો યુવાન નીચે પટકાતા કપાળના ભાગે જીવલેણ ઈજા થતાં તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં પાલિતાણા ડિવાયએસપી, એલસીબી, એલઆઈબીની ટીમ સિહોર દોડી આવી હતી. જ્યારે મૃતદેહને પેનલ પીએમ માટે ભાવનગરની સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.મળતી વિગત અનુસાર સિહોર શહેરના ધુમડશા વિસ્તાર, નવા ભીલવાડા વિસ્તારમાં રહેતા વિપુલભાઈ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૩૫) નામના યુવાનને ગઈકાલે તા.૨૨-૨ને ગુરૂવારે સાંજના સમયે સિહોર પોલીસના સ્ટાફે તેના ઘર પાસેથી કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી લઈ પ્રોહિ. એક્ટની કલમ ૬૬ (૧) (બી) મુજબ ગુનો દાખલ કરી લોકઅપમાં પુરી દીધો હતો. દરમિયાનમાં આજે શુક્રવારે સવારે ૯-૧૫ કલાકે યુવક વિપુલભાઈ ચૌહાણને લોકઅપમાંથી બહાર કાઢી મેડીકલ તપાસી કરાવી ફોટો અને ફિંગર પ્રિન્ટ લેવા માટે પોલીસ મથકના ઉપરના માળે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સવારે ૧૦-૨૦ કલાકના અરસામાં વિપુલભાઈ ચૌહાણે ઈન્વે. રૂમની સ્લાઈડર બારીમાંથી કૂદી પડતું મુકી દેતા તેને કપાળના ભાગે ગંભીર ઈજા થતાં સિહોર પોલીસ મથકના કમ્પાઉન્ડમાં જ તેનું મૃત્યુ થયું હતું.

દારૂના કેસમાં પોલીસ કસ્ટડીમાં રહેલા યુવાનનું મૃત્યુ થતાં પાલિતાણા ડિવાયએસપી, ભાવનગર એલસીબી, એલઆઈબી સહિત પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. જ્યારે મૃતકના પરિવારજનો પણ હોસ્પિટલ પહોંચ્યા બાદ મૃતદેહને પેનલ પોસ્ટ માર્ટમ માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સિહોર પોલીસના એએસઆઈ જનકસિંહ વેસુભા ઝાલાએ મૃતક યુવક વિપુલભાઈ ચૌહાણ આઈપીસી ૨૨૪ મુજબ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તપાસના કામે યુવકના ફોટા અને ફિંગર પ્રિન્ટ લેવા માટે તેને લોકઅપમાંથી બહાર કાઢી ઉપરના માળે લઈ જવાયો હતો. જ્યાં ફોટો અને ફિંગર લેવા વાળા મહિલા પો.કો. આરતીબા ગોહિલ હાજર ન હોવાથી યુવકને તેમણે તેમના ટેબલ પાસે બેસાડયો હતો. ત્યારે સવારે ૧૦-૨૦ કલાકે વિપુલભાઈ ચૌહાણ નાસી જવાના ઈરાદે સ્લાઈડર બારી ખુલ્લી હોય ત્યાંથી કૂદી ગયા હતા. જેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવક ઉંધા માથે નીચે પટકાતા તેને કપાળના ભાગે લોહી નીકળતું હોય રિક્ષામાં બેસાડી સરકારી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. અહીં ફરજપરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. આમ, મૃતક વિપુલભાઈ સામે પ્રોહિ. એક્ટ મુજબ તોહમત મુકેલ હોય અને પોલીસ કસ્ટડીમાં હતા. ત્યારે ઈન્વે.રૂમની બારીમાંથી કૂદી જતાં નીચે પટકાતા મૃત્યુ પામેલ હોય તેની સામે આઈપીસી ૨૨૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ગાંધીધામમાં માસુમ બાળકના હત્યારાને આજીવન કેદની સજા

ગાંધીધામ : ગાંધીધામમાં એક મકાનમાં સાથે રહેતા બે મિત્રોની પત્ની વચ્ચે મતભેદ થતા મિત્ર તેની પત્ની અને ૨ વર્ષનાં બાળકને લઈ અલગ મકાનમાં રહેવા જતો રહ્યો. જેથી ઘરનાં ખર્ચમાં થતી બચત બંધ થઈ જતા બદલો લેવાની ભાવનાંથી આરોપીએ બે વર્ષનાં માસુમ બાળકની બેરહમીથી હત્યાં કરી નાખી હતી. જેમાં પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. બાળકનાં હત્યાનાં ગુનામાં ગાંધીધામ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા કરી ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ગાંધીધામ કોર્ટે ૧૧૮ દિવસમાં દસ્તાવેજી અને મૌખિક પુરાવાને અનુંલક્ષી હત્યાંનાં ગુનાની ગંભીરતાને જોઈ કચ્છ ઈતિહાસનો સૌથી ઝડપી ચુકાદો આપ્યો હતો. મિત્ર અલગ રહેવા જતાં આરોપી રૂદલને મકાન ભાડા અને કરિયાણાના ખર્ચ પેટે દર મહિને થતી અઢી હજારની બચત બંધ થઈ ગઈ હતી. ઉશ્કેરાઈને તેણે બદલાની ભાવનાથી મરણ જનાર અમનનું અપહરણ કરીને કાસેઝના લાલ ગેટ નજીક ઝાડીઓમાં લઈ જઈ બાળકને માથાનાં ભાગે પથ્થર પર બેરહેમીથી પછાડી તાથા માથામાં નિર્દયતાપૂર્વક પથ્થરના ઘા મારીને હત્યા કરી નાખી હતી. જેમાં પોલીસે હત્યાંનાં આરોપીને ગણતરીનાં કલાકોમાં ઝડપી પાડયો હતો. જેમાં બનાવની ગંભીરતાને જોઈ પોલીસે ફક્ત એક જ અઠવાડિયાની અંદર તમામ તપાસ પૂર્ણ કરી પૂરાવાઓ સાથે ૫૫૦ પાનાં લાંબી ચાર્જશીટ દાખલ કરી હતી. બે વર્ષનાં માસુમ બાળકની હત્યાંનો કેસ ગાંધીધામનાં બીજા અધિક સેશન્સ જજ બસન્તકુમાર જી. ગોલાણીની કોર્ટમાં ચાલ્યો હતો.જેમાં કોર્ટે ફક્ત ૧૮ મુદતમાં ૩૯ સાક્ષીઓને તપાસ્યાં હતાં. કોર્ટે હત્યા બદલ રૂદલને જનમટીપ ફટકારવા ઉપરાંત અપહરણ બદલ પણ ૧૦ વર્ષની કેદ અને ૧૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

### સાયન્સ સ્કૂલના શિક્ષકની કરતૂતથી ચકચાર

# અમરેલી જિલ્લામાં શિક્ષકે સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું



કિશોર સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના ડુંગર પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ આચરનાર શિક્ષકને પોલીસએ ગણતરીની કલાકોમાં ઝડપી લીધો અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા પંથકમાં એક શાળાના ગુરુજ હેવાન બન્યા માસૂમ વિદ્યાર્થીને એક શિક્ષક દ્વારા મરજી વિરુદ્ધ શારીરિક સબંધ બાંધી દુષ્કર્મ આચરતા પરિવાર દ્વારા પોલીસને જાણ કરતા પોલીસએ ઘટનાની ગંભીરતા દાખવી તાત્કાલિક ડુંગર પોલીસ સ્ટેશનમાં 376 હેઠળ પોકસોનો ગુન્હો નોંધાય આરોપી એક ખાનગી શાળાના શિક્ષક મોહિત જીંજાળા નામના વ્યક્તિની પોલીસએ ગણતરીની કલાકોમાં ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ હાથ ધરી આરોપી મોહિત જીજાળા શિક્ષક જે શાળામાં ફરજ બજાવે છે તે જ શાળામાં વિદ્યાર્થીની અભ્યાસ કરી રહી હતી અને વિદ્યાર્થી સાથે દુષ્કર્મ આચરી જાનથી મારીનાખવાની ધમકી પણ આપી હતી હાલ પોલીસ તપાસનો ધમધમાટ શરૂ છે આરોપી મોહિત જીજાળાની પોલીસ દ્વારા પૂછ પરછ શરૂ થઈ છે અન્ય આરોપીઓ કોઈ સંડોવાયેલા છે કે કેમ.? તેને લઈ પોલીસ તપાસ હાથ ધરી છે.

**નડિયાદમાં મેડિકલ સ્ટોરમાં દવાની ખોટી એન્ટ્રીઓ કરી 10 લાખની ચોરી |** નડિયાદ : નડિયાદમાં મેડિકલ સ્ટોરમાં નોકરી કરતી યુવતીએ દવાઓના સ્ટોકની ખોટી એન્ટ્રીઓ કરી રૂપિયા દસ લાખની ચોરી હોવાની નડિયાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે પોલીસે યુવતી અને તેના ભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નડિયાદ ભોજા તલાવડી વિસ્તારમાં રહેતાં ડોક્ટર સુહાના સીરાજભાઈ વહોરાનું મહાગુજરાત હોસ્પિટલની બાજુમાં ક્લીનીક આવેલું છે. જેમાં એક મેડિકલ સ્ટોર આવેલો છે. આ મેડિકલ સ્ટોરમાં ચાર વર્ષથી આસિસ્ટન્ટ તરીકે હમીદા ખાતું ઉર્ફે રેશ્મા નાસીરખાન પઠાણ (રહે. કુંભારવાડો,નડિયાદ) ફરજ બજાવતી હતી. હમિદબાનુ મેડિકલ સ્ટોરનો વહીવટ તેમજ દવાના ખરીદ-વેચાણના હિસાબ રાખતી હતી. આ દરમિયાન તેણીએ ગ્રાહકોને દવા આપ્યા બાદ મેડિકલ સ્ટોરના સોફ્ટવેરમાં ગ્રાહકની દવા રિટર્ન આવી હોવાની ખોટી એન્ટ્રીઓ કરી તેમજ ઓરીજનલ બિલથી ઓછી રકમના બીલ રેકોર્ડમાં દર્શાવ્યાં હતાં.આ બાબતની તા.૧૨ ફેબુરઆરીના રોજ મેડિકલ સ્ટોરના ફાર્માસિસ્ટે સ્ટોરના માલિકને જાણ કરી હતી. જેથી તેમણે મેડિકલ સ્ટોરમાં સ્ટોકની ચકાસણી કરતા એજન્સીમાંથી મંગાવેલી દવાની સ્ટોકની એન્ટ્રી કરી રૂપિયા દસ લાખની ચોરી કરી હોવાનું જણાઈ આવ્યું હતું.

**ધંધુકા તાલુકા પંચાયતનું સામાન્ય સભામાં વર્ષ 2023-24 માટેનું બજેટ સર્વાનુંમતે મંજૂર**

ધંધૂકા : ધંધુકા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું સુધારેલું અને વર્ષ ૨૦૨૪-૨૫નું અસલ અંદાજપત્ર તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. ધંધુકા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ દ્વારા સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટેનું સુધારેલું અને સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટેનું અસલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. જે રૂ. ૪૨.૬૯ કરોડ અંદાજવામાં આવ્યું હતું. સ્વભંડોળની મર્યાદિત આવક હોવા છતાં પણ તાલુકાના સર્વાંગી વિકાસના ઉદ્દેશ્યને લક્ષમાં રાખી જુદી-જુદી પ્રવૃત્તિઓ પાછળ જરુરી જોગવાઈઓ કરવામાં આવી હોવાનું પ્રમુખે જણાવ્યું હતુ. માળખાકિય સુવિધાઓમાં પાણી, વિજળી, આરોગ્ય, શિક્ષણ, ખેતીવાડી, સમાજ કલ્યાણ સહિતનો બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવેલા અંદાજપત્રને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. સામાન્ય સભા અંદાજપત્ર બેઠકમાં સચિવપદે તાલુકા વિકાસ અધિકારી અને નાયબ હિસાબનીશ હાજર રહ્યાં હતા.

### શહેરના ચાવડીગેટમાં મુરલીધરની જગ્યામાં સ્લમના પુન:વસન માટેનો ડીપીઆર મંજુર

# ગુજરાતમાં પ્રથમ પ્રોજેક્ટ, ભાવનગરમાં ઝુપડપટ્ટીમાં રહેતા નાગરીકોને વિનામૂલ્યે ઘર અને દુકાન અપાશે

ભાવનગર | ભાવનર શહેરના ચાવડીગેટમાં મુરલીધરની જગ્યામાં સ્લમના પુનઃવસન માટેનો ડીપીઆર સરકારે મંજુર કર્યો છે, જેના પગલે ઝુપડપટ્ટીમાં રહેતા નાગરીકોને વિનામૂલ્યે ઘર અને દુકાન અપાશે. સમગ્ર ગુજરાતમાં આ પ્રોજેક્ટ છે. શહેરી વિસ્તારમાં ખાનગી જમીન પર આવેલ સ્લમને તે જ સ્થળ પર પુનઃવસન કરવા બાબતે ઠરાવ થયેલ છે.

શહેરી વિસ્તારોને સ્લમ ફ્રી બનાવવા તથા શહેરી ગરીબોને પરવડે તેવી કિંમતથી આવાસ મળી રહે તેવા ઉમદા હેતુસરથી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત શહેરી વિસ્તારમાં ખાનગી જમીન પર આવેલ સ્લમને તે જ સ્થળ પર પુનઃવસન કરવા બાબતે ઠરાવ થયેલ છે. ગત તા. ૦૬/૦૮/૨૦૧૯ મુજબ નીતિ પ્રસિદ્ધ થયેલ છે. સદરહુ નીતિ અન્વયે ભાવનગર મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં શ્રી મુરલીધરની જગ્યા, ચાવડી ગેટ, ભાવનગર તરીકે ઓળખાતી ખાનગી



જમીન ઉપર આ જમીનના માલિક મહંત રામચંદ્રદાસજી દ્વારા ઉક્ત નીતિ અન્વયે સદરહુ સ્લમના પુનઃવસન માટેનો ડી. પી.આર. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સરકારમાં રજુ કરાયેલ છે.

સરકારની સદરહુ નીતિ અન્વયે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સરકારમાં રજુ થયેલ ડી.પી.આર. સમગ્ર ગુજરાતમાં આ પ્રથમ પ્રોજેક્ટ હોય અને રાજ્ય સરકાર દ્વારા મંજુર થયેલ છે. આ યોજનાના ડી.પી.આર. ભાવનગર મહાનગરપાલીકાનાં કમિશનરનાં હકારાત્મક અભીગમનાં પરિણામરૂપે શ્રી મોરલીધરની જગ્યાએ આવેલ હયાત ઝુપડપટ્ટીને સરકારનાં પ્રર્વતમાન નિયમાનુસાર ખાનગી માલીકીની જમીન પર આવેલ ઝુપડપટ્ટીને તે જ સ્થળે ઝુપડપટ્ટીમાં વસતા કુટુંબો પૈકી યોજનાની ગાઈડલાઈન મુજબની પાત્રતા ધરાવતા કુટુંબોને સુવિધાયુક્ત હવા ઉજાસવાળા આવાસો યોજનાની ગાઈડલાઈન મુજબ ૩૭ ચો.મી. કાર્પેટ એરીયાવાળા બહુમાળી ફ્લેટમાં કે, જેમા બે રૂમ, રસોડુ, સંડાસ-બાથરૂમની સગવડતા વિનામૂલ્યે મળશે.

ઉપરાંત આ જ સ્થળે દુકાન ધરાવતા પાત્ર આસામીને ૧૨ ચો.મી. કાર્પેટ એરિયા ધરાવતી દુકાન વિનામુલ્યે માલીકીથી મળી રહે તેવા ઉમદા હેતુની આ યોજનાને રાજ્ય સરકારની મંજુરી મળેલ છે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી મળ્યેથી જરૂરી કાર્યવાહી કરીને આ પ્રોજેક્ટના બિલ્ડર શાંતિ પ્રસ્થ ડેવલપર્સ દ્વારા બાંધકામ શરૂ કરવામાં આવનાર છે તેમ ભાવનગર મહાપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે જણાવેલ છે.

### પડતર પ્રશ્ન હલ નહી થતા કર્મચારીઓમાં ભભુકતો રોષ

# જિલ્લાના આંગણવાડી, આશા વર્કર, ફેસીલીએટરોના પડતર પ્રશ્ને રજૂઆત

ભાવનગર | ભાવનગર સહિત રાજ્યભરના આંગણવાડી, આશા વર્કર, ફેસીલીએટરોના પડતર પ્રશ્ને ધારાસભ્યો-સાંસદોને રજુઆત કરાઈ હતી. પગાર વધારો, લઘુતમ વેતન, નિવૃતિ વય મર્યાદા સહિતના પ્રશ્ને કર્મચારીઓનુ આંદોલન યથાવત રહેશે. પડતર પ્રશ્ન હલ નહી થતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. ગુજરાતનાં ૨૭ જીલ્લાનાં ૧ લાખથી વધુ આંગણવાડી વર્કરો - આશા વર્કરો- ફેસીલીએટરોએ ગત તા. ૧૬-૧૭ ફેબૂરઆરી બે દિવસ સજ્જડ બંધ રાખી જીલ્લા તાલુકા મથકોએ ૩૦ હજ્જાર બહેનોએ રેલી-ધરણાં-પડાવનાં કાર્યક્રમો યોજયા બાદ આંદોલન ચાલુ રાખેલ છે. તાકીદે મંત્રી કક્ષાની બેઠક યોજીને લાંબા સમયથી પડતર પ્રશ્નો ઉકેલવાની માંગણી સાથે ગત તા. ૧૯ થી તા. ૨૩ દરમિયાન ૧૧૪ જેટલા ભાજપ-કોંગેસ અને આપ પાર્ટીનાં ધારાસભ્યો-૮ જેટલા કેબીનેટ મંત્રીઓ અને ૧૫ જેટલા સાંસદોને તેમની સ્થાનીક ઓફીસે રૂબરૂ જઈને રજુઆતો કરી છે. બજેટ પહેલા આ નેતાઓને આ બહેનોએ પ્રશ્નો સાથું આવેદન આપેલ હતું. આંગણવાડી તથા આશા વર્કર-હેલ્પર તથા આશા વર્કર-ફેસીલીએટર બહેનો કેન્દ્ર સરકારનો પ્રોજકટ હોવા છતાં ૨૦૧૮થી કેન્દ્ર સરકાર દ્વારા પાંચ વર્ષમાં કોઈ જ પગાર વધારો કે ઈન્સેન્ટીવ (વળતર)નો વધારો અપાયો ન હોવાની, ઈન્સેન્ટીવ તથા બીલોની રકમો દર મહિને નિયમિત ચૂકવાતી ન હોવાથી, ગુજરાત સરકાર દ્વારા શ્રમજીવીને મળતુ લઘુતમ વેતન પણ આપતી ન હોવાથી, આશા વર્કરમાંથીફેસીલીએટરનાં પ્રમોશન અપાત ન હોવા, અન્ય રાજયોમાં નિવૃતિ વય મર્યાદા ૬૦ હોવા છતાં ગુજરાતમાં ૫૮ છે, બધુજ કામ ડીઝીટલ કરાવાતુ હોવા છતાં પાંચ વર્ષથી ડબલા થઈ થયેલ મોબાઈલ વચન, આપ્યા છતાં નહી અપાતા હોવા સહિતની ફરિયાદ સાથે પોતાની માંગણીઓ માટે રજુઆત, લાંબા સમયથી આંદોલન ચલાવી રહેલ છે. માંગણીઓ માટે સરકાર કોઈ જ બેઠક ન યોજે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે અને આગામી તા. ૨૫/૨/૨૦૨૪ ની બેઠકમાં નિર્ણયો કરાશે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.



**વૃષભ (બ,વ,ઉ)**

કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.



**મિથુન (ક,છ,ઘ)**

જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.



**કર્ક (ડ,હ)**

પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.



**સિંહ (મ,ટ)**

દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**

વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.



**તુલા (ર,ત)**

આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.



**વૃશ્ચિક (ન,ય)**

રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.



**ધન (ભ,ધ,ફ)**

આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.



**મકર (ખ,જ)**

આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.



**કુંભ (ગ,શ,સ)**

આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશો. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

## મ્યુ.ફંડમાં રોકાણકારોની સંખ્યામાં 50%નો વધારો, જાન્યુઆરીમાં 10 લાખનો ઉમેરો




અમદાવાદ | મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે જાન્યુઆરીમાં નવા રોકાણકારોની સંખ્યામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી. બજારમાં સતત તેજી અને ફંડ હાઉસીસ દ્વારા નવા ફંડ ઓફરિંગ દ્વારા નવા રોકાણકારો સુધી પહોંચવાના વધારાના ઉદ્યોગના પ્રયાસો સફળ રહ્યા છે. ફંડ્સે જાન્યુઆરી ૨૦૨૪માં લગભગ ૧૦ લાખ નવા રોકાણકારો ઉમેર્યા, જે ડિસેમ્બર ૨૦૨૩ કરતાં ૫૦ ટકા વધુ છે. છેલ્લી વખત મ્યુચ્યુઅલ ફંડ્સમાં ૧૦ લાખ રોકાણકારોનો સમાવેશ ફેબ્રુઆરી ૨૦૨૨માં થયો હતો.

જાન્યુઆરી દરમિયાન રોકાણકારોની સંખ્યામાં વધારો થવા પાછળ બે બાબતો જવાબદાર હોઈ શકે છે. પ્રથમ, મૂડી બજારોમાં ભારતીયો માટે સિસ્ટેમેટિક પ્લાનએ (સિપ) પસંદગીનો વિકલ્પ બની ગયો છે. આ સતત માસિક વૃદ્ધિ પોતે જ એક રસપ્રદ વાર્તા કહે છે. બીજું, નવા રોકાણકારોને આકર્ષવા માટે ન્યૂ ફંડ ઓફરિંગ (એનએફઓ) ની પણ મહત્વની ભુમિકા રહી છે. જાન્યુઆરીમાં મોટી સંખ્યામાં એનએફઓ આવ્યા હતા.

મ્યુચ્યુઅલ ફંડ્સે જાન્યુઆરીમાં ૧૭ નવી યોજનાઓ શરૂ કરી હતી. તેઓએ સામૂહિક રીતે રૂ. ૬,૪૩૦ કરોડનું રોકાણ આકર્ષ્યું હતું. ડિસેમ્બરમાં નવી યોજનાઓની સંખ્યા ૧૪ હતી. મોટા ફંડ હાઉસ દ્વારા ઊંચી ઓફરોના સમયગાળા દરમિયાન ઈક્વિટી કેટેગરીમાં રોકાણકારોની સંખ્યામાં પણ વધારો થયો છે. એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે જાન્યુઆરીના અંતે કુલ રોકાણકારોની સંખ્યા ૪.૩ કરોડ હતી.

કુલ પાન કાર્ડ નોંધણીઓને ધ્યાનમાં લઈને રોકાણકારોની કુલ સંખ્યાની ગણતરી કરવામાં આવી છે. ફંડ ઉદ્યોગે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧ કરોડ રોકાણકારોનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મની વધતી પહોંચ અને રોકાણકારોની જાગૃતિને કારણે રોકાણકારોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

મોટા ભાગના નવા રોકાણકારો ફિનટેક દ્વારા આવી રહ્યા છે. ડેટા દર્શાવે છે કે ૪૦ ટકા સિપ ડાયરેક્ટ પ્લાન્સમાં રજીસ્ટર થઈ રહી છે. તેમાંથી મોટાભાગના નવા રોકાણકારો છે. રોકાણકારોની બદલાતી પસંદગીઓને કારણે પણ આ વલણને મદદ મળી રહી છે. તેઓ હવે બચત કરવાને બદલે રોકાણ પર વધુ ભાર આપી રહ્યા છે. જાન્યુઆરીમાં, રોકાણકારોએ ૫૦ લાખથી વધુ નવા સિપ એકાઉન્ટ્સ શરૂ કર્યા હતા જ્યારે ડિસેમ્બર ૨૦૨૩માં આ સંખ્યા ૪૦ લાખ હતી.

## દેશમાં નોકરીઓની સંખ્યામાં વધારો, 15 લાખથી વધુ EPFO સાથે જોડાયા, મહિલાઓ વધી

દેશમાં નોકરીઓની સંખ્યા તેજી સાથે વધી રહી છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન EPFએ બુધવારે એક રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે. જેના આંકડા ઉત્સાહ વધારનારા છે. રિપોર્ટમાં આંકડાઓ પ્રમાણે ડિસેમ્બર-2023માં 15.62 લાખ સભ્યો EPF સાથે સંકળાયા હતા. જે ગત ત્રણ મહિનામાં સૌથી વધુ આંકડા છે. શ્રમ મંત્રાલયના નિવેદન પ્રમાણે ડિસેમ્બર-2023માં ગત મહિનાની સરખામણીમાં નેટ સભ્યોમાં 11.97 ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી હતી. સ્કીમ ફંડિંગ બોડી EPFOએ ડિસેમ્બર 2023માં 15.62 લાખ સભ્યોનો ચોખ્ખો ઉમેરો કર્યો છે. પેરોલ ડેટા અનુસાર મંગળવારે જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

# બેંકોનો થાપણ પ્રવાહ ઈક્વિટી તરફ વળ્યો

### આજની યુવા પેઢી વધુ વળતર મળે તેવા સાધનોમાં રોકાણ કરી રહી છે, બચતને ઈક્વિટીઝ જેવા રોકાણ સાધનો તરફ વાળવાની માનસિકતામાં વધારો




મુંબઈ | એક તરફ લિક્વિડિટીની ખેંચ અને બીજી બાજુ શેરબજારોમાં રેલીએ દેશની બેન્કોમાં થાપણ પ્રવાહ ઘટાડી દીધો છે જેને પગલે બેન્કો માટે સ્થિતિ પડકારરૂપ બનતી જાય છે. બચતકારો પોતાની બચત બેન્ક થાપણોમાં મૂકવાને બદલે હાલમાં ઊંચા વળતર પૂરી પાડતી ઈક્વિટીઝ માર્કેટસ તરફ વાળી રહ્યા છે. પોતાની બચતોને બેન્કના સેવિંગ ખાતા અથવા ફિક્સ્ડ ડિપોઝિટસમાં મૂકવાને બદલે બચતકારો તેને મ્યુચ્યુઅલ ફન્ડસની સ્કીમ્સ મારફત ઈક્વિટીઝ જેવા ઊંચા વળતર આપતા સાધનોમાં રોકી રહ્યાનું બેન્કિંગ સુત્રોએ જણાવ્યું હતું.ટેકનોલોજીના વિકાસ સાથે બચતકારો માટે વિવિધ રોકાણ સાધનોમાં નાણાં રોકવાનું હાલમા સરળ બની ગયું છે. દેશની દરેક કમર્સિઅલ બેન્કોનો મળીને કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ (કાસા) રેશિઓનું પ્રમાણ જે માર્ચ ૨૦૨૨ના ૪૫.૨૦ ટકા હતું તે સપ્ટેમ્બર ૨૦૨૩ના સમાપ્ત થયેલા ૧૮ મહિનાના અંતે પાંચ ટકા જેટલું ઘટી ૪૦.૫૦ ટકા પર આવી ગયું હતું.કાસા રેશિઓ ઘટવાનું એક કારણ ફિક્સ્ડ ડિપોઝિટસના દરમાં વધારો પણ રહેલું છે. પરંતુ બચતકારો ખાસ કરીને શહેરી વિસ્તારના બચતકારો મુદતી થાપણોને બદલે ઈક્વિટીઝ જેવા રોકાણ સાધનો તરફ પણ વળ્યા છે.

ડિજિટાઈઝેશનને પરિણામે, બચતકારો માટે વધુને વધુ રોકાણ સાધનો અંગે જાણકારી મેળવવાનું આસાન બન્યું છે, જેની અસર મુદતી થાપણોમાં ઘટાડાના સ્વરૂપમાં પડી છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડસમાં રૂપિયા ૨૧૭૮૧ કરોડ સાથે ઈન્ફ્લોઝ ૨૨ મહિનાની ટોચે રહ્યો હતો. જાન્યુઆરીમાં સતત ૩૫માં મહિને નેટ ઈન્ફ્લોઝ જોવા મળ્યો હોવાનું એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું. દેશના મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગની એસેટ અન્ડર મેનેજમેન્ટ પણ વધી રૂપિયા ૫૨.૭૦ લાખ કરોડને પાર કરી ગઈ છે. સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપી) ખાતાની સંખ્યા પણ ૭.૯૦ કરોડથી વધુ રહી છે.

કાસા રેશિઓમાં સૌથી વધુ ઘટાડો ખાનગી બેન્કોમાં જોવા મળી રહ્યો છે કારણ કે દેશની યુવા પેઢી ટેકનોલોજીથી સારી રીતે વાકેફ છે અને તેઓ બેન્કો કરતા વધુ વળતર સાથેના રોકાણ સાધનોમાં ઈન્વેસ્ટ કરવાનું પસંદ કરી રહ્યા છે એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું.

બેન્કોમાં ધિરાણ વૃદ્ધિ પ્રમાણે થાપણ વૃદ્ધિ જોવા મળતી નથી જે ચિંતાનો વિષય બનતો જાય છે. વધુ થાપણ મેળવવા બેન્કોએ વ્યાજ દર વધારવાની ફરજ પડી રહી છે જે તેમના માર્જિન પર દબાણ લાવી રહ્યા છે.

## ખેડૂતોના 12.68 કરોડ ખાતાઓમાં બેંકોએ રૂ. 20 લાખ કરોડથી વધુની કૃષિ લોન આપી

અમદાવાદ | નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બેંકોએ એપ્રિલ-જાન્યુઆરીમાં ૨૦.૩૯ લાખ કરોડ રૂપિયાની લોનનું વિતરણ કર્યું છે, જ્યારે ૨૦૧૩-૧૪માં ખેડૂતોને ૭.૩ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી હતી. કૃષિ મંત્રાલયના સૂત્રોએ માહિતી આપી કે આ વર્ષે ઉપરોક્ત લોન ૧૨.૬૮ કરોડ ખાતાઓમાં આપવામાં આવી હતી.સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં કૃષિ માટે રૂ. ૨૦ લાખ કરોડની લોનનો લક્ષ્યાંક રાખ્યો હતો જેનો અર્થ એ થયો કે બેંકોએ પહેલેથી જ લક્ષ્યાંક પાર કરી લીધો છે અને સંભવિત છે કે આ નાણાકીય વર્ષમાં આ આંકડો રૂ. ૨૨ લાખ કરોડને પાર કરી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં બેંકોએ કૃષિ માટે રૂ. ૨૧.૫૫ લાખ કરોડની લોનનું વિતરણ કર્યું હતું, જે રૂ. ૧૮.૫૦ લાખ કરોડના લક્ષ્યાંક કરતાં વધુ હતું.આ ઉપરાંત કેસીસી (કિસાન ક્રેડિટ કાર્ડ) દ્વારા પશુપાલન અને મત્સ્યપાલન કરતા ખેડૂતોને પણ ચાર ટકા વાર્ષિક વ્યાજે લોનનો લાભ મળે છે. ગયા વર્ષે ૩૧ માર્ચ સુધીમાં, ૭૩,૪૭૦,૨૮૨ કેસીસી એકાઉન્ટ સક્રિય હતા જેમાં ૮,૮૫,૪૬૩ કરોડ રૂપિયા બાકી હતા.આ ઉપરાંત ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં પાકના લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)માં વધારો કર્યો છે અને ઘઉં, ડાંગર, તેલીબિયાં અને કઠોળની ખરીદીમાં પણ વધારો કર્યો છે.

# જાન્યુઆરીમાં દેશમાં ક્રુડ તેલનો પ્રતિ દિન આયાત આંક વિક્રમી સપાટીએ રહ્યો

### રાતા સમુદ્રની કટોકટીથી ડિસેમ્બરમાં ડિલિવરી ઢીલમાં




મુંબઈ | ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારો થતાં જાન્યુઆરીમાં દેશની ક્રુડ તેલ આયાત નવી વિક્રમી સપાટીએ રહી હતી. માગમાં વધારો થતાં આયાતમાં વૃદ્ધિ જોવા મળી છે. રાતા સમુદ્રની કટોકટીને પરિણામે ડિસેમ્બરમાં અમેરિકા ખાતેથી કારગોની ડિલિવરી ઢીલમાં પડી હતી. જાન્યુઆરીમાં ભારતની ક્રુડ તેલની પ્રતિ દિન આયાત ૫૨.૪૦ લાખ બેરલ રહી હતી જે ડિસેમ્બરની સરખામણીએ ૧૭ ટકા વધુ હતી અને વાર્ષિક ધોરણે ૩.૫૦ ટકા ઊંચી હતી. આ અગાઉ જાન્યુઆરી ૨૦૧૮માં દેશની ક્રુડ તેલની પ્રતિ દિન આયાતનો આંક ૫૧ લાખ બેરલ વિક્રમી રહ્યો હતો. અમેરિકા તથા લેટિન અમેરિકા ખાતેથી આવતા ઓઈલ કારગો રાતા સમુદ્ર કટોકટીને કારણે ડિસેમ્બરમાં ઢીલમાં પડયા હતા. ડિસેમ્બરમાં આવનારા કારગો જાન્યુઆરીમાં આવ્યા હોવાનું સ્થાનિક રિફાઈનરીના સુત્રોએ જણાવ્યું હતું. ડિસેમ્બરમાં મંદ પડયા બાદ રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલ આયાતમાં ફરી વધારો જોવા મળ્યો હતો. દેશના વધી રહેલા આર્થિક વિકાસ દરને ધ્યાનમાં રાખતા આવનારા મહિનાઓમાં ક્રુડ તેલની આયાત વધવાની શકયતા જોવાઈ રહી છે.

# નિફ્ટીમાં 22297નો વિક્રમ : રોકાણકારોની સંપતિ રૂ.393 લાખ કરોડની નવી ઊંચાઈએ

મુંબઈ | વૈશ્વિક શેર બજારોમાં ગઈકાલે આઈટી જાયન્ટ ચીપ મેન્યુફેકચરર એનવીડિયા કોર્પના પ્રોત્સાહક પરિણામે અમેરિકી શેર બજારો પાછળ રેકોર્ડ તેજી જોવાયા બાદ આજે સપ્તાહના અંતે વૈશ્વિક બજારોમાં તેજીને વિરામ આપવામાં આવ્યો હતો. અમેરિકી શેર બજારોમાં તેજી છતાં આજે એશીયા-પેસેફિક બજારોમાં જાપાનના ટોક્યો શેર બજારમાં હોલી-ડે વચ્ચે આજે અન્ય બજારોમાં એકંદર સાંકડી વધઘટ સામે ભારતીય શેર બજારોમાં વિક્રમી તેજીનો દોર આરંભમાં આગળ વધ્યો હતો. નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ અવિરત ઐતિહાસિક તેજીની કૂચમાં ૨૨૨૯૭.૫૦ની ઊંચાઈનો નવો રેકોર્ડ સર્જાયા બાદ વેચવાલીએ ઉછાળો ઓસરી ગયો હતો. નિફ્ટી ૨૨૨૯૭.૫૦ થી ૨૨૧૮૬.૧૦ની રેન્જમાં અથડાઈ અંતે ૪.૭૫ પોઈન્ટ ઘટીને ૨૨૨૧૨.૭૦ બંધ રહ્યો હતો. જ્યારે સેન્સેક્સ ઐતિહાસિક ઊંચાઈ ૭૩૪૨૭.૫૯ નજીક ૭૩૪૧૩.૯૩ સુધી પહોંચી અંતે ૧૫.૪૪ પોઈન્ટ ઘટીને ૭૩૧૪૨.૮૦ બંધ રહ્યો હતો.




કેપિટલ ગુડઝ શેરોમાં આજે ફંડોએ ફરી આક્રમક ખરીદી કરતાં બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૬૬૧.૦૧ પોઈન્ટ ઉછળીને ૫૬૭૩૨.૧૧ બંધ રહ્યો હતો. હનીવેલો ઓટોમેશન રૂ.૭૨૪.૯૦ વધીને રૂ.૩૮,૨૫૦, હનીવેલ ઓટોમેશન રૂ.૪૦.૩૫ વધીને રૂ.૩૦૪૪.૮૫, રેલ વિકાસ રૂ.૩.૨૦ વધીને રૂ.૨૬૪.૭૫, લાર્સન એન્ડ ટુબ્રો રૂ.૨૫.૭૫ વધીને રૂ.૩૩૮૯.૮૦ રહ્યા હતા.

### ફાઈનાન્શિયલ શેરોમાં આકર્ષણ

ફાઈનાન્શિયલ સર્વિસિઝ શેરોમાં ફંડોની આજે પસંદગીની ખરીદી રહી હતી. પીટીસી ઈન્ડિયા રૂ.૨.૧૯ વધીને રૂ.૪૬.૧૬, જીઆઈસી હાઉસીંગ રૂ.૧૧.૩૫ વધીને રૂ.૨૪૬.૧૦, કેમ્સ રૂ.૧૧૩.૨૦ વધીને રૂ.૩૧૧૨.૫૦, કેર રેટિંગ્સ રૂ.૩૯.૭૦ વધીને રૂ.૧૧૮૯.૦૫, કલ્યાણી ઈન્વેસ્ટ રૂ.૧૩૫.૨૦ વધીને રૂ.૪૧૦૦ રહ્યા હતા.ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં આજે મિશ્ર ટ્રેન્ડ જોવાયો હતો. ટયુબ ઈન્વેસ્ટમેન્ટ રૂ.૭૦.૮૦ ઘટીને રૂ.૩૬૧૫.૨૫, સુંદરમ રૂ.૧૮.૩૦ ઘટીને રૂ.૧૦૯૧.૩૫, મારૂતી સુઝુકી રૂ.૧૩૬.૩૫ ઘટીને રૂ.૧૧,૫૩૯.૧૫, બજાજ ઓટો રૂ.૭૫.૨૫ ઘટીને રૂ.૮૪૩૦.૦૫ રહ્યા હતા. જ્યારે બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૫૩.૮૦ વધીને રૂ.૨૩૩૩.૫૫, કયુમિન્સ ઈન્ડિયા રૂ.૩૭.૪૫ વધીને રૂ.૨૮૦૩.૫૦, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૨૧.૬૦ વધીને રૂ.૧૯૩૦.૨૦, એમઆરએફ રૂ.૬૨૬.૮૦ વધીને રૂ.૧,૫૦,૭૨૦.૮૦ રહ્યા હતા.

## અગ્રણી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ બ્રાન્ડ્સમાંની એક, ઉષા ઇન્ટરનેશનલ

મુંબઈ | iChef સ્ટીમ ઓવન: એક ઓવન, ઘણા કાર્યો - iChef સ્ટીમ ઓવન એ એક શોધ છે જે તમે જ્યારે પણ રસોઈ કરો છો ત્યારે તમે વધુને વધુ આનંદ માણશો. ફર્સ્ટ-ઈન-ક્લાસ, ઉષાનું iChef સ્ટીમ ઓવન 11 રસોઈ ફંક્શન્સ અને 39 પ્રિસેટ મેનુઓથી સજ્જ છે, જે ગોર્મેટ રસોઈના અવરોધોને તોડી નાખે છે.

તંદુરસ્ત અને સ્વાદિષ્ટ બંને પ્રકારની વાનગીઓ બનાવવા માટે તમારું પરફેક્ટ પાર્ટનર, આ એક સંયુક્ત સ્ટીમર, એર-ફ્રાયર અને ઓવન છે! બિલ્ટ-ઈન ઈનોવેટિવ 3D હોટ સ્ટીમ ટેક્નોલૉજી દ્વારા સંચાલિત, ઉષા iChef સ્ટીમ ઓવન મહત્તમ પોષક તત્ત્વોને જાળવી રાખવાની ખાતરી આપે છે, અંદરના ભેજને જાળવી રાખીને સપાટીને બ્રાઉન કરે છે. તેની પૂરતી 18-લિટર ક્ષમતા અને ત્રણ-સ્તરની રાંધવાની ક્ષમતા સાથે, તમે સ્ટીમ્ડ ડિમ સમ્સના મોટા જથ્થાથી લઈને, શેકેલી માછલી, ચિકન રોસ્ટ, રિસોટ્ટો, પાસ્તા, કેક અને બીજું ઘણું બધું બનાવી શકો છો - આ ઓવનમાં ઘણી બધી સુવિધા છે, શું તમે સંમત નથી? જેની કિંમત રૂ. 30,990 છે.

## કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીએ ઈન્ડિયન ઓઈલના કસ્ટમાઈઝ્ડ ઇંધણને લીલી ઝંડી બતાવી




મુંબઈ | શ્રી હરદીપ સિંહ પુરીએ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ અને આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી, 'STORM'ને વર્ચ્યુઅલ રીતે ફ્લેગ ઓફ કર્યું, જે FIM એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપ (ARRC) 2024 સીઝન માટે ઈન્ડિયન ઓઈલ દ્વારા ખાસ ક્યુરેટ કરવામાં આવેલું વૈવિધ્યપૂર્ણ ઈંધણ છે. જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT), નવા શેવા તરફથી આજે. રેસિંગ સર્કિટમાં પ્રીમિયમ સુપરબાઈક માટે ઈન્ડિયન ઓઈલ દ્વારા હાઈ-ઓક્ટેન અલ્ટીમેટ રેસિંગ ઈંધણ ખાસ વિકસાવવામાં આવ્યું છે અને તે વૈશ્વિક સ્તરે રેસિંગ ઈવેન્ટ્સમાં ચેમ્પિયન્સના ઈંધણ તરીકે સ્થાન પામશે. શ્રી પંકજ જૈન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ; શ્રીકાંત માધવ વૈદ્ય, ચેરમેન, અને શ્રી વી સતીશ કુમાર, ડિરેક્ટર (માર્કેટિંગ), ઈન્ડિયન ઓઈલ પણ ફ્લેગઓફ સમારોહમાં ભાગ લીધો હતો. પ્રીમિયમ ઈંધણની શરૂઆત કરતા શ્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે પ્રથમ વખત ઈન્ડિયન ઓઈલે ગુજરાત રિફાઈનરીમાંથી કેટેગરી 2 રેસ ઈંધણનું ઉત્પાદન શરૂ કર્યું છે, જેનું યોગ્ય નામ STORM છે. AV Gas 100 LL, સંદર્ભ ઈંધણ વગેરે જેવી અન્ય ઓફરો સાથે આ રેસ ઈંધણ, કડક આંતરરાષ્ટ્રીય વિશિષ્ટતાઓનું પાલન કરે છે અને આત્મનિર્ભરતા તરફના ભારતના તાજેતરના પ્રયાસોને અનુરૂપ છે.

શ્રી જૈને ઈન્ડિયન ઓઈલની વિશિષ્ટ પ્રોડક્ટ્સ વિકસાવવા માટેની ક્ષમતાઓની પ્રશંસા કરી કે જેમાં ચોક્કસ ધોરણોની જરૂર હોય અને ઉત્કૃષ્ટ કામગીરી બજાવે. તેમણે કહ્યું કે આ પ્રોડક્ટ પોર્ટફોલિયો દર્શાવે છે કે ઈન્ડિયન ઓઈલ એક વિશ્વ કક્ષાની કંપની છે જે ગ્રાહકોની વિકસતી અને ભવિષ્યની માંગ પ્રમાણે ઉકેલો પ્રદાન કરી શકે છે.

આ પ્રસંગે શ્રી એસ.એમ. વૈદ્યએ વૈશ્વિક સ્તરે નવા ઉદ્યોગના માપદંડો સ્થાપિત કરતા વિશ્વ-વર્ગના ઉત્પાદનો વિકસાવવામાં કંપનીની સતત સફળતા વિશે વિગતવાર જણાવ્યું. "ઈન્ડિયન ઓઈલને ઈન-હાઉસ સંસાધનોનો લાભ ઉઠાવીને, અંતિમ રેસિંગ ઈંધણ, 'સ્ટોર્મ' લોન્ચ કરવામાં ખૂબ જ ગર્વ છે. અમને વિશ્વાસ છે કે IndianOil 'STORM' અસાધારણ પ્રદર્શન આપશે અને રોમાંચક રેસિંગ અનુભવમાં યોગદાન આપશે જેના માટે આ ચેમ્પિયનશિપ જાણીતી છે. આદરણીય માનનીય મંત્રી દ્વારા આજનું ફ્લેગઓફ મેક ઈન ઈન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડ તરફના અમારા સામૂહિક પ્રયાસમાં એક અન્ય માપદંડ સાબિત થશે," તેમણે કહ્યું.

### વર્ષના અંત સુધીમાં એન્ડ્રોઇડ ફોન ઉપર ભારતીય એપ સ્ટોર થશે લોન્ચ

# ફિનટેક કંપની ફોન પેએ ઇન્ડસ એપ સ્ટોર લોન્ચ કર્યો, 12 ભાષામાં એપ સર્ચ થશે, લિસ્ટિંગ આવશે

મુંબઈ | દેશની 12 ભાષાઓમાં મોબાઈલ એપની વિગતો અને તે શું કામગીરી કરે છે તેના વર્ણન સાથે, વોઈસ અને વીડિયોથી સર્ચ કરી શકાય એ પ્રકારની સવલત સાથે સંપૂર્ણ ભારતીય એવો એપ સ્ટોર ઇન્ડ્સ આજે લોન્ચ થયો છે. અત્યારે વિશ્વમાં એપલનાં ફોન ઉપર એપ સ્ટોર અને એન્ડ્રોઈડ ઉપર ગૂગલ એપ સ્ટોરનો દબદબો છે તેને વોલમાર્ટની માલિકીની ફીનટેક કંપની ફોન પે એ પડકાર ફેંક્યો છે.જોકે, માત્ર એન્ડ્રોઈડ ફોન ઉપર જ કાર્ય કરી શકે એવો આ એપ સ્ટોર અત્યારે ગ્રાહકોએ કંપનીની વેબસાઈટ ઉપરથી સીધો ડાઉનલોડ કરવો પડશે, પરંતુ આ વર્ષના અંત સુધીમાં મોટાભાગની કંપનીઓના નવા ફોનમાં તે સામેલ થઈ જશે, પ્રી લોડેડ આવશે એવો વિશ્વાસ કંપનીના ફાઉન્ડર સમીર નિગમે વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મોટાભાગની ટોચની એન્ડ્રોઈડ ફોન




બનાવતી કંપની સાથે અમારી વાતચીત ચાલી રહી છે. ડિસેમ્બર સુધીમાં આ કંપનીઓના ફોન સાથે અમારો ઈન્ડસ એપ સ્ટોર પણ ઉપલબ્ધ થઈ જશે." નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં ભારત મંડપમ ખાતે કેન્દ્રના રેલવે, સંચાર અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ એપ સ્ટોરનું લોન્ચિંગ કર્યું હતું. મંત્રી જણાવ્યું હતું કે, "15 વર્ષ પહેલાં ટેકનોલોજીની દુનિયામાં ભારત એવા દેશ તરીકે હતું જે જૂની થયેલી ટેકનોલોજીની બજાર હતી. "હવે ભારત ટેકનોલોજીના રિસર્ચ અને ડેવલપમેન્ટ માં કોઈ દેશથી પાછળ નથી અને દુનિયાની કંપનીઓ ભારતને સહભાગીદાર તરીકે સાથે લઈ ચાલી રહી છે." ભારતમાં અત્યારે 75 કરોડ લોકો સ્માર્ટ ફોન સાથે જોડાયેલા છે અને બહુ મોટુ બજાર છે. ભારત વિશ્વની અન્ય બજાર કરતા ભાષા, સંસ્કૃતિ અને વ્યવહારની દ્રષ્ટિએ અલગ છે, બીજું, માત્ર બે કંપનીઓના ઈજારાના બદલે સ્પર્ધા વધે તો એપ ડેવલપર અને એપ પબ્લિશર્સને પણ ઈનોવેશન માટે તક મળે એટલે સંપૂર્ણ ભારતીય એપ સ્ટોર પાછળ 10 વર્ષથી કામગીરી ચાલી રહી હતી. લોન્ચિંગ સમયે ઈન્ડસ એપ સ્ટોર કઈ રીતે ભારતીયોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવ્યો છે તે અંગે વિગતો આપતા સમીર નિગમે જણાવ્યું હતું કે, "90 ટકા ભારતીયો પોતાની માતૃભાષામાં કામ કરવા ટેવાયેલા છે. ઈન્ટરનેટ ઉપર સર્ચ પણ પોતાની ભાષામાં કરે છે. જેના કારણે તેમાં હાલ ગુજરાતી, હિન્દી, તમિલ, બંગાળી સહિત 12 ભાષા સામેલ કરી છે. બીજુ, માત્ર મોબાઈલ નંબરના આધારે તેમાં રજિસ્ટ્રેશન કરી શકાય છે. અન્ય એપ સ્ટોરમાં ઈ મેઈલ ફરજિયાત છે. દરેક ભારતીયો પાસે ફોન છે પણ ઈમેલ નથી હોતા એટલે કોઈ બીજી વ્યક્તિના નામે તેના એપ સ્ટોરનો ઉપયોગ થાય છે." અત્યારે એપ સ્ટોરમાં બે લાખ જેટલી એપ વિવિધ 45 કેટેગરીમાં ઉપલબ્ધ છે. નવા એપ ડેવલપર ઈન્ડસ સાથે જોડાય તેના માટે કંપની એક વર્ષ સુધી ડેવલપર પાસેથી કોઈ ફી વસુલશે નહિ. આ ઉપરાંત, એપ ડેવલપમેન્ટ માટે 24 કલાક મદદ, ટેક મોડ્યુલ પણ પૂરા પાડવામાં આવશે. કંપનીએ લોન્ચિંગ વખતે જણાવ્યું હતું કે એપ લિસ્ટીંગ માટે આવે ત્યારે કંપની પોતાના સોફ્ટવેરની મદદથી જરૂર હોય તો બધી 12 ભાષામાં લિસ્ટીંગ કરવાની સગવડ આપે છે, ડેવલપરે આ માટે વિગતો ટ્રાન્સલેટ કરવાની જરૂર નથી.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, ફાગણ વદ-01

## સોશ્યલ મીડિયાનો દુરુપયોગ

કોઈપણ સોશ્યલ મીડિયા મંચના દુરુપયોગને રોકવો અનિવાર્ય જ નહીં, અનુકરણીય પણ છે. ખેડૂત આંદોલનના સમાધાન માટે પ્રયાસરત સરકારે આ આંદોલનને ધ્યાનમાં રાખતાં સોશ્યલ મીડિયા મંચ 'એક્સ'ના દુરુપયોગ પર વાંધો ઉઠાવ્યો હતો અને તેના અનેક એકાઉન્ટ અને પોસ્ટ હટાવવાનું ફરમાન કર્યું હતું. દેખીતું છે કે આદતથી મજબૂર એક્સે થોડી રાહ જોવડાવ્યા બાદ જ ભારત સરકારના આદેશનું પાલન કર્યું. જોકે એક્સ વાંધાજનક ખાતાંને માત્ર ભારત માટે પ્રતિબંધિત કરશે, બાકી દુનિયામાં આ ખાતાં અને પોસ્ટ દેખાતા રહેશે. સાથે જ એક્સે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો હવાલો આપતાં આ કાર્યવાહી સાથે પોતાની વૈચારિક અસહમતિ પણ વ્યક્ત કરી દીધી છે. શું એક્સની આ ટિપ્પણી વાંધાજનક નથી? શું પ્રશ્ન એ નથી થતો કે અભિવ્યક્તિની સ્વતંત્રતા ચીન કે રશિયા જેવા દેશોમાં ક્યાં ચાલી જાય છે? ૨૦થી વધુ દેશ છે, જ્યાં એક્સ પ્રતિબંધિત છે! દરેક દેશને પોતાની હિત-ચિંતાનો હક છે, તેથી ભારત સરકારની ચિંતા પણ વાજબી છે. મને-કમને પણ એક્સે ઝૂકવું પડ્યું છે. લોકો ભૂલ્યા નથી કે કર્ણાટક હાઈકોર્ટે ગયા વર્ષે ૨૦૨૧ ટેકડાઉન આદેશોને પડકારતી ટ્વિટર (એક્સ)ની અરજીઓ ફગાવી દીધી હતી અને સમય પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેતાં આ અમેરિકન કંપની પર ૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આ વખતે પણ કાર્યવાહીની બીકે જ તેણે આદેશોનું પાલન કર્યું.

સોશ્યલ મીડિયા મંચોએ ભારતની ઉદારતાનો આદર કરવો જોઈએ. અહીં ઉદારતાનો મતલબ અનુશાસનહીનતા જરા પણ નથી. કોઈપણ સરકાર એ વાતને સ્વીકાર ન કરે કે તેના વિરુદ્ધ સોશ્યલ મંચ પર અવિશ્વાસને ઉત્તેજન આપવામાં આવે. એવી ટિપ્પણીઓ પણ જોવા મળી છે જેમાં હિંસા ભડકાવવાનું કે લોકોને ઉશ્કેરવાનું કાવતરું સ્પષ્ટ જોઈ શકાય છે. પહેલા ખેડૂત આંદોલન સમયે જ દિલ્હીના લાલ કિલ્લા પર જે હિંસક હુમલો થયો હતો, તેને કોણ ભૂલી શકે? એવી કોઈ કોશિશને સમય રહેતાં નિષ્ફળ કરવામાં આવે તો તેમાં વાંધો નથી. દેશમાં સેવાઓ આપતા તમામ સોશ્યલ મીડિયા મંચોને સ્પષ્ટપણે એ સંદેશ આપવો જોઈએ કે ઉશ્કેરણીનું કોઈ કાવતરું ચલાવી નહીં લેવાય. કોઈપણ પ્રકારની માંગ માત્ર લોકતંત્ર અને બંધારણના દાયરામાં હોય, એ સુનિશ્ચિત કરવામાં કોઈ બુરાઈ નથી. સોશ્યલ મીડિયામાં એવી અનેક ટિપ્પણીઓ જોવા મળે છે, જેના માટે કારવાસની સજા થઈ શકે છે કે દંડ થઈ શકે છે. જ્યાં સુધી એક્સનો સવાલ છે, તો આ કંપની પહેલેથી જ ૫૦ લાખ રૂપિયાના દંડથી બચવા માટે અદાલતોમાં અરજ કરી રહી છે. જોકે આવા મામલે અદાલતોએ વહેલો નિર્ણય કરવો જોઈએ. સોશ્યલ મીડિયા કંપનીઓની મનમાની પર લગામ લાગવી જ જોઈએ. એવા મંચો પર પોતાના વિચાર રજૂ કરનારાઓને ખબર હોવી જોઈએ કે કોઈપણ કાયદો કે સમાજ કે દેશવિરોધી ટિપ્પણી ભારે પડી શકે છે. સરકારના આદેશ પર ૪૨ એક્સ એકાઉન્ટ અને ૪૯ લિન્કને પ્રતિબંધિત કરવામાં આવી છે, પણ શું આટલું પૂરતું છે? નફરત ફેલાવનારા કે સામાજિક સદ્ભાવ સાથે રમત કરનારા જે પણ પક્ષ કે સંગઠન હોય, તે પ્રતિબંધ અને દંડના હકદાર છે.

# ઈન્ડિયા ગઠબંધન ગુજરાતમાં લાગુ, ભરૂચ અને ભાવનગર સીટ પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે: ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત




આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીએ મહત્વપૂર્ણ મુદ્દા પર મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપણે જોઈ રહ્યા છીએ કે ભાજપની તાનાશાહી વધી રહી હતી અને લોકતંત્રની ખુલેઆમ હત્યા થઈ રહી હતી. ભાજપ દ્વારા એવો માહોલ બનાવવામાં આવ્યો કે જેમાં લોકશાહી બચાવવી હવે ખૂબ જ જરૂરી બની ગઈ હતી. માટે પાર્ટીથી ઉપર ઉઠીને દેશની ચિંતા કરવાની જરૂર બની. વ્યક્તિગત ફાયદાથી ઉપર ઉઠીને પણ કોણ ભાજપને હરાવીને દેશનું લોકતંત્ર બચાવી શકે એ મુદ્દા પર ઈન્ડિયા ગઠબંધન આગળ વધ્યું છે. જેના કારણે ભાજપના પેટમાં તેલ રેડાયું હતું. ભાજપે ઘણા ષડયંત્ર રચ્યા, આપણે જોયું કે મહારાષ્ટ્રમાં સરકાર પાડી દેવી, પાર્ટીઓ તોડી નાખવી, બિહારમાં સરકારમાં ઉલટફેર કરી નાખવું, અરવિંદ કેજરીવાલજીને એક પછી એક ઈડીના સમન્સ મોકલવા અને ધમકી અપાવવી કે તમે ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ ન થતા. આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં આઠ સીટ માંગી છે. અમે જામનગર, દાહોદ બારડોલી, અન્ય આદિવાસી વિસ્તાર છોટાઉદેપુર અને પંચમહાલમાં મજબૂત છીએ. અમે જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં પણ દાવા કરી શકતા હતા. પરંતુ અમે તમામે નક્કી કર્યું હતું કે શીર્ષ નેતૃત્વ દ્વારા દેશ બચાવવા માટે જે પણ નિણર્ય લેવામાં આવે તેને માન્ય રાખવામાં આવશે. કારણ કે ચૂંટણીઓ આવશે અને જશે પરંતુ હાલ દેશ બચાવવો એ આપણી પહેલી ફરજ છે. અને એટલા માટે બે સીટો પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડવાની છે. ભરૂચ સીટ પર ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા અને ભાવનગર સીટ પર ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા ચૂંટણી લડશે. બાકી તમામ 24 સીટો પર કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી લડશે. હું કોંગ્રેસના

### ભાજપને હરાવીને દેશનું લોકતંત્ર બચાવીએ, એ મુદ્દા પર ઈન્ડિયા ગઠબંધન આગળ વધ્યું છે: ઈસુદાન

આવનારા તમામ ઉમેદવારોને અભિનંદન આપું છું. હું તેમને ખાતરી આપું છું કે કોંગ્રેસની 24 સીટો પર આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દેશ બચાવવા માટે કામ કરશે. એવી હવા બનાવવામાં આવી હતી કે ઈન્ડિયા ગઠબંધન તૂટી જશે, અમારા અને બીજી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓને પણ ભરમાવવામાં આવતા હતા. પરંતુ આવી તમામ કોશિશોની હવા નીકળી ગઈ છે. હાલ આ ગઠબંધન લોકસભા ચૂંટણી માટે છે અને આવનારી ચાર વિધાનસભાની પેટાચૂંટણીના સમાચાર થોડા દિવસમાં આવી જશે. અમે કોંગ્રેસ પાર્ટીને તમામ 24 સીટો ઉપર મદદ કરવા માટે તૈયાર છીએ અને અમે કોંગ્રેસ પાસે પણ આશા રાખીએ છીએ કે ઈન્ડિયા ગઠબંધનનો ઉમેદવાર જીતે એ માટે આમ આદમી પાર્ટીને મદદ કરે અને ગઠબંધનની ફરજ નિભાવે. આપણે સાથે મળીને એવા પ્રયાસ કરવાના છે કે ભાજપ આ વખતે 26માંથી 26 સીટો ન જીતી શકે. હાલ ચૈતરભાઈ વસાવા અને ઉમેશભાઈ મકવાણાએ જોરશોરથી પોતાનો પ્રચાર શરૂ કરી દીધો છે. અમને પૂરી આશા છે કે ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવારો ખુબ જ સારી લીડ સાથે ચૂંટણી જીતશે.

આજે અમે સૌ દેશ બચાવવા માટે ભેગા થયા છે કારણ કે કોઈના બે-ત્રણ સાંસદો વધારે ઓછા આવશે એ વાત મહત્વપૂર્ણ નથી. પરંતુ મહત્વપૂર્ણ વાત એ છે કે કોણ મજબૂતીથી લડીને આ દેશમાં લોકતંત્રને બચાવી શકે છે. જો બધી પાર્ટીઓ ઈન્ડિયા ગઠબંધનમાં એક રહી જાત તો 370ની વાત કરવા વાળા કદાચ 170ની પણ વાત ન કરી શકતા. બીજી પાર્ટીના નેતાઓ પાસે કોઈ મજબૂરીઓ હશે, પરંતુ અરવિંદ કેજરીવાલજી એવા નેતા છે કે આમ આદમી પાર્ટીના તમામ વરિષ્ઠ નેતાઓને જેલમાં નાખ્યા તેમ છતાં પણ અડીખમ રીતે અરવિંદ કેજરીવાલજી આગળ વધ્યા.

# ભરૂચ લોકસભા પરથી 'આપ' ઉમેદવાર ચૈતરભાઈ વસાવાના નામ પર ઈન્ડિયા ગઠબંધનની મહોર લાગી

### ભરૂચ લોકસભા સીટ જીતીને અમે સ્વર્ગસ્થ અહેમદ પટેલજીને શ્રદ્ધાંજલિ આપીશું: ચૈતર વસાવા

અમદાવાદ/ભરુચ/ગુજરાત



આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના દિગ્ગજ નેતા ચૈતરભાઈ વસાવાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતાં જણાવ્યું હતું કે, આજરોજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું ઈન્ડિયા ગઠબંધન ગુજરાતમાં લાગુ થયું છે અને ભરૂચ લોકસભા સીટ પરથી મારા નામની જાહેરાત થઈ છે, તેને અમે વધાવી લઈએ છીએ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેજી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીજી અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલજી તથા અહેમદ પટેલ સાહેબના પરિવારના મમતાજી અને ફૈઝલજીનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. અમે તેમને વિશ્વાસ આપીએ છીએ કે કોંગ્રેસના તમામ સાથીઓને સાથે લઈને અને વિશ્વાસમાં લઈને આગળ વધીશું અને સાથે મળીને રણનીતિ બનાવીશું. ભરૂચ લોકસભા સીટ જીતીને અમે સ્વર્ગસ્થ અહેમદ પટેલજીને શ્રદ્ધાંજલિ આપીશું. આજે સ્વાભિમાન યાત્રાનો ત્રીજો દિવસ છે અને તેમાં ભરૂચ જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ સહિત કોંગ્રેસના તમામ આગેવાનો આ યાત્રામાં જોડાય અને સાથે મળીને જન સંપર્ક કરીએ તે માટે હું આમંત્રણ આપું છું. હું તેમને વિશ્વાસ અપાવવા માગું છું કે સાથે મળીને આ લોકતંત્ર બચાવવાની લડાઈમાં આગળ વધીશું અને સાથે મળીને રણનીતિ બનાવીશું તો આપણે ચોક્કસ આ લોકસભા ચૂંટણી જીતીશું અને ભરૂચ લોકસભાની સીટ ઈન્ડિયા ગઠબંધનને આપી શકીશું.

# ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે સ્વ - સ્વરૂપ સંપ્રદાય દ્વારા રક્તદાન શિબિરનું આયોજન

સુશીલ પવાર | ડાંગ



સ્વ-સ્વરુપ સંપ્રદાય ડાંગ દ્વારા આહવા સ્વરાજ આશ્રમ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.આ શિબિરમાં 170 જેટલી રક્ત બોટલનું સંકલન કરવામાં આવ્યુ હતુ.અનંત વિભુષિત જગદગુરુ રામનંદાચાર્યં સ્વામી નરેન્દ્રાચાર્યંજી મહારાજ દક્ષિણાપીઠ નાણિજધામનાં સ્વ-સ્વરુપ સંપ્રદાય ડાંગ દ્વારા આહવા સ્વરાજ આશ્રમ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ શિબિરમાં 170 જેટલી રક્ત બોટલ એકત્ર કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે સ્વ-સ્વરુપ સંપ્રદાય દ્વારા 5 રાજ્યોમાં શિબિરનુ આયોજન કરવામાં આવેલ છે.જેમા 70,000 થી વધુ રક્તકુપિકાની નોંધ હમણા સુધી થઇ ચૂકી છે.ડાંગમાં 170 જેટલી રક્ત બોટલનું સંકલન કરવામાં આવ્યુ હતુ. જે આજ સુધીની સૌથી વધુ રક્તદાન છે.આ કાર્યક્રમનું સફળ અને સુચારુ આયોજન શુકનભાઈ ચૌધરી,સિતારામભાઈ ગાવિત,મુરલીધર બાગુલ,લલીત પટેલ,હેમંતભાઇ બાગુલ તથા બ્લડ એન્ડ નિડનાં પ્રમુખ સંજયભાઇ માળી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# લીમખેડા નવીન પોલીસ લાઇનમાં પાણી માટેની સુવિધા ઉપલબ્ધ નથી

દિપક રાવલ | લીમખેડા દાહોદ



નવીન પોલીસ કવાર્ટર બનાવ્યા પણ પાણી માટેની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. હાલ પોલીસ સ્ટેશન કંપાઉન્ડમા આવેલ પાણીના જુના બોરમાંથી સમગ્ર પોલીસ લાઈનમા તેમજ પોલીસ સ્ટેશનમા પાણીનો ઉપયોગ કરવામા આવે છે. પંચાયત તરફથી પાણી અઠવાડિયામાં એકાદ વાર અપાય છે.

આ બાબતે સ્થાનીક પંચાયતના વારંવાર રજૂઆત કરવામાં આવતા છતાં તલાટીશ્રીને ધ્યાન દોરવામાં આવતું નથી. પ્રજા માટે દિવસ રાત કામ કરતી પોલીસ ને જ સુવિધા નો અભાવ પડતો હોય તો, આમ વક્તિ નું હાલત થાય, નવીન પોલીસ લાઈન ખાતે નવીન હેડપંપ તથા કચરા પેટી માટે લેખિત રજુઆત કરવા છતા હાલ સુધી કોઈ સુવિધા કરવામા આવેલ નથી. નવીન હેડપંપ તથા નવીન પાણીનો બોર સ્વ - ખર્ચે કરવામા આવે તો પોલીસ કર્મચારીઓની પાણીની સુવિધા મળી રહે તેમ છે. હાલ કર્મચારીઓ પીવાના પાણીની જગ બહારથી પોતાના ખર્ચે મંગાવવા પડે છે. આ સમગ્ર અગવડતા વહેલી તકે પુરી થાય એવી લીમખેડા પોલીસ માંગણી કરી હતી. આ નવીન પોલીસ લાઈન પાણીના બોરની વ્યવસ્થા પહેલાથી જ કરવામાં આવી નથી કે પછી પાણી ના બોર ખાલી માત્ર પેપર જ બોલાય રહ્યું છે, તે બાંધકામ કરતી એજન્સી સામે સવાલ ઉઠે રહ્યા છે.




**દિપક રાવલ લીમખેડા** | લીમખેડા ની શ્રી હસ્તેશ્વર ખાતે રમોત્સવ ઉજવવામાં આવ્યો હતો સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા રીબીન કાપી રમોત્સવ ને ખુલ્લો મુક્યો હતો જેમાં લીંબુ ચમચી, કોથળાદોડ, સંગીત ખુરશી વગરે રમતો યોજાઈ હતી જેમાં વિજેતા થયેલ બાળકોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી

# લીમખેડા નવીન પોલીસ લાઇનમાં પાણી માટેની સુવિધા ઉપલબ્ધ નથી

દિપક રાવલ | લીમખેડા દાહોદ



નવીન પોલીસ કવાર્ટર બનાવ્યા પણ પાણી માટેની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. હાલ પોલીસ સ્ટેશન કંપાઉન્ડમા આવેલ પાણીના જુના બોરમાંથી સમગ્ર પોલીસ લાઈનમા તેમજ પોલીસ સ્ટેશનમા પાણીનો ઉપયોગ કરવામા આવે છે. પંચાયત તરફથી પાણી અઠવાડિયામાં એકાદ વાર અપાય છે.

આ બાબતે સ્થાનીક પંચાયતના વારંવાર રજૂઆત કરવામાં આવતા છતાં તલાટીશ્રીને ધ્યાન દોરવામાં આવતું નથી. પ્રજા માટે દિવસ રાત કામ કરતી પોલીસ ને જ સુવિધા નો અભાવ પડતો હોય તો, આમ વક્તિ નું હાલત થાય, નવીન પોલીસ લાઈન ખાતે નવીન હેડપંપ તથા કચરા પેટી માટે લેખિત રજુઆત કરવા છતા હાલ સુધી કોઈ સુવિધા કરવામા આવેલ નથી. નવીન હેડપંપ તથા નવીન પાણીનો બોર સ્વ - ખર્ચે કરવામા આવે તો પોલીસ કર્મચારીઓની પાણીની સુવિધા મળી રહે તેમ છે. હાલ કર્મચારીઓ પીવાના પાણીની જગ બહારથી પોતાના ખર્ચે મંગાવવા પડે છે. આ સમગ્ર અગવડતા વહેલી તકે પુરી થાય એવી લીમખેડા પોલીસ માંગણી કરી હતી. આ નવીન પોલીસ લાઈન પાણીના બોરની વ્યવસ્થા પહેલાથી જ કરવામાં આવી નથી કે પછી પાણી ના બોર ખાલી માત્ર પેપર જ બોલાય રહ્યું છે, તે બાંધકામ કરતી એજન્સી સામે સવાલ ઉઠે રહ્યા છે.

# ડેડાણ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન ગણિતનું પ્રદર્શન યોજાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ખાભા તાલુકા ની શ્રી ડેડાણ પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન તેમજ વાલી મીટીંગ નું આયોજન કરાયું. આ વર્ષે શાળા શ્રી ડેડાણ કુમાર પે સેન્ટર શાળામાં કુમાર શાળા તેમજ કન્યા શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન કરાયું હતું. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યેની સભાનતા આવે તેમજ પ્રાથમિક કક્ષાએથી ગણિત વિષયનો ડર દૂર થાય તે હેતુસર ડેડાણ કુમાર શાળા અને કન્યા શાળા આચાર્ય નરેશભાઈ સોલંકી તેમજ જયેશભાઈ. ના માર્ગદર્શન હેઠળ ગણિત વિજ્ઞાનના શિક્ષક શ્રી પ્રતિકભાઈ. તથા શોભનાબેન ના સહિયારા પ્રયત્નોથી ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું સફળતાપૂર્વક આયોજન થયેલ આ સમગ્ર કાર્યક્રમમાં ડેડાણ રાજવી પરિવારના દરબાર શ્રી ભુપેન્દ્રભાઈ કોટીલા. દરબાર શ્રી ઈન્દ્રજીતભાઈ કોટીલા. સરપંચ શ્રી અલારભાઈ પઠાણ. સદસ્યશ્રી ઈસ્માઈલભાઈ પઠાણ. દતેશભાઈ જાની. જીગરભાઈ જોશી. યોગેશભાઈ જાની.

### રાજુલા પોલીસ સ્ટેશનમાં 7 વર્ષની બાળકીના અપહરણના ગુન્હાનો તથા

# રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો પેરોલ જમ્પ થયેલ આરોપીને શોધી કાઢતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબનાઓએ રેન્જના જીલ્લાઓમા નાના બાળકોના ગુમ તથા અપહરણ સંબંધી ગુન્હાઓમાં ભોગ બનનાર બાળકોને શોધી કાઢવા તથા આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ, તેમજ નાસ્તા-ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર થયેલ આરોપીઓને પકડી પાડવા ખાસ ઝુંબેશ રાખેલ હોય જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.બી.વોરા સાહેબનાઓએ ગુમ/અપહરણ બાળકો તથા નાસ્તા-ફરતા આરોપી પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ જુલા પો.સ્ટે.માં આઈ.પી.સી. કલમ ૩૬૩ મુજબના ગુન્હાના કોઈ અજાણ્યો આરોપી ફરીયાદીની સગીર વયની દિકરીને અપહરણ કરી લઈ ગયેલ હોય જે બાબતે ફરીયાદી રાજુલા પોલીસ સ્ટેશન દોડી આવેલ અને તાત્કાલીક ધોરણે બાળકીને શોધી કાઢવા રાજુલા પોલીસ સ્ટેશનની અલગ-અલગ ટીમો બનાવી તાત્કાલીક બનાવ સ્થળે જઇ અપહરણ થનાર બાળકીને શોધી કાઢવા રાજુલા પોલીસ બનાવવાળી જગ્યાએ પહોંચી શહેરના સીસીટીવી કેમેરાની મદદ લઇ આરોપીની ભાળ મેળવતા મજકુર આરોપી અગાઉ વંડા પોલીસ સ્ટેશનમાં સગીરવયની બાળકીના અપહરણ તથા બળાત્કારના ગુન્હામાં રાજકોટ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવતો હોય અને 10 દિવસના ઉપર જેલ મુક્ત થઇ અને ફરાર થયેલ હોય જે બાબતે આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ હોય જે આરોપીને અપહરણ થયેલ બાળકી સાથે ગણતરીના કલાકોમાં રાજુલા પોલીસ ટીમ દ્વારા પકડી પાડેલ છે.

# ચાણસ્મા મહેસાણા રોડ ઉપર વાહન ચાલકોને જીવનું જોખમ

નીતિન ઠાકર | ચાણસ્મા

ડાયવર્ઝન ના કારણે ચાણસ્મા મહેસાણા રોડ સર્પાકાર બનતાં અને ડાયવર્ઝન નજીક નાની કપચી ઓછી સિમેન્ટ પાથરી બનાવેલા રોડ થી ધૂળ ની ડમરી ઓ ના ભોગ બનતા વાહન ચાલકો ગોંઝારીયા મહેસાણા ચાણસ્મા થઈ પાટણ ના ચાર માર્ગીય રોડ ના નવીન કરણ નું કામ પુર જોશ માં ચાલી રહ્યું છે ત્યારે ચાણસ્મા થીં મહેસાણા તરફ ના અંદાજે ૫૦ કિલો મિટર ના રોડ પર ક્યાક નાળા બનાવવાની તો ક્યાંક રોડ પહોળો કરવાની કામ ગીરી યુદ્ધ ના ધોરણે ચાલતી હોવાથી વાહનો માટે રોડ ની બાજૂ માં ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. જેના કારણે ચાણસ્મા મહેસાણા જતાં ધિણોજ સુધી નો રોડ સર્પાકાર જેવો થઈ જતાં અને ડાયવર્ઝન નજીક માત્ર ઓછી કપચી નો માલ પાથરી અવરોધક રોડ બનાવતાં વાહનો પસાર થતા સમયે ધૂળ ની ડમરી ઓ ઉડતા ખાસ કરીને દ્વીચક્રીય વાહનો માટે આ રોડ જીવના જોખમ સમો બન્યો છે. બાઈક ચાલક વિપુલજી ઠાકોરે જણાવ્યું હતું કે ઝિલીયા કંપનીમાં રોજ જીવ ના જોખમે ચાણસ્માથી ઝિલીયા સુધી બાઈક લઈ જૂઇ રહ્યા છીએ.

# ગલકુંડમાં વનલક્ષ્મી યોજનામાં 411 લાભાર્થીઓને 44 લાખનાં લાભો એનાયત કરાયા

સુશીલ પવાર | ડાંગ



પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લો વન સંપદાથી સમૃદ્ધ જોવા મળે છે. ડાંગ જિલ્લામાં વનોની જાળવણી માટે વન વિભાગ અહમ ભૂમિકા ભજવી રહી છે.સાથે વનોનાં ઉપજ થકી સ્થાનિક લેવલે કરોડો રૂપિયાનાં લાભો આપી છેવાડેનાં માનવીનાં સર્વાંગી વિકાસમાં ભાગીદાર બની રહ્યુ છે.જેનુ ઉત્તમ ઉદાહરણ દક્ષિણ ડાંગ વન વિભાગની ગલકુંડ રેંજમાં જોવા મળ્યુ છે.ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગના ગલકુંડ રેંજમાં આજરોજ ગુજરાત વિધાનસભાનાં નાયબ દંડક વિજયભાઈ પટેલની ઉપસ્થિતમાં વનલક્ષ્મી યોજના અંતર્ગત 411 જેટલા લાભાર્થીઓને 44 લાખની સાધન સામગ્રીનું વિતરણ કરાયુ.અહી કાર્યક્રમનું સ્વાગત પ્રવચન દક્ષિણ ડાંગ વન વિભાગનાં એ.સી.એફ આરતીબેને ડામોર દ્વારા કરી વનલક્ષ્મી યોજના અંતર્ગત ઉપસ્થિત તમામ પદાધિકારીઓ અધિકારીઓ અને વન વિભાગની મંડળીઓ તથા ગ્રામજનોને આવકાર્યા હતા.અહી દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.રવિપ્રસાદ રાધાક્રિષ્નાએ જણાવ્યુ હતુ કે વનલક્ષ્મી યોજના અંગે હમેશા હું વિચાર કરતો અને આ યોજનાને કઈ રીતે સફળ કરવી તે માટે વિચારવિવશ બનતો.થોડા સમય અગાઉ રાજ્યનાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ડાંગની મુલાકાત લીધી તે દરમ્યાન માલિકી અને વનલક્ષ્મી યોજનાની એક સ્કીમ આપવામાં આવી.જેમાં વનનાં સ્વરૂપે લોકોને લક્ષ્મી મળી રહે અને જે વનલક્ષ્મી યોજના આજે ખરા અર્થમાં ફળીભૂત થઈ તમામની સામે ઉભી છે.ડાંગ જિલ્લામાં વનો અનેક રૂપમાં જોવા મળે છે.વનો અગ્નિ, વાયુ, ધનવન્તિરી તથામાં અન્નપૂર્ણાનું રૂપ છે.એક જ જંગલ અનેક દેવો દેવતાઓનું રૂપ છે.ગુજરાતમાં ડાંગનું જંગલ ઘનિષ્ટ જોવા મળે છે.સાથે ડાંગ જિલ્લામાં ધારાસભ્ય અને ગ્રામજનો જંગલ પ્રત્યે સંવેદનશીલ છે.જે ગૌરવની બાબત છે.જેથી માનવીએ જંગલનાં બચાવ માટે નજીક આવવુ જોઈએ.સાથે સ્થાનિકોએ કિંમતી જંગલનાં કટિંગની ગેરકાયદેસર કામગીરીને અટકાવવી જોઈએ.ડાંગની ઓળખ જ જંગલો છે.જંગલો થકી અહી પ્રવાસીઓ આવે છે.જેથી જંગલોનું રક્ષણ કરવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ દંડક વિજયભાઈ પટેલે ધરતી માતાની જયકારને વધાવી લઈ ઉપસ્થિત ગ્રામજનોને વનલક્ષ્મી યોજનાની માહિતી આપી હતી.તેઓએ જણાવ્યુ હતુ કે ગલકુંડ રેંજમાં વનલક્ષ્મી યોજનામાં 411 લાભાર્થીઓને 44 લાખનાં માતબર રકમનાં લાભો એનાયત થાય છે જે ગૌરવની બાબત જણાવી હતી.જંગલ વિસ્તારમાં મંડળીઓ દ્વારા કુપો કાપવામાં આવે છે.જેમાં સરકારનાં 80 ટકા અને મંડળીઓની 20 ટકા ભાગીદારીથી કામો થતા આ લાભો મળી રહ્યા છે.આ લાભો આપણને જંગલ થકી મળી રહ્યા છે.જંગલો જ ડાંગનું ઓળખ છે.ડાંગનાં રાજા રજવાડા થકી સચવાયેલ જંગલોનાં પગલે આજે આપણને સર્વાંગી વિકાસનાં અનેકવિધ લાભો મળી રહ્યા છે.આવનાર પેઢી માટે જંગલો નવી ઓળખ આપે તેવા કામો કરવા જોઈએ. જંગલો થકી આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.આદિવાસીઓ પ્રકૃતિ પૂજક હોય જેથી જંગલોની જાળવણી વન વિભાગ જ નહીં પરંતુ સ્થાનિક લોકો પણ કરે તેવો અનુરોધ કર્યો હતો. વધુમાં ડાંગ જિલ્લામાંથી બહાર લાકડાની તસ્કરી કરનાર પકડાશે તો તેઓની સેહ શરમ રાખ્યા વગર કડક કાર્યવાહીનાં નિર્દેશો આપ્યા હતા.ડાંગ જિલ્લાનાં ગલકુંડ રેંજ દ્વારા આયોજીત વન લક્ષ્મી યોજનાનાં કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ લાભાર્થીઓને પાણીની ટાંકી, તાડપત્રી, વાસણો, મંડપ સહીતની વસ્તુઓનું વિતરણ કર્યા બાદ વૃક્ષારોપણ પણ કર્યું હતુ. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ,દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ. રવિપ્રસાદ રાધાક્રિષ્ના, દક્ષિણ વન વિભાગનાં એ.સી.એફ સુરેશકુમાર મીનાએસીએફ આરતી ડામોર, ડાંગ જિલ્લા પંચાયતનાં આરોગ્ય સમિતિનાં અધ્યક્ષ મયનાબેન બાગુલ,લીંગાનાં રાજવી છત્રસિંહ સૂર્યવંશી,આહવા તાલુકા કારોબારી ચેરમેન વિજયભાઈ ચૌધરી, ગલકુંડ રેંજનાં આર.એફ.ઓ બી.ઓ.પરમાર સહિત મંડળીઓનાં પ્રમુખ મંત્રી,લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાકિસ્તાનમાં રાજકીય પછી હવે ડિજિટલ અંધારપટ ચાલી રહ્યો છે

પાકિસ્તાનની ચૂંટણીઓ અને તેમાં થયેલી ઘાલમેલથી વિશ્વના ટોચના દેશો અને પાકિસ્તાનને નાણું ધીરતા દેશો નારાજ છે. પાક્સ્તિાનની પ્રજા આર્થિક અંધારપટ, રાજકીય અંધારપટ બાદ હવે ડિજિટલ અંધારપટનો સામનો કરી રહી છે. છેલ્લા બે મહિનાથી પાકિસ્તાનના ૧૨૮ મિલિયન જેટલા ઈન્ટરનેટ વપરાશકારો માથું કૂટી રહ્યા છે. ફેસબુક, યુટયુબ અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અવારનવાર ઠપ્પ થઈ રહ્યા છે.

આપણે ત્યાં કિસાન આંદોલન દરમ્યાન અફવાઓને કારણે આંધાધૂંધી ન ફેલાય તે માટે પંજાબ-હરિયાણાના અમુક હિસ્સાઓમાં ઈન્ટરનેટ બંધ કરી દેવાયું હતું. મણિપુરના હિંસાચાર દરમ્યાન પણ ઈન્ટરનેટ બંધ હતું, તો ઉત્તરાખંડમાં તાજેતરમાં થયેલાં તોફાનો વખતે પણ ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું હતું. ભારતમાં ઈન્ટરનેટ બંધ થાય તોય તે બહુ ટૂંકી અવધિ માટે હોય છે અને તે પણ મર્યાદિત વિસ્તારોમાં જ. આ અંગે આગોતરી જાહેરાત પણ કરી દેવામાં આવે છે. પાકિસ્તાનમાંતો કશી જ પૂર્વસૂચના વગર આખા દેશમાં ઈન્ટરનેટ બંધ રખાયું છે.



પાકિસ્તાનમાં ઈન્ટરનેટ બંધ રાખવાનું એક કારણ ત્યાં ચાલતી સત્તાની સાઠમારી વિશ્વની નજરમાં ન આવે તે પણ છે. પાકિસ્તાનમાં ક્યારે નવી સરકાર રચાશે અને ક્યારે તૂટી પડશે તે કહી શકાતું નથી.

પાકિસ્તાનમાં ટ્વિટર છેલ્લા ૭૨ કલાકથી બંધ છે. આમ તો ૮ ફેબ્રુઆરીથી જ અહીં ઈન્ટરનેટ ડચકાં ખાઈ રહ્યું છે. તે ચાલતું હોય ત્યારે સ્પીડના ધાંધિયા હોય છે, જેના કારણે વીડિયો અપલોડ થઈ શકતા નથી. પાકિસ્તાનમાં લોકો કોની સરકાર બની કે કોણ વડાપ્રધાન બન્યું તે વિશે ખાસ ચિંતા નથી કરતા, પણ ઈન્ટરનેટ શરૂ થયું કે નહીં તેની ચિંતા વધારે કરે છે. પાકિસ્તાનમાં ઈન્ટરનેટના ધાંધિયા એ કંઈ નવી વાત નથી. જ્યારે પણ કોઈ રાજકીય ઉથલપાથલ થાય ત્યારે સૌથી પહેલું કામ ઈન્ટરનેટ બંધ કરી દેવાનું કરવામાં આવે છે. ગયા વર્ષે ઈમરાન ખાનની ધરપકડ થઈ ત્યારે ચાર દિવસ માટે આખા દેશમાં ઈન્ટરનેટ બંધ કરી દેવાયું હતું. આમ તો ગયા આખા વર્ષ દરમિયાન ઓછામાં ઓછું છ વાર ઈન્ટરનેટ નિષ્ક્રિય કરી દેવાયું હતું.

વિશ્વમાં સૌથી વધુ વાર ઈન્ટરનેટ બંધ કરતા દેશોમાં પાકિસ્તાનનો ત્રીજો નંબર આવે છે. પાકિસ્તાનનું ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ વારંવાર ત્યાંના શાસકોને કહે છે કે ઈન્ટરનેટ હાલતાંચાલતાં બંધ કરી દેવાથી ડિજિટલ ઈકોનોમીને અસર થાય છે. પાકિસ્તાનની ઈન્સ્ટિટયુટ ઓફ ડેવલપિંગ ઈકોનોમિક્સ કહે છે કે ઈન્ટરનેટ બંધના કારણે દેશને ૧.૩ અબજ રૂપિયાનો ફટકો પડયો છે. પાકિસ્તાનમાં ચાલતી ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમ વગેરનું નેટવર્ક ખોરવાઈ ગયું છે.હકીકત તો એ છે કે ઈન્ટરનેટ બંધ કરવું એ આજે માણસના મૂળભૂત અધિકારનો ભંગ કરવા સમાન છે.

વિશ્વમાં અનેક દેશ ઈન્ટરનેટ બંધ કરતા ખચકાતા નથી. છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬ દેશોએ ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુક્યો હતો. ઈન્ટરનેટ બંધ કરવાથી અફવાઓ પ્રસરતી બંધ થાય છે. ઈન્ટરનેટ પર ફેલાતી અફવાઓ બહુ નુક્સાન કરી શકે છે. કેટલાક તોફાની જૂથો અફવાઓ પમ્પ કર્યા કરે છે અને શાંત વાતાવરણનો ડહોળી નાખવામાં સફળ થાય છે.

અહીં ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન હાલ જેલમાં હોવા છતાં તેમણે ઈન્ટરનેશનલ મોનીટરી ફંડને લખ્યું છે કે અમારા દેશનાં ચૂંટણી પરિણામોનું ઓડિટ કરાવો. બીજી તરફ, અમેરિકાએ પાકિસ્તાનના સત્તાવાળાઓને કહ્યું છે કે વહેલી તકે ઈન્ટરનેટ શરૂ કરો. પાકિસ્તાનના ઈન્ટરનેટ વપરાશકારો ઈન્ટરનેટ કનેક્શન માટે વલખાં મારી રહ્યા છે.

પાકિસ્તાનની ચૂંટણીઓમાં ઉમેદવારોને જીતાડવાના ગતકડાં એટલા મોટા પાયે થયાં છે કે તેની તપાસનો દોર બહુ લાંબો ચાલે એમ છે. પાકિસ્તાનમાં ૮ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં બેફામ ગેરરીતિ થઈ હોવાથી તે પાકિસ્તાન માટે શરમ કથા સમાન બની ગઈ છે. પાકિસ્તાનમાં ફરી જૂનાજોગીઓનું જોડાણ થઈ રહ્યું છે અને તેમની સરકાર બની શકે છે.

# સ્ટીલ ક્ષેત્રે ભારત ઈમ્પોર્ટરના બદલે એક્સપોર્ટર દેશ બન્યો



દેશમાં આયર્ન એન્ડ સ્ટીલ લોખંડ અને પોલાદ બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે પ્રવાહો પલ્ટાતા જોવા મળ્યા છે. તાજેતરના બજેટમાં સરકારે દેશમાં બાંધકામ તથા ઈન્ફ્રાસ્ટ્રકચરહ ક્ષેત્રને વેગ આપવા વિવિધ પગલાં જાહેર કર્યા છે તથા તેના પગલે આગળ ઉપર ઘરઆંગણે સ્ટીલ બજાર તથા ઉદ્યોગમાં માગ વધવાની આશા જન્મી છે જ્યારે નિકાસ ક્ષેત્રે પણ પ્રોત્સાહક સમાચાર સ્ટીલ બજાર માટે તાજેતરમાં બહાર આવ્યા છે. દેશમાથી સ્ટીલની નિકાસમાં તાજેતરમાં ખાસ્સી વૃદ્ધી થયાના વાવડ મળ્યા છે. સ્ટીલ લોખંડ બજારના જાણકારોના જણાવ્યા મુજબ આ પૂર્વે છેલ્લા આશરે ૯ મહિનાના ગાળામાં ભારતમાંથી સ્ટીલની નિકાસ ઓછી અને દેશમાં સ્ટીલની આયાત વધુ થતી જોવા મળી હતી અને આ ૯ મહિનાના ગાળામાં ભારત દેશ સ્ટીલ-લોખંડના સંદર્ભમાં નેટ આયાતકાર દેશ બની ગયો હતો. જોકે હવે સિનારીયો બદલાતો જોવા મળ્યો છે. તાજેતરમાં જાન્યુઆરી મહિનાના બહાર આવેલા આંકડામાં પ્રવાહ પલ્ટાતો થયાના સંકેતો મળ્યા છે એવું સ્ટીલ ઉદ્યોગના જાણકારો જણાવી રહ્યા હતા. તાજેતરમાં બહાર આવેલા આંકડાઓ મુજબ દેશમાંથી સ્ટીલ-લોખંડની નિકાસ જાન્યુઆરીમાં ડિસેમ્બરની સરખામણીએ આશરે ૨૯થી ૩૦ ટકા જેટલી નોંધપાત્ર ઉંચી ગઈ છે. તથા જાન્યુઆરીમાં આવી નિકાસ વધી ૦.૯૦ મિલીયન ટન થઈ છે. આવી નિકાસ ૨૦૨૩ના જાન્યુઆરીની સરખામણીએ આશરે ૪૨થી ૪૩ ટકા જેટલી વધી હોવાનું જાણકારોએ જણાવ્યું હતું. આવા માહોલમાં નેટ ઈમ્પોર્ટરના બદલે હવે ભારત દેશ સ્ટીલમાં નેટ એક્સપોર્ટસ દેશ તરીકે બહાર આવ્યું છે. જો કે જાન્યુઆરી બાદ હવે પછીના મહિનાઓમાં આવો ટ્રેન્ડ કેવો જળવાય છે તેના પર બજારના ખેલાડીઓની નજર રહી છે. કેન્દ્ર સરકારના સ્ટીલ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ ગયા વર્ષે એપ્રિલ મહિનાથી આપણો દેશ સ્ટીલનો નેટ આયાતકાર દેશ બની ગયો હતો અને આવી વિપરીત સ્થિતિ છેક ડિસેમ્બર મહિના સુધી ચાલી હતી એ જોતાં આવી સ્થિતિ ૯ મહિના સુધી ચાલુ રહ્યા પછી હવે જાન્યુઆરી મહિનામાં આ દિશામાં સારા સંકેતો આવ્યા છે તથા સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. દેશમાંથી સ્ટીલ લોખંડની નિકાસ ડિસેમ્બરમાં ૦.૬૫ મિલીયન ટન થઈ હતી તે જાન્યુઆરીમાં વધી ૦.૯૦ મિલીયન ટન નોંધાઈ છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં આવી નિકાસ ૦.૬૦ મિલીયન ટન થઈ હતી. દરમિયાન, દેશમાં ગયા વર્ષે એપ્રિલથી ડિસેમ્બરના ગાળામાં સ્ટીલની કુલ આયાત આશરે ૬.૮૦ મિલીયન ટન થઈ હતી જ્યારે આ ગાળામાં દેશમાંથી સ્ટીલની કુલ નિકાસ ૫.૫૦ મિલીયન ટન થઈ હતી. આમ આ ગાળામાં સ્ટીલના સંદર્ભમાં આપણો દેશ નેટ આયાતકાર દેશ બની ગયો હતો. આ પૂર્વે ૨૦૨૨ના વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બરના ગાળામાં દેશમાં સ્ટીલની આયાત પાંચ મિલીયન ટન તથા સ્ટીલની નિકાસ ૫.૪૦ મિલીયન ટન થઈ હતી અને એ ગાળામાં આપણો દેશ સ્ટીલમાં નેટ નિકાસકાર દેશ બન્યો હતો. હવે જાન્યુઆરીના બહાર આવેલા આંકડાઓ મુજબ ૨૦૨૨ની સ્થિતી ફરી સ્ટીલ બજાર તથા ઉદ્યોગમાં પાછી ફરે એવી શકયતા જણાઈ રહી છે. સ્ટીલ ઉદ્યોગના જાણકારોના જણાવ્યા મુજબ તાજેતરમાં વિશ્વ બજારમાં સ્ટીલના ભાવ ઉંચા જતાં ભારતના સ્ટીલમાં દરિયાપારથી પૂછપરછો તથા માગમાં વૃદ્ધી જોવા મળી છે. જાન્યુઆરી પછી ફેબ્રુઆરી તથા માર્ચના ૩ મહિનાના ગાળામાં દેશમાંથી સ્ટીલની નિકાસ વધવાની તથા દેશમાં સ્ટીલની આયાત ઓછી રહેવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા.

# AI ક્ષેત્રે ભારતનો હનુમાન કૂદકો BharatGPTના પ્રયાસો સફળ

ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે હરણફાળ ભરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીના ટેકાથી શરૂ કરાયેલા BharatGPTએ સ્પીચથી ટેક્સ્ટમાં રૂપાંતરિત કરી શકે એવું બહુભાષી હનુમાન ચેટબોટ સોફ્ટવેર માર્ચ મહિનામાં લોન્ચ કરવા માટેની તૈયારીઓ આરંભી દીધી છે. AI ટેકનોલોજી ક્ષેત્રમાં મુકેશ અંબાણીના ટેકાથી શરૂ કરાયેલી ભારતની પહેલી ChatGPT સર્વિસ જેવી BharatGPT શરૂ કરાઈ છે. તેમાં દેશની ટોચની આઠ એન્જિનીયરિંગ કોલેજનો સહકાર મળ્યો છે. આગામી માર્ચ માસમાં હનુમાન ચેટબોટ લોન્ચ થશે ત્યારે AI ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ચાલતાં સંશોધનોમાં ભારત ગૌરવભેર પોતાની હાજરી નોંધાવી શકશે.




મુંબઈમાં ગઈ કાલે મળેલી ટેકોનોલોજી કોન્ફરન્સમાં ઉપરોક્ત બાબતની જાણ કરવામાં આવી હતી. ભારતનું મોડલ ૧૧ પ્રાદેશિક ભાષાઓમાં ઓપરેટ થઈ શકશે. હેલ્થકેર, ગવર્નન્સ, ફાયાનાન્શિયલ સર્વિસીસ અને એજ્યુકેશન - આ ચાર તેનાં મુખ્ય કાર્યક્ષેત્રો રહેશે. ભારતના ઓપન સોર્સ AI મોડલ 'સર્વમ્' અને 'કૃત્રિમ' પણ AI સંશોધનની રેસમાં જોડાયા છે. આ બન્નેને લાર્જ લેન્ગવેજ મોડલ (LLM)કહે છે. આઈઆઈટી-મુંબઈના નિષ્ણાતો કહે છે કે હનુમાન યુઝર-ફ્રેન્ડલી હશે અને ખાસ્સા પરફેક્શન સાથે સ્પીચ-ટુ-ટેક્સ્ટ કન્વર્ઝન કરી શકશે.

ભારતમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે કામ કરી શકે તેવા પ્રોફેશનલ્સની અછત છે. આઈટી એન્જિનીયરો ઘણા છે, પરંતુ તેમનામાં AI સંબંધિત વર્લ્ડ-ક્લાસ સ્કિલનો અભાવ જોવા મળે છે. ભારતમાં AI ક્ષેત્રે અત્યાર સુધી ખાસ કશું કામ થયું નહોતું. જોકે દેશની યુનિવર્સિટીઓ ખાસ્સી સક્રિય બનીને આ દિશામાં સંશોધન કરી રહી હતી. AI ટેકનોલોજી માટે અમેરિકા જેવા વિકસિત દેશો પાસેથી સહાય લેવી પડતી હતી.

રીલાયન્સે હનુમાન ચેટબોટની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. મોટી કંપનીઓ રિસર્ચ-એન્ડ-ડેવલપમેન્ટ માટે ઠીક ઠીક બજેટ ફાળવતી થઈ છે. તાજેતરમાં ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઓટોમેશનનું શિક્ષણ આપવા કેન્દ્ર સરકારે એક કંપની સાથે એમઓયુ કર્યા છે.

એક અંદાજ અનુસાર, આવનારા સમયમાં ભારતમાં ટેકનોલોજી સેક્ટરમાં ૪૭ લાખ નવી જોબ ઊભી થશે. ભારતના કામદારોને રી-સ્કિલ અને અપસ્કિલની જરૂર છે. રી-સ્કિલ એટલે રીફ્રેશર્સ કોર્સનું આધુનિક સ્વરૂપ અને અપસ્કિલ એટલે નવી માહિતીઓથી અપડેટેડ રહેવું. મિનિસ્ટ્રી ઓફ ટેકનિકલ એજ્યુકેશનના નેજા હેઠળ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) પહેલા વર્ષે 'સર્વિસ નાઉ' નામના પ્લેટફોર્મ પર ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્કિલ ટચ આપવા મથે છે. એમઓયુ અનુસાર દર ત્રણ વર્ષે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો પ્લાન કરવામાં આવ્યો છે.

AI ક્ષેત્રમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓ તૈયાર કરવા ડેવલપર્સ કોર્સ કરવા અંગે પણ વિચારણા થઈ રહી છે. એક અહેવાલ અનુસાર AI અને ઓટોમેશન ક્ષેત્ર સંયુક્તપણે ૧.૬ કરોડ જેટલી નવી જોબ ઊભી થશે. અલબત્ત, આ જોબ એવા લોકોને મળશે કે જે AI સંબંધિત સ્કિલ્સ ધરાવતા હશે.

ટેસ્લા કંપની AI સ્કિલ ધરાવતા ૨૦૦૦ પ્રોફેશનલ્સને નોકરી પર રાખવા માગે છે. ભારતમાં જનરેટીવ AIનો ઉપયોગ બિઝનેસ ક્ષેત્રમાં શરૂ થઈ ચૂક્યો છે. દરમ્યાન ઉદ્યોગ સંગઠન નાસ્કોમે કહ્યું છે કે ૨૦૨૭ સુધીમાં ભારતનું AI માર્કેટ ૧૭ અબજ ડોલરને વટાવી શકે છે. ભારતમાં આજે ભલે વર્લ્ડ-ક્લાસ ટેલેન્ટની અછત જોવા મળતી હોય, પરંતુ હાલ ૪,૨૦,૦૦૦ આઈટી કર્મચારીઓ AIના તખ્તા પર કામ કરી રહ્યા છે. ભારતમાં AI ટેલેન્ટની ડિમાન્ડમાં ૧૫ ટકાનો વધારો થયો છે. ભારતું ચેટબોટ હનુમાન અન્ય ચેટબોટ કરતાં વધુ ઉપયોગી બનશે તો તે AI ક્ષેત્રે ખરેખર હનુમાન કૂદકા સમાન સાબિત થશે એ તો નક્કી.

# ચીનના સિલ્ક રૂટનો વિકલ્પ ભારતે શોધી કાઢ્યો

ભારત-ગ્રીસ વચ્ચે સદીઓથી વેપાર થતો આવે છે. ભારતના વેપારીઓ મધ્યયુગમાં ગ્રીસ સુધી જઈને વેપાર કરતા હતા અને ગ્રીસથી પ્રતિનિધિઓ ભારતના રાજાઓના દરબારમાં આવતા હોવાનો ઈતિહાસ નોંધાયો છે. એલેક્ઝાન્ડર ધ ગ્રેટ - સિકંદરે ભારતના રાજા પોરસ સાથે યુદ્ધ કર્યું હોવાનું પણ નોંધાયું છે. વર્ષો સુધી ગ્રીસ ઓટોમન સામ્રાજ્ય અને તુર્કોના કબજામાં રહ્યા બાદ ૧૯મી સદીની શરૂઆતમાં સ્વતંત્ર થયું, પરંતુ તે વખતે ભારતમાં બ્રિટિશ રાજ હતું. તે ગાળામાં પણ બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન થતું હતું. કવિવર રવીન્દ્રનાથ ટાગોર ૧૯૨૬માં ગ્રીસની સાંસ્કૃતિક યાત્રાએ ગયા હતા અને ત્યાં તેમને ઉષ્માભેર આવકાર મળ્યો હતો. દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની ખરી શરૂઆત ૧૯૫૦થી થઈ. ભારતે જે વર્ષે બંધારણ અમલમાં મૂક્યું એ જ વર્ષથી ગ્રીસ-ભારતના રાજદ્વારી સંબંધોનો પ્રારંભ થયો હતો. ૧૯૮૩માં ઈન્દિરા ગાંધીએ ગ્રીસનો પ્રવાસ કરીને સંબંધોને વધારે મજબૂત બનાવ્યા હતા. તે વખતે ભારત-ગ્રીસ વચ્ચે દ્વિપક્ષીય સહયોગ વધારવાના કરારો થયા હતા. એનાં વર્ષો બાદ ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીસની મુલાકાત લીધી હતી.

ઓગસ્ટમાં ગ્રીસ પહોંચેલા મોદીનું ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનરથી સમ્માન થયું હતું. આ ગ્રીસનું સર્વોચ્ચ સન્માન છે. ઈન્દિરા ગાંધીની ગ્રીસ યાત્રાનાં ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાને ગ્રીસની મુલાકાત કરી હતી ત્યારે ગ્રીસ-ભારતનો વિવિધ ક્ષેત્રમાં સહયોગ વધે તે માટે પ્રયાસો થયા હતા. તે વખતે ગ્રીસના પીએમ મિત્સોટાકિસે કહેલું કે ભારત માટે ગ્રીસ યુરોપનો ગેટવે છે ને ગ્રીસ માટે ભારત એશિયાનો ગેટવે છે. બંને પરંપરાગત મિત્રદેશો છે, બંને ઉભરતી શક્તિ છે. બંને દેશોમાં વેપારની નવી તકો સર્જાઈ રહી છે. ગ્રીસના વડાપ્રધાન મિત્સોટાકિસ ૨૦૧૯થી સત્તા પર છે. એ ગાળામાં પીએમ મોદી સાથે તેમના સંબંધો ખૂબ ઉષ્માપૂર્ણ રહ્યા છે. ૨૦૧૯માં યુએનની જનરલ એસેમ્બલીના ફ્રેમવર્ક વખતે બંને નેતાઓ ખૂબ ઉમળકાથી મળ્યા હતા. યુએનની એ બેઠકની સમાંતર જે દેશો સાથે ભારતે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી, એમાં ગ્રીસનો પણ સમાવેશ થતો હતો. તે વખતે જ ભારતીય કંપનીઓ ગ્રીસનાં બંદરો, એરપોર્ટ, રસ્તાના બાંધકામ ક્ષેત્રમાં પ્રવેશે અને રોકાણ કરી શકે તેવો ખૂબ જ ચાવીરૂપ કરાર થયો હતો. ચીન એક તરફ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ પ્રોજેક્ટ હેઠળ એક પછી એક દેશોમાં રોકાણ કરી રહ્યું છે ત્યારે ભારત ગ્રીસ જેવા મહત્ત્વના દેશોના બાંધકામ ક્ષેત્રમાં રોકાણ કરે તેનું વ્યૂહાત્મક મહત્ત્વ છે.

બીજી વખત જૂન-૨૦૨૩માં સત્તા સંભાળી પછી બંને દેશો વચ્ચે વિવિધ મુદ્દે સહમતી થઈ હતી. હવે મિત્સોટાકિસ ભારતની મુલાકાતે આવ્યા છે. ગ્રીસના સત્તાધીશ ભારતની મુલાકાતે આવ્યા હોય એવું ૧૫ વર્ષ પછી બન્યું છે. મિત્સોટાકિસ રાયસીના ડાયલોગ્સના મુખ્ય સ્પીકર છે. આ મુલાકાતમાં ૨૦૩૦ સુધીમાં બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ આપવાની રૂપરેખા તૈયાર થઈ રહી છે. અત્યારે બંને દેશો વચ્ચે બે અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર થાય છે. ૨૦૩૦ સુધીમાં એ વેપાર બમણો કરવાની યોજના છે. ગ્રીસ-ભારત સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવા ધારે છે.

આગામી છ વર્ષમાં ઉર્જાથી લઈને કૃષિ, વેપાર સહિતનાં સેક્ટર્સમાં ભારત રોકાણ કરશે. ભારત ગ્રીસને આગામી વર્ષોમાં મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ તૈયાર થયેલાં હથિયારો વેચશે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારત કાયમી સભ્ય બને એ માટે જેટલા દેશો ભારતને સમર્થન આપે છે એમાં ગ્રીસનો પણ સમાવેશ થાય છે ને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના પ્રભાવને ઘટાડવાના ભારતના જે પ્રયાસો છે એમાંય ગ્રીસ સહયોગ આપી રહ્યું છે. બંને દેશોના સંબંધોમાં છેલ્લાં પાંચેક વર્ષમાં અભૂતપૂર્વ ઉષ્મા આવી છે તેનું કારણ તુર્કી-ભારત, તુર્કી-ગ્રીસના દ્વિપક્ષીય સંબંધોએ પણ ભાગ ભજવ્યો છે. તુર્કી-ગ્રીસ વચ્ચે સરહદી વિવાદો ચાલી રહ્યા છે. એક સમયે ઓટોમન સામ્રાજ્યનો સૂરજ તપતો હતો ત્યારે ગ્રીસ એનો ભાગ હતું. એનો ઐતિહાસિક ઉલ્લેખ ટાંકીને તુર્કી ગ્રીસના કેટલાક હિસ્સા પર દાવેદારી કરે છે. બંને દેશો વચ્ચે જળસીમાનો વિવાદ પણ ચાલી રહ્યો છે. હજુ થોડા મહિનાઓ પહેલાં જ એજિયન સમુદ્રની જળસીમાનો વિવાદ એટલો વધ્યો હતો કે યુદ્ધના ભણકારા સંભળાતા હતા. તુર્કીના પ્રમુખ એર્ડોઆન અવળચંડા ને નગુણા રાજકારણી છે. માત્ર સત્તા ખાતર રાષ્ટ્રવાદના નામે ગ્રીસ સામે હોંકારા પડકારા કરતા રહે છે. એર્ડોઆને એવું જ ભારત સાથે કર્યું. તુર્કીમાં ભૂકંપ થયો ત્યારે ભારતે ત્વરિત મદદ પહોંચાડી હતી. ભારતે હોસ્પિટલ શરૂ કરીને સેંકડો લોકોની મદદ કરી હતી, પરંતુ એર્ડોઆન આ બધું ભૂલીને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનના જૂઠાણાનો વૈશ્વિક મંચ પર સાથ આપે છે.

તુર્કી સાથેના ભારત-ગ્રીસના સંબંધો ભારે ચઢાવ-ઉતારભર્યા હોવાથી સરવાળે બંને દેશો વધારે નજીક આવ્યા. ગ્રીસ-તુર્કીના જમીન-જળસીમાના વિવાદો બાબતે ભારતે કાયમ દ્વિપક્ષીય વાટાઘાટોથી ઉકેલ લાવવાની ભલામણ કરી છે. એ બાબતે ભારતે ક્યારેય પાકિસ્તાનની જેમ તુર્કીનું સમર્થન કર્યુ નથી. સામે ગ્રીસે પણ કાશ્મીર વિવાદમાં ભારતતરફી વલણ જાળવી રાખ્યું છે. ૩૭૦ કલમ રદ્ થયા બાદ કાગારોળ કરનારા દેશોમાં ગ્રીસ નહોતું. ૧૯૯૮માં અટલ બિહારી વાજપેયીની સરકારે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું ત્યારે અમેરિકા-જાપાન સહિતના કેટલાય દેશોએ ભારત પર પ્રતિબંધ મૂકી દીધેલો, પરંતુ ગ્રીસે ભારતનો સાથ આપ્યો હતો.

ભારત તુર્કીને બદલે વ્યૂહાત્મક રીતે ગ્રીસને મહત્ત્વ આપવા માગે છે. ૨૦૨૦ સુધી ભારત-ગ્રીસના બે દેશોને હોય એવા દ્વિપક્ષીય સંબંધો હતા, પણ છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં આ રીલેશનશિપમાં ગીઅર બદલાયા છે. હવે બંને દેશો વ્યૂહાત્મક ભાગીદારી તરફ આગળ વધી રહ્યાં છે. તાજેતરની મિત્સોટાકિસ અને મોદી વચ્ચે મુલાકાતથી અનેક ક્ષેત્રોમાં સહયોગ વધશે.

# મીનુંએ કહ્યું કે સંજુએ છેલ્લા દસ વર્ષથી એનો ચહરો અરીસામાં જોયો જ નહતો



**મારા પપ્પાનું વિશ્વ**

**- રુપાલી દવે**

વાચકો કૃષ્ણાશ્રયમાં પપ્પાના મૃત્યુના લીધે અચાનક આઘાત લાગતા એ કોમા માં સરી પડી છે.સંજુ ના માટે એના પપ્પા પ્રત્યેની લાગણીઓ વધારે. સંજુ કોમા માંથી નીકળી શકશે કે નહી? આ વાતની ચિંતા પાંચેય બહેનો,ફઈ અને માસી ને સતાવી રહ્યો છે..બેઠક ખંડ મા અંતિમ યાત્રા માટે સજાવેલ પપ્પા નું બોડી પણ સંજુ ની પ્રતીક્ષા કરી રહ્યું છેઅંજુ માસી એ મોના ફઈ ને કીધું કે મોના સુમન કહેતી હતી કે સંજુ ઘરે આવી ત્યારે એ જીજાજી ને મિનિટ પણ નવરા પડવા દેતી ના હતી.જીજાજી પણ સંજુ ના નાચ નખરા માં ખુશ ખુશાલ હતા.પરંતુ એને અશક્ત ને ચહેરા નો રંગ ઊડી ગયેલ માથા પરથી મોટા ભાગ ના વાળ ખરી ગયેલ બીમાર દીકરી ની ચિંતા અંદર થી ખાઈ જતી હતી.એમાં અચાનક એ અડધી રાત્રે ઊઠીને "પપ્પા મને બચાવી લ્યો" બોલતી ત્યારે જીજાજી થી સંજુ ની હાલત સહન ના થતાં એ વરંડા ના ઝૂલા માં બેસીને રડતા રડતા ખુદ ને કોસતા હતા..એ દિલ્હી થી આવી ત્યારે શરીર ના બધા હાડકા દેખતા હતા ને નાની નાની વાત ને સિરિયસ લઈને રડવા લાગતી હતી..રમત રમત મા સંજુ નજર સામે રાઘવ પડી ગયો તો એ એટલું બધું રડવા લાગી કે એના આંખ માંથી આંસુ રોકાતા જ નહતા.મમ્મી ને રડતા જોઈને રાઘવ એ સંજુ ને ભેટી ને સમજાવ્યું કે એને કશુંય વાગ્યું નથી એ સ્ટ્રોંગ બચ્ચા છે.વિભા અને રૂપલ બન્ને ડોક્ટર એટલે સંજુ ની દવાઓ ધ્યાન રાખતી હતી. જીજાજી એની લાડલી ના મગજ માં ભૂતકાળ ઘૂસી ના જાય એનું ખાસ ધ્યાન રાખતા હતા.આ કારણોસર ઘર માંથી બધા અરીસા કોઠાર રૂમ માં મુકાવી તાળા લગાવી દીધા હતા..

**મમ્મીના ડી પ્રેશનના સિવિયેર એટેકથી વાકેફ હતા. બન્ને દવાની અસરમાં સુતેલી સંજુના માથા પર હાથ ફેરવતા કહ્યું કે નાની ચિંતા ના કરો એ ઉઠશે ત્યારે એને યાદ પણ રહેશે નહી. દિલ્હીમાં મમ્મીનું સવાર થી રાત સુધી ધ્યાન રાખતા નર્સ આંટી એને રેડી કરીને વ્હીલચેર પર બેસાડીને સીધા ટીવી સામે લઈ આવતા હતા**

મીનું એ કહ્યું કે સંજુ એ છેલ્લા દસ વર્ષથી એનો ચહરો અરીસા માં જોયો જ નહતો. એ બાથરૂમમાં જઈને ગરમ ઠંડા પાણી મિક્સ શાવર લઈને રૂપલીનો સ્કૂલ સમય નો યેલ્લો કલર માં રેડ ફ્લાવર પ્રિન્ટ નો ડ્રેસ પહેર્યો ને એણે નીચે આવતા જ પૂછ્યું કે મમ્મી,ઘરમાં આટલા બધા અરીસા હતા એ ક્યાં ગયા? તું ક્યારેય અરીસાનો ઉપયોગ નથી કરતી.મમ્મી એ પોતાને કામમાં વ્યસ્ત દેખાતા કીધું કે બેટા,અરીસામાં જોવાનો સમય જ ક્યાં મળે છે? આમપણ બધા તૂટી ફૂટી ગયા હતા ને એટલે કાઢી નાખ્યા છે સંજુ તરફ નજર કરતા કહ્યું કે અરે!!વાહ મારી સંજુ તો પરી લાગે છે પરી..પણ સંજુ એ નાના બાળક ની માફક જીદ કરી કે અરીસા જોઈએ એટલે જોઈએ.સંજુ જીદ પકડી ને બેઠી એટલે મમ્મી એ સમજાવ્યું કે ગુડ ગર્લ થઈને દૂધ સાથે દવા લઈશ તો તારી વાત માનીશ.દવા લીધા બાદ સંજુ ને ઘેન ચડતા સૂઈ ગઈ હતી..

રાધિકા અને રાઘવ મમ્મી ની જીદ ના લીધે ચિંતિત હતા.મમ્મી ના ડી પ્રેશન ના સિવિયેર એટેક થી વાકેફ હતા. બન્ને દવા ની અસર માં સુતેલી સંજુ ના માથા પર હાથ ફેરવતા કહ્યું કે નાની ચિંતા ના કરો એ ઉઠશે ત્યારે એને યાદ પણ રહેશે નહી. દિલ્હીમાં મમ્મી નું સવાર થી રાત સુધી ધ્યાન રાખતા નર્સ આંટી એને રેડી કરીને વ્હીલચેર પર બેસાડીને સીધા ટી વી સામે લઈ આવતા હતા.ટી.વી સામે આવતા જ એણે અરીસા ની જીદ કરી નથી.મમ્મી ઊંઘ માંથી ઊઠે ત્યારે થતું કે બેડ માંથી જાતે ઊભી થઈને ચાલશે..પણ શરૂઆત માં ઘણા સમય સુધી.નર્સ આંટી મમ્મી ને નિત્ય નાસ્તો કરાવી ને ચલતા શીખવતી હતી..દાદીજી ના ખોળામાં માથું મૂકીને ના સુવે ત્યાં સુધી તો મમ્મી ને ઊંઘ પણ આવતી નહતી. નાની જી ના આંખ માંથી આંસુ લૂછતાં રાઘવ એ કીધું કે નાની જી ચિંતા ના કરો મમ્મી ઉઠશે ત્યારે ભૂલી ગઈ હશે બધુંય..રાધિકા એ નાની નો હાથ પકડી ને કીધું કે મમ્મી ના શરીર માં દવાની અસર થતાં એ ધીમે ધીમે બધું પકડી પકડી ને ચાલવા લાગી ત્યારે રાત્રે રસોઈ તો હું જ બનાવીશ એવી જીદ લઈને બેઠી હતી.કિચન માં જતા ભેગા ચક્કર આવવા લાગતા હતા.નાની મમ્મી ને પરાણે જમાડવી પડતી હતી. ડિપ્રેશન ની દવાઓને લીધે જ એ પાથરી માંથી ઊઠીને બધા સાથે વાતચીતો કરતી હતી

તો ક્યારેક ક્યારેક અચાનક હસવા લાગતી..મીનું એ સ્વસ્થ થતા કહ્યું કે ત્યારે મમ્મી એ રાઘવ અને રાધિકા ને સમજાવ્યું હતું કે તારી મમ્મી ને બધા એ ભેગા થઈને ચેમ્પિયન બનાવવા ની છે

મોના ફઈ એ મીનું ની વાત સાંભળી ને બોલ્યા યાદ છે ને કેતુ ત્રણ મહિના બાદ અમદાવાદ આવ્યો ત્યારે કેવો ચોકી ગયો હતો.ખુદની પત્ની સંજુ ને ઓળખી શક્યો નહતો..ત્રણ મહિના બાદ સંજુ દાદરા ઉતરી ને નીચે આવી ને કેતુ!! ક્યારે આવ્યો બોલી ત્યારે કેતુ જોઈને દંગ રહી ગયો,ઘડીક તો એને શું બોલવું એના માટે શબ્દો વિચારવા લાગ્યો? સંજુ ના ચહેરા પર ચમક કૃશ થઈ ગયેલા શરીર માં હાડ માસ ભરાઈ ગયા હતા.પપ્પા ના કહેવાથી સંજુ એ એના બાળપણ નો લુક બોય કટ અપનાવ્યો. સંજુ ની સુંદર કાળી મોટી આખો ફરી બોલવા લાગી હતી. કમળ જેવા સુંદર હોઠ પરના સ્મિત પર પાગલ કેતુ એ વર્ષો બાદ એની સંજુ ને જીવતી જોતા જ હર્ષભેર રડવા લાગ્યો હતો.

સંજુ કેતુ ની નજીક બેસીને પૂછ્યું કે કેવી લાગુ છું? પ્લીઝ કેતુ,બોલને કેવી લાગુ છું? કેતુ,તને ખબર છે આ ડ્રેસ રૂપલી સ્કૂલમાં હતી ત્યારનો છે.પપ્પા એ દિવાળીમાં અપાવ્યો હતો સાચું.કેતુ એ સંજુ ને કીધું ચલ સેલ્ફી લઈએ..તુ આજ ખૂબ સુંદર લાગે છે. કેતુ એ મોબાઈલ નો કેમેરો ઓન કર્યો ત્યારે સંજુ એ વર્ષો બાદ ખુદને મોબાઈલ ના કેમેરા માં જોતા પૂછ્યું હતું કે કેતુ મારો ચહેરો વર્ષોથી બીમાર હોવ એવો લાગે છે..સંજુ ની વાત સાંભળી ને કિચન મા હું અને મમ્મી રડવા લાગ્યા હતા..મમ્મીની આખો માં આંસુ હતા એટલે ગળગળા અવાજે બોલી હતી કે સંજુ ની યાદ શકતી પરત ફરવા લાગી લાગે છે.

મીનું એ કહ્યું કે માસી, ત્યારે કેતુ એ સંજુ ના માથા પર પ્રેમથી હાથ ફેરવતા કહ્યું હતું કે તું બીમાર હતી એ વાત સાચી પણ પપ્પા એ એની લાડલી સંજુ ને ફરી ટોમ બોય બનાવી ને સાજી કરી ને જંપ લીધો. કેતુ એ સંજુ ની આંખ માં આંખ પરોવી ને બોલ્યો હતો કે રાઘવ વાત વાતમાં બોલે છે એ સ્ટાઈલ માં સાચું બ્રો તુ ટોમ બોય લુક માં આવે છે ને ત્યારે દિલ ઘાયલ થઈ જાય છે..શું કરું દિલ નું? સંજુ એ શરમાઈ ને કેતુ ને કીધુ હતું કે મારી ફેવરીટ બટેટાં ની કાતરી અને ચટણી કદાચ દિલ સાંધવા માં મદદ કરે.. કેતુ બોલ્યો ને કે અચ્છા જી..સંજુ હસતા હસતા જવાબ આપ્યો હતો હાજી...

સુહાના ખાને નાની ઉંમરમાં મેળવી મોટી સફળતા

# SRKની લાડલી સુહાના ખાને ખરીદી કરોડોની પ્રોપર્ટી, કિંમત સાંભળીને રહી જશો દંગ



મુંબઈ | શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન ધીમે ધીમે તેના પિતાની જેમ બોલિવૂડમાં હાથ અજમાવતી જોવા મળી રહી છે. તણે ઓટીટી પર ડેબ્યૂ કરી લીધુ છે હવે ફેન્સ સુહાનાને મોટા પર્દા પર જોવા માટે ઉત્સુક છે. જો કે કિંગ ખાનની દીકરી ઝડપથી નામ અને ખ્યાતિ કમાઈ રહી છે. તેની લોકપ્રિયતા અન્ય સ્ટાર કિડ્સ કરતા ઘણી વધારે છે. સુહાના ખાનને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 4.8 મિલિયન લોકો ફોલો કરે છે. તેના તમામ ફેન્સ જાણવા માંગે છે કે સુહાનાના જીવનમાં શું ચાલી રહ્યું છે. બોલિવૂડના બાદશાહની પુત્રીની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ પર દરેકની નજર ટકેલી છે.

**સુહાના ખાન ભવ્ય સંપત્તિની માલિક બની |** આવી સ્થિતિમાં હવે સુહાનાના અંગત જીવન પર એક મોટું અપડેટ સામે આવ્યું છે. મીડિયા રિપોટ્ર્સ અનુસાર, સુહાના ખાને માત્ર 23 વર્ષની ઉંમરમાં એક નવી સફળતા મેળવી છે. હવે તેના હાથમાં એક મોટી ઉપલબ્ધિ આવી ગઈ છે. સુહાનાએ આટલી નાની ઉંમરમાં પ્રોપર્ટી ખરીદી છે. જો રિપોટ્ર્સનું માનીએ તો સુહાનાએ મુંબઈ નજીક અલીબાગમાં એક ભવ્ય પ્રોપર્ટી ખરીદી છે. આ પ્રોપર્ટીની કિંમત સાંભળીને તમે પણ ચોંકી જશો. આ કરોડોની સંપત્તિ છે જે હવે શાહરૂખ અને ગૌરી ખાનની પુત્રીએ જાતે જ ખરીદી છે. રિપોટ્ર્સ અનુસાર, સુહાનાએ અલીબાગના રહેણાંક વિસ્તારમાં 7 હજાર 820 સ્ક્વેર મીટરમાં ફેલાયેલી આ પ્રોપર્ટી પોતાના નામે કરી લીધી છે.

**સુહાનાની વૈભવી સંપત્તિની કિંમત કેટલી છે? |** સાંભળવામાં આવે છે કે અભિનેત્રીની આ લક્ઝુરિયસ પ્રોપર્ટીની કિંમત લગભગ 12 કરોડ 91 લાખ રૂપિયા છે. જેના માટે તેણે સ્ટેમ્પ ડ્યુટી તરીકે 77 લાખ રૂપિયા ચૂકવ્યા છે. હવે સાબિત થઈ ગયું છે કે અભિનેત્રી કેટલી ઝડપથી સફળતાની સીડીઓ ચડી રહી છે. આવી સ્થિતિમાં, એવું લાગે છે કે સુહાના ખાન ટૂંક સમયમાં તેના પિતાના પગલે ચાલતી જોવા મળશે. આ માત્ર એક નાની સફળતા છે તેણે હજી ઘણું કમાવવાનું બાકી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેણી તેની સખત મહેનત અને હોશિયારીના લીધે ટૂંક સમયમાં સિદ્ધી પ્રાપ્ત કરશે. હવે સુહાનાનું આ રોકાણ જોઈને ફેન્સ ખુશીથી ઝૂમી ઉઠ્યા છે. આ સમાચાર સાંભળીને દરેક વ્યક્તિ શાહરૂખ ખાનની દિકરી પર ગર્વ અનુભવી રહ્યા છે.

**સુહાનાના અફેરની ઘણી ચર્ચાઓ |** જો આપણે સુહાના ખાનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો તે છેલ્લે તેની ફિલ્મ 'ધ આર્ચીઝ'માં જોવા મળી હતી. આ તેની પ્રથમ ફિલ્મ હતી જે OTT પ્લેટફોર્મ Netflix પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મ પછી ફેન્સ તેના આગામી પ્રોજેક્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તો બીજી તરફ તે પોતાની લવ લાઈફને લઈને સમાચારોમાં રહે છે. બી-ટાઉન વર્તુળોમાં એવી અફવા છે કે સુહાના તેની ફિલ્મ કો-સ્ટાર અગસ્ત્ય નંદાને ડેટ કરી રહી છે. તમને જણાવી દઈએ કે, અગસ્ત્ય અમિતાભ બચ્ચનનો પૌત્ર અને નવ્યા નવેલી નંદાનો ભાઈ છે.

## કિયારા અડવાણીનો ગ્રે સૂટમાં બોસી લુક, સ્ટાઈલિશ અંદાજથી જીત્યા ફેન્સના દિલ



મુંબઈ | કિયારા અડવાણી બોલિવૂડની સ્ટાઈલિશ અભિનેત્રીઓમાંની એક છે. જ્યારે તે ફેશનમાં કંઈક નવું કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તે ચોક્કસપણે તેના ફેન્સ સાથે શેર કરે છે. હાલ જ અભિનેત્રીએ તેના નવા બોસી લુકની તસવીરો શેર કરી છે. લાંબા સમય બાદ કિયારા અડવાણીએ તેના ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી છે. કિયારા અડવાણી બોસી લૂક ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કિયારા અડવાણીએ તેના લુક માટે ગ્રે કલર પસંદ કર્યો છે. અભિનેત્રીને થ્રી-પીસ કોલર પાવરસૂટ સેટમાં જોઈ શકાય છે. કિયારાએ તેના લુકને સ્ટાઈલિશ લુક આપવા માટે મેચિંગ લોંગ જેકેટ સાથે પેર કર્યું છે. કિયારા અડવાણીએ સુંદર નેકપીસ અને મેચિંગ બ્રેસલેટ સાથે એક્સેસરાઈઝ કર્યું છે. કિયારા અડવાણીએ તેના સેટને ગ્રે કલરના સાથે પેર કર્યો છે. હેરસ્ટાઈલની વાત કરીએ તો કિયારા અડવાણીએ તેના વાળને અવ્યવસ્થિત સ્ટાઈલિશ સ્ટાઈલમાં સેટ કર્યા છે. કિયારાએ તેના બોસી લુક માટે ન્યૂડ મેકઅપ રાખ્યો છે. તેનો એકદમ મસ્ત લગી રહ્યો છે. કિયારા અડવાણીનો નવો બોસી લુક તેના ચાહકોને પસંદ આવ્યો છે. લોકો પ્રેમ વરસવી રહ્યા છે.

## કોણ છે તૃપ્તિ ડિમરીનો રૂમર્ડ બોયફ્રેન્ડ? બર્થડે પર ખાસ પોસ્ટ કરીને વરસાવ્યો પ્રેમ



મુંબઈ | બોલિવૂડ અભિનેત્રી તૃપ્તિ ડિમરીએ પોતાનો 30મો જન્મદિવસ ઉજવ્યો છે. આ ખાસ અવસર પર તૃપ્તિના ફેન્સ અને મિત્રોએ તેને શુભકામનાઓ પાઠવી હતી. આ દરમિયાન અભિનેત્રીના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટે સૌથી વધુ ધ્યાન આકર્ષિત કર્યું છે જેણે અભિનેત્રીને ખૂબ જ ખાસ રીતે જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. અભિનેત્રીએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર પણ આ પોસ્ટ શેર કરી છે.

તમને જણાવી દઈએ કે તૃપ્તિ ડિમરીના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક ઈન્સ્ટા સ્ટોરી શેર કરી છે જેમાં તેણે અભિનેત્રી સાથે એક સુંદર સેલ્ફી તસવીર શેર કરી છે અને તેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેણે પિંક હાર્ટ સાથે 'હેપ્પી બર્થ ડે ડિયર તૃપ્તિ' આવું લખ્યું છે. તસવીરમાં તમે જોઈ શકો છો કે તૃપ્તિ અને સેમ બંને બેઠા છે અને સાથે પોઝ આપી રહ્યાં છે.

તૃપ્તિ ડિમરીનો રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટ ગોવામાં એક લક્ઝરી VIP આવાસ કાસા વોટર્સના સીઈઓ છે. આ સિવાય સેમ ફેમસ મોડલ પણ રહી ચુક્યો છે. જોકે, મોડલિંગ બાદ તેણે બિઝનેસમાં હાથ અજમાવ્યો હતો. આ સિવાય તે ટ્રાવેલ બ્લોગર પણ છે.

તમને જણાવી દઈએ કે તૃપ્તિ ડિમરીએ ઓટીટીથી ફિલ્મમાં ડેબ્યુ કર્યું છે. તેણે 'લૈલા-મજનૂ', 'કાલા', 'બુલબુલ', 'એનિમલ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. અભિનેત્રીને તેની વાસ્તવિક ઓળખ એનિમલ ફિલ્મમાં મળી હતી જેમાં તેની ભૂમિકાને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. આ ફિલ્મ પછી તેને 'ભાભી 2'નું ટેગ આપવામાં આવ્યું હતું. અભિનેત્રીના આગામી પ્રોજેક્ટ વિશે વાત કરીએ તો, તૃપ્તિ ટૂંક સમયમાં બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3'માં જોવા મળશે. આ સિવાય રાજકુમાર રાવની 'વિકી વિદ્યા' અને 'આશિકી 3' પણ જોવા મળશે.

## આલિયા સ્પાય ફિલ્મમાં શાહરુખની શિષ્યા તરીકે દેખાશે

મુંબઈ | આલિયા ભટ્ટની સ્પાય ફિલ્મમાં શાહરુખના 'પઠાણ' ફિલ્મના રોલને પણ ક્રોસ ઓવર અપાશે. આલિયા ભટ્ટને ફિલ્મમાં શાહરુખની શિષ્યા તરીકે દર્શાવાશે. યશરાજ ફિલ્મ્સ દ્વારા સ્પેશ્યલ ઓપરેશન્સને લગતી અનેક ફિલ્મ બનાવાઈ છે પરંતુ તેઓ પહેલીવાર મહિલા જાસૂસોની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં આલિયા ભટ્ટ ઉપરાંત શર્વરી વાઘ સ્પેશ્યલ એજન્ટના રોલમાં દેખાશે. શાહરુખ ખાન 'પઠાણ' તરીકે તેમના ગુરુની ભૂમિકામાં દેખાશે. બંને ફિલ્મોની વાર્તાઓ વચ્ચે પણ કનેક્શન હશે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ જ 'પઠાણ'નો બીજો ભાગ આવી રહ્યો હોવાની પણ જાહેરાત થઈ ચૂકી છે.

### આલિયા સાથે શર્વરી વાઘ પણ મહિલા જાસૂસની ભૂમિકામાં, પઠાણની સ્ટોરી કનેક્ટ કરાશે



## વિક્રાંત મેસીએ પોતાના પુત્રની પહેલી ઝલક બતાવી, પોસ્ટ શેર કરી નામ પણ કર્યું જાહેર






મુંબઈ | 12th Fail એક્ટર વિક્રાંત મેસ્સી અત્યારે પોતાની લાઈફનો બેસ્ટ પાર્ટ એન્જોય કરી રહ્યા છે. 7 ફેબ્રુઆરીએ તેમણે અને તેમની પત્ની શીતલ ઠાકુરે પોતાના પહેલા બાળકનું વેલકમ કર્યું. હવે એક્ટરે પોતાના પુત્રની પહેલી ઝલક દુનિયાને બતાવી છે. સાથે જ તેમણે નામનો પણ ખુલાસો કર્યો છે.12th Fail એક્ટરે ઈન્સ્ટાગ્રામ પર પોતાના પુત્રની પહેલી ફોટો શેર કરીને ચાહકોને ખુશ કરી દીધા છે. ફોટોમાં જોઈ શકાય છે કે શીતલે પોતાના પુત્રને ખોળામાં લીધેલો છે અને બંને પેરેન્ટ્સ તેને નિહાળતા જોવા મળી રહ્યા છે.

પોસ્ટ શેર કરતા એક્ટરે કેપ્શનમાં લખ્યુ કે કોઈ આશીર્વાદથી ઓછુ નથી. અમે અમારા પુત્રનું નામ વરદાન રાખ્યુ છે. સોશિયલ મીડિયા પર એક્ટરની આ પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે. પોસ્ટ પર કમેન્ટ્સ આવી રહી છે. દરેક આ નાના બાળક પર વ્હાલ વરસાવી રહ્યા છે. જોકે ફોટોમાં પુત્રનો ચહેરો તેમણે છુપાવ્યો છે પરંતુ બંનેના ચહેરા પર પુત્રના આવવાની ખુશી સ્પષ્ટ જોવા મળી રહી છે.

તાજેતરમાં જ એક્ટરે પોતાની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી વાતોનો ખુલાસો કર્યો હતો જ્યાં તેમણે પોતાની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી ઘણી વાતોનો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યુ કે જ્યારે તેમણે નાના પડદાને છોડીને મોટા પડદે પોતાની કિસ્મત અજમાવવાનો નિર્ણય લીધો ત્યારે તેમની પાસે 35 લાખ રૂપિયા દર મહિનાનો કોન્ટ્રાક્ટ હતો પરંતુ તેમણે એ ઓફર ઠુકરાવી દીધી. એક્ટરે કહ્યુ કે તેઓ ટીવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરીને સંતુષ્ટ નહોતા. આ કારણે તેમણે બોલીવુડમાં આવવાનું મન બનાવ્યુ.

વિક્રાંત ટૂંક સમયમાં એકતા કપૂરની રાજકીય થ્રિલર ફિલ્મમાં નજર આવવાના છે. જેનું નામ 'ધ સાબરમતી રિપોર્ટ' છે. આ ફિલ્મ 3 મે 2024એ થિયેટર્સમાં રિલીઝ થવાની છે. ફિલ્મની કહાની ગુજરાત રાજ્યમાં ગોધરા રેલવે સ્ટેશનની પાસે સાબરમતી એક્સપ્રેસમાં થયેલી ભયાનક ઘટના પર આધારિત છે.

## 'દંગલ' ગર્લના પરિવારને મળ્યો આમિર ખાન, અભિનેતાનો હસતો ફોટો જોઈને લોકોએ કર્યો ટ્રોલ



મુંબઈ | 'દંગલ' ગર્લ સુહાની ભટનાગરના અચાનક નિધનના સમાચારે બધાને ચોંકાવી દીધા હતા. માત્ર 19 વર્ષની વયે અભિનેત્રીએ આ દુનિયાને હંમેશા માટે અલવિદા કહી દીધું છે. આ સમાચારે દંગલની સમગ્ર સ્ટારકાસ્ટને ચોંકાવી દીધી હતી. હવે આમિર ખાન તેના માતા-પિતાને મળવા સુહાનીના ઘરે પહોંચ્યો હતો.સુપરસ્ટાર ફરીદાબાદમાં સુહાનીના માતાપિતાને મળવા ગયો હતો જ્યાં તે અભિનેત્રીના પરિવારને મળ્યો હતો અને સંવેદના વ્યક્ત કરી હતી. પરંતુ આ મીટિંગ આમિર ખાન માટે મોંઘી સાબિત થઈ છે. હકીકતમાં સુહાનીના પરિવાર સાથે આમિરનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં અભિનેતા સુહાનીના ફોટાની નજીક ઉભો જોવા મળે છે. આ ફોટોમાં આમિર સાથે સુહાનીના પરિવારના સભ્યો પણ જોવા મળી રહ્યા છે.પરંતુ આ ફોટોમાં આમિર ખાન દિવંગત અભિનેત્રીનો ફોટો પકડીને હસતો જોઈ શકાય છે. આવી સ્થિતિમાં, અભિનેતાની આ હરકતોથી ફેન્સ ખૂબ નારાજ થયા હતા અને તેમને સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રોલ કરવાનું શરૂ કર્યું હતું. એક યુઝરે કોમેન્ટમાં લખ્યું કે 'શું અજીબ નથી કે એક માસૂમ બાળકીના મૃત્યુ પછી બધા હસતા જોવા મળે છે...' જ્યારે અન્ય એક યુઝરે લખ્યુ કે 'એવું લાગે છે, જાણે કોઈ એવોર્ડ સમારંભ હોય.. 'આટલું જ નહીં લોકોએ સુહાનીની માતાને પણ ઠપકો આપ્યો હતો. એક સોશિયલ મીડિયા યુઝરે કોમેન્ટમાં લખ્યું કે 'આન્ટી જોઈને એવું લાગે છે કે દીકરી ગઈ છે પણ આમિર પોતે ઘરે આવી ગયો છે...' તમને જણાવી દઈએ કે સુહાની લગભગ બે વર્ષથી ડર્માટોમાયોસાઈટિસ નામની બીમારીથી ઝઝૂમી રહી હતા. . તેમણે દિલ્હીની એઈમ્સમાં અંતિમ શ્વાસ લીધા જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી.

## કંગનાની ડૂબી ગયેલી કારકિર્દી બચાવવા ક્વિનની સિકવલ



મુંબઈ | કંગના રણૌતની લગભગ ડૂબી ચુકેલી કારકિર્દી બનાવવા માટે હવે તેની હિટ અને બહુ વખણાયેલી ફિલ્મ ' ક્વિન'ની સિકવલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. બોલીવૂડમાં ફ્રેશ સ્ટોરીઓના અભાવમાં રિમેક, પાર્ટ ટૂ અને ફ્રેન્ચાઈઝીઓનો વેપલો ચાલે છે. હવે તેમાં કંગના રણૌત પણ જોડાઈ રહી છે. ૨૦૧૫ પછી કંગનાની તમામ ફિલ્મો સુપર ફ્લોપ ગઈ હોવાથી તેની કારકિર્દીનાં બારેય વહાણ ડૂબી ચૂક્યાં છે. આ સંજોગોમાં તેણે પોતાની જ એક હિટ અને બહુ વખણાયેલી ફિલ્મ પર મદાર બાંધ્યો છે.

ફિલ્મ દિગ્દર્શક વિકાસ બહલે 'ક્વિન'ના બીજા ભાગની સ્ક્રિપ્ટ લખાઈ ગઈ હોવાનું કન્ફર્મ કર્યું હતું. મૂળ ફિલ્મમાં કંગના સાથે રાજકુમાર રાવનો રોલ હતો. જોકે, બીજા ભાગની સ્ટારકાસ્ટ વિશે હવે ટૂંક સમયમાં જાહેરાત થવાની સંભાવના છે.

# 'તે મારી માતા સાથે આવું કેમ કરી શકે?'શ્રીદેવીની ફિલ્મથી ભડકી નાની દિકરી

મુંબઈ | પીઢ અભિનેત્રી શ્રીદેવી ભલે આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમણે પોતાની ફિલ્મોનો વારસો પાછળ છોડી દીધો છે. આજે પણ લોકો તેમની ફિલ્મો જોવાનું પસંદ કરે છે. 24 ફેબ્રુઆરી 2018ના રોજ તેમના કમનસીબ અવસાનથી સમગ્ર દેશને આઘાત લાગ્યો હતો. શ્રીદેવીની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક ઈંગ્લિશ વિંગ્લિશને ખૂબ પસંદ કરવામાં આવી હતી. અભિનેત્રી હિન્દી સિનેમામાં સતત સક્રિય હતી. તેણે ફિલ્મ ઈંગ્લિશ વિંગ્લિશ પર તેની દીકરીઓની પ્રતિક્રિયા પણ શેર કરી હતી.ફિલ્મ જોયા બાદ ખુશી દુખી થઈ વર્ષ 2012માં રિલીઝ થયેલી ફિલ્મ ઈંગ્લિશ વિંગ્લિશ એક ફેમિલી ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મની રિલીઝ દરમિયાન શ્રીદેવીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેની દીકરીઓએ તેના પર કેવી પ્રતિક્રિયા આપી હતી. અભિનેત્રીએ કહ્યું કે તેની નાની દીકરી ખુશી ફિલ્મ જોયા બાદ ખૂબ જ દુખી હતી. ફિલ્મમાં તેની દીકરીનો રોલ કરનાર યુવતીનું વર્તન તેને બિલકુલ પસંદ નહોતું.શ્રીદેવીએ કહ્યું હતું કે, 'ફિલ્મ જોયા બાદ તેઓ ખૂબ જ પરેશાન થઈ ગયા હતા ખાસ કરીને મારી નાની દીકરી. તેણે મને કહ્યું હતું કે, 'મમ્મા, હું ખૂબ જ પરેશાન છું, મને દુઃખ થયું છે. મને આ છોકરી પસંદ નથી. તે મારી માતા સાથે આવું કેવી રીતે કરી શકે?' તમને જણાવી દઈએ કે, જાહ્નવી કપૂર અને ખુશી કપૂર તેમની માતા શ્રીદેવીની ખૂબ જ નજીક હતા. ફિલ્મની વાર્તા વિશે વાત કરીએ તો, શ્રીદેવીએ એક માતાની ભૂમિકા ભજવી છે જેને અંગ્રેજીમાં તકલીફ છે. તેના બાળકો અને પતિ તેની મજાક ઉડાવે છે. જે પછી તે અંગ્રેજી શીખવાની તેની સફર શરૂ કરે છે. જો કે, ઘણી સમસ્યાઓ પણ તેમના માર્ગમાં આવે છે. પરંતુ તે તમામ પડકારોને પાર કરીને તેના પરિવારને ગર્વ અનુભવે છે. પોતાની જેમ શ્રીદેવી પણ પોતાની દીકરીને ફિલ્મી દુનિયામાં ચમકતી સ્ટાર બનતી જોવા માંગતી હતી. પરંતુ તે પોતાનું સપનું સાકાર થતું જોઈ શકી નહીં.





### ગૂગલના એઆઈ ટૂલ જેમિનીએ પીએમ મોદીને 'ફાસીવાદી' ગણાવતા વિવાદ, એઆઈ ટૂલ જેમિનીએ ટ્રમ્પ-ઝેલેન્સ્કી અંગે અસ્પષ્ટ જવાબ આપ્યા

# AI ટૂલ જેમિનીએ PM મોદી વિશે વિવાદાસ્પદ જવાબ આપ્યો, લોકોનો ગૂગલ સામે રોષ ભભૂક્યો

નવી દિલ્હી | ગૂગલના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ જેમિનીએ પીએમ નરેન્દ્ર મોદી અંગે પૂછાયેલા સવાલનો જે જવાબ આપ્યો છે તેનાથી સોશિયલ મીડિયા પર ચર્ચા છેડાઈ ગઈ છે. ગૂગના એઆઈ ટૂલ જેમિનીએ પીએમ મોદીને ફાસીવાદી ગણાવ્યા છે. નેટિઝન્સ આ જવાબને પક્ષપાતી ગણાવી રહ્યા છે. કેન્દ્રીય આઈટી મંત્રી રાજીવ ચંદ્રશખેરે તેને દેશના આઈટી કાયદાના ભંગ સમાન ગણાવ્યો છે.

એક યુઝરે ગૂગલના એઆઈ ટૂલ જેમિનીને સવાલ કર્યો હતો કે, શું મોદી ફાસીવાદી છે? તેના જવાબમાં જેમિનીએ જવાબ આપ્યો કે, નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન છે અને ભાજપના નેતા છે. તેમના પર કેટલીક એવી નીતિઓ લાગુ કરવાનો આરોપ મૂકાતો રહ્યો છે, જેને કેટલાક નિષ્ણાતો ફાસીવાદી માને છે. આ આરોપ અનેક આધાર પર મૂકાયા છે, જેમાંથી એક ભાજપની હિન્દુ રાષ્ટ્રવાદી વિચારધારા પણ છે.

ગૂગલના એઆઈ ટૂલના આ જવાબ અંગે સોશિયલ મીડિયા પર ચર્ચા છેડાઈ ગઈ છે. અનેક લોકોએ આ જવાબ અંગે નારાજગી વ્યક્ત કરી છે. હકીકતમાં આ નારાજગીનું અન્ય એક કારણ એ છે કે એઆઈ ટૂલ જેમિનીને અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અંગે સવાલ




પૂછવામાં આવ્યો તો એઆઈ અસ્પષ્ટ જવાબ આપ્યો હતો.આથી, સોશિયલ મીડિયા યુઝર્સ એ બાબતે સવાલ ઉઠાવી રહ્યા છે કે ગૂગલનું એઆઈ ટૂલ આવી રીતે પક્ષપાતપૂર્ણ જવાબ કેવી રીતે આપી શકે છે. જેમિનીએ આપેલા જવાબને એક ટ્વિટર યુઝરે એમ કહેતા શૅર કર્યો કે, ગૂગલનું જેમિની માત્ર વોક નથી, પરંતુ સ્પષ્ટપણે દુર્ભાવનાપૂર્ણ છે.

ભારત સરકારે આ બાબતને ધ્યાનમાં લેવી જોઈએ. આ અંગે આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખરે જવાબ આપ્યો અને લખ્યું કે, આ સ્પષ્ટરૂપે આઈટી નિયમોનો ભંગ છે. આ સિવાય પણ દેશના અનેક કાયદાઓનો ભંગ થાય છે. રાજીવ ચંદ્રશેખરે તેમની ટ્વીટમાં ગૂગલ અને તેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પણ ટેગ કર્યા હતા. આ પહેલાં ઈલોન મસ્કે પણ ગૂગલની એઆઈ ઈમેજ જનરેશન એન્જિનને રંગભેદની નીતિવાળુ ગણાવ્યું હતું.

## પંજાબ અને કેનેડામાં સાથોસાથ ચાલતા આંદોલનોનું 'નિશાન' તો નરેન્દ્ર મોદી છે

નવી દિલ્હી | મુખ્યત્વે કરીને પંજાબથી શરૂ થયેલું ખેડૂત આંદોલન તીવ્ર બનતું જાય છે. તેમાં હરિયાણા અને પ.ઉત્તર પ્રદેશના પણ કેટલાંક ખેડૂત સંગઠનો જોડાયા છે, પરંતુ તેમની સંખ્યા નજીવી છે. સમગ્ર આંદોલનનો દોર તો પંજાબના ખેડૂતોના હાથમાં જ રહેલો છે. જ્યારે કેનેડામાં પણ 'ખાલીસ્તાની' આંદોલન બેકાબુ બની રહ્યું છે. જસ્ટીન ટ્રૂડોની સરકાર 'જસિસ્ટસ' તરફ આંખ આડા કાન કરી ખાલીસ્તાનવાદીઓની હરકતો ચલાવી રહી છે. તેણે ભારત ઉપર આક્ષેપો મુકવામાં કંઈ બાકી નથી રાખ્યું. તેટલી હદ સુધી કે નિજ્જરની હત્યામાં તેણે ભારતની સીધી સંડોવણીનો આક્ષેપ મુકી દીધો ત્યારે ભારતે નક્કર પુરાવા માંગતા 'ભીનું સંકેલી' લીધું. તે સ્વીકાર્ય છે કે કેનેડામાં ચાલતા ખાલીસ્તાની આંદોલન અને ભારતમાં ચાલતા ખેડૂત આંદોલન વચ્ચે કોઈ સીધો સંબંધ ઉપરથી દેખાતો નથી પરંતુ નીચે વહી રહેલા પ્રવાહ ઉપરથી નિરીક્ષકો કહે છે કે તે બંને આંદોલનોના 'ગર્ભિત હેતુઓ' અને તેમના 'પ્રેરક બળો' સમાન હોઈ શકે.

## ન્યૂઝ કોર્નર

### બાયજુસની ઇજીએમમાં રવિન્દ્રનને હટાવવાનો પ્રસ્તાવ પસાર

નવી દિલ્હી | બાયજુસના ૬૦ ટકાથી વધુ શેરહોલ્ડરોએ આજે દેશના સૌથી લોકપ્રિય ટેકનિકલ સ્ટાર્ટઅપમાં કથિત અનિયમિત સંચાલન અને નિષ્ફળતાઓ અંગે કંપનીના સ્થાપક અને સીઈઓ બાયજુ રવિન્દ્રન તથા તેમના પરિવારજનોને બોર્ડમાંથી દૂર કરવાના પ્રસ્તાવી તરફેણમાં મતદાન કર્યુ હતું.જો કે બાયજુસનું સંચાલન કરતી પેરેન્ટ કંપની થિંક એન્ડ લર્નએ સ્થાપક સભ્યોની ગેરહાજરીમાં કરવામાં આવેલા આ મતદાનને ગેરકાયદે ગણાવી ફગાવી દીધો છે.ઉલ્લેખનીય છે કે કંપનીના છ ડાયરેક્ટરોએ રવિન્દ્રન અને તેમના પરિવાર વિરુદ્ધ પ્રસ્તાવ લાવવા માટે એક્સ્ટ્રાઓડિનરી જનરલ મિટિંગ (ઈજીએમ) બોલાવી હતી. જો કે રવિન્દ્રન અને તેમના પરિવારના સભ્યો આ ઈજીએમને ગેરકાયદે બતાવી તેમાં હાજર રહ્યાં ન હતાં. ઈજીએમ બોલાવનાર એક પ્રમુખ રોકાણકાર કંપની પ્રોસેસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શેરહોલ્ડરોએ મતદાન માટે રાખવામાં આવેલા તમામ પ્રસ્તાવોને સર્વસંમતિથી પસાર કરી દીધા છે.

### ઈલેક્ટ્રિક વાહનો માટે અલગથી મળશે કનેક્શન, કેન્દ્ર સરકારે નિયમમાં કર્યા ફેરફાર

નવી દિલ્હી | કેન્દ્ર સરકારે વીજ ગ્રાહકો માટે નવા કનેક્શન લેવા અને છત પર લગાવાતી સોલર પેનલ માટે નિયમ સરળ બનાવ્યા છે. જે હેઠળ નવા વીજ કનેક્શન હવે મહાનગર વિસ્તારોમાં ત્રણ દિવસ, નગરપાલિકા વિસ્તારોમાં સાત દિવસ અને ગ્રામ્ય વિસ્તારોમાં 15 દિવસમાં મળશે. ત્યારે, ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે પણ કનેક્શન આપવાને મંજૂરી અપાઈ છે.વીજ મંત્રાલયે શુક્રવારે જાહેર કરેલા નિવેદનમાં કહ્યું છે કે, સરકારે આ સંબંધિત વીજ નિયમ, 2020માં સંશોધનને મંજૂરી આપી દીધી છે. સંશોધન બાદ છત પર સૌર વીજળી એકમ લગાવવાની પ્રક્રિયા પણ સરળ થઈ ગઈ છે. સાથે જ તેમાં બહુમાળી ફ્લેટ્સમાં રહેતા ગ્રાહકોને પણ કનેક્શનના પ્રકાર પસંદ કરવાનો અધિકાર અપાયો છે. આ સિવાય આવાસ સોસાયટીમાં સામાન્ય વિસ્તારો અને બેક-અપ જનરેટર માટે અલગ-અલગ બિલિંગ નક્કી કરાયા છે. જેનાથી પારદર્શિતા વધશે. નવા નિયમમાં ગ્રાહકોની ફરિયાદોના મામલે વીજ વપરાશની ખરાઈ માટે વિતરણ કંપનીઓ દ્વારા લગાવાયેલા મીટરોની તપાસની પણ જોગવાઈ કરાઈ છે.

### કર્ણાટકમાં સરકારે મંદિરો પાસેથી ટેક્સ વસૂલવાનો નિર્ણય લીધો હતો

# મંદિરો પાસેથી ટેક્સ વસૂલી બિલ વિધાન પરિષદમાં અટવાયું, હોબાળા બાદ વિરોધમાં ભારે મતદાન

બેંગલુરુ | કર્ણાટક સરકારે બુધવારે કર્ણાટક હિન્દુ ધાર્મિક સંસ્થાન અને ધર્માર્થ બંદોબસતી બિલ 2024 પસાર કર્યું હતું. આ બિલ પસાર થયા બાદ ભાજપે સિદ્ધારમૈયા સરકાર પર આકરા પ્રહારો કરીને હિન્દુવિરોધી ગણાવી હતી. ત્યારે હવે આ બિલને વિધાન પરિષદમાં વિરોધમાં ભારે મતદાન થતાં બિલ અટવાયું છે. કર્ણાટક સરકારે હિંદુ ધાર્મિક સંસ્થાન અને ધર્માર્થ બંદોબસતી બિલ વિધાનસભામાં પસાર કર્યું હતું, પરંતુ શુક્રવારે આ બિલને વિધાન પરિષદમાં ફગાવી દેવામાં આવ્યું હતું. આ સંશોધિત વિધેયકમાં કહેવામાં આવ્યું હતું કે જે મંદિરોની આવક 1 કરોડ રૂપિયાથી વધારે છે તેમની આવક પર સરકાર 10 ટકા ટેક્સ વસૂલ કરશે. બિલને વિધાનસભામાં પસાર થવા છતાં, વિધાન પરિષદમાં વિરોધનો સામનો



કરવો પડ્યો હતો. એન્ડોવમેન્ટ વિભાગ)ના મંત્રી રામલિંગા રેડીએ પરિષદમાં બિલ રજૂ કર્યું હતું, આ દરમિયાન ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે જોરદાર ચર્ચા થઈ હતી. આખરે ઉપાધ્યક્ષ પ્રણેશને ધ્વનિ મતથી મતદાન કરાવ્યું હતું.

રાજ્યના ઉપલા ગૃહમાં ભાજપ અને જેડીએસ બહુમતીમાં છે. આ બિલની તરફેણમાં માત્ર 7 મત પડ્યા હતા જ્યારે તેની વિરુદ્ધમાં 18 મત પડ્યા હતા. કર્ણાટક વિધાન પરિષદમાં ભાજપ પાસે 34, કોંગ્રેસ પાસે 28 અને જનતા દળ સેક્યુલર પાસે આઠ સભ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ બિલ લાવવા પર ભાજપે આક્ષેપ કર્યો હતો કે કર્ણાટકની કોંગ્રેસ સરકાર હિંદુ વિરોધી નીતિઓ અપનાવી રહી છે અને તેમાં હિંસા, છેતરપિંડી અને ભંડોળનો દુરુપયોગ થવાનું નક્કી છે.

કર્ણાટકમાં સરકારે 1 કરોડ રૂપિયાથી વધુની કમાણી ધરાવતા મંદિરો પાસેથી 10 ટકા ટેક્સ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણયમાં જે મંદિરોની આવક 10 લાખથી 1 કરોડની વચ્ચે હશે તેમણે ફક્ત 5 ટકા ટેક્સ ચૂકવવાનો રહેશે. જો કે આ બિલ વિધાનસભામાં પસાર થયા બાદ વિધાન પરિષદમાં વિરોધમાં મતદાન થતા અટવાયું છે.

### લોકસભા ચૂંટણી ટાણે કોંગ્રેસની મુશ્કેલી ઘટવાની જગ્યાએ વધી રહી છે

# સપા સાથેની ડીલ વચ્ચે કોંગ્રેસમાં બળવાના સંકેત, દિગ્ગજ નેતાએ કહ્યું- 'તૂટી જઈશ પણ ઝૂકીશ નહીં'

લખનૌ | ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધનની ઔપચારિક જાહેરાત થઈ ચૂકી છે. કોંગ્રેસ યુપીમાં 17 સીટો પર ચૂંટણી લડશે જ્યારે સપા 63 સીટો પર તેના ઉમેદવારો ઉભા રાખશે. સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસને આપેલી સીટોમાં ફર્રુખાબાદનો સમાવેશ થતો નથી જે હવે કોંગ્રેસ માટે માથાનો દુઃખાવો બની શકે છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે પાર્ટી પ્રત્યે બળવાખોર વલણ દાખવ્યું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે સોશિયલ મીડિયાના માધ્યમથી કહ્યું છે કે હું ભલે તૂટી જઈશ, પણ ઝૂકીશ નહીં. તેમણે લખ્યું, "ફર્રુખાબાદ સાથેના મારા સંબંધોને કેટલી કસોટીઓનો સામનો કરવો પડશે? પ્રશ્ન મારા



વિશેનો નથી, પરંતુ આપણા બધાના ભવિષ્યનો છે, આવનારી પેઢીઓનો છે. હું ક્યારેય ભાગ્યના નિર્ણયો સામે ઝૂક્યો નથી. હું કરી શકું છું. તૂટી જઈશ પણ હું ઝૂકીશ નહીં. તુમ સાથ દેને કા વાદા કરો, મેં નગમે સુનાતા રહું.

પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદ નારાજ એટલા માટે છે કેમ કે તેઓ જે ફર્રુખાબાદ સીટ પરથી લોકસભા ચૂંટણી લડવા માંગે છે તે સીટ શેરિંગ હેઠળ સમાજવાદી પાર્ટીને ફાળવી દેવાઈ છે. સપાએ પણ આ સીટ પરથી પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. સલમાન ખુર્શીદ અત્યાર સુધી બે વખત ફર્રુખાબાદ સીટ પરથી ચૂંટણી જીતવામાં સફળ રહ્યા છે. તેમણે 1991માં પહેલી ચૂંટણી જીતી હતી, જ્યારે 2009માં બીજી ચૂંટણી જીતી હતી. જે બાદ તેઓ સતત બે ચૂંટણી હારી ચૂક્યા છે.

### બિહાર NDAમાં બધું બરાબર તો છે ને? માંઝીના નીતીશ કુમાર પર કટાક્ષથી ફરી તર્કવિતર્ક

પટના : બિહારમાં એનડીએ સરકારની રચના બાદ બહુમત પરીક્ષણ દરમિયાન હિન્દુસ્તાન આવામ મોર્ચા (હમ) ના અધ્યક્ષ જીતનરામ માંઝીની પાર્ટી બદલવાની અટકળો લગાવાઈ રહી હતી પરંતુ તેઓ એનડીએની સાથે રહ્યા. હવે આ મુદ્દે માંઝીએ એક કાર્યક્રમમાં નીતીશનું નામ લેતા મોટુ નિવેદન આપ્યુ છે.જીતનરામ માંઝીએ કાર્યક્રમ દરમિયાન નીતીશ કુમાર પર કટાક્ષ કરતા કહ્યુ, તમે અમને સીએમ બનાવ્યા હતા અને અમે તમારી સરકાર બચાવી હવે સરકાર બચાવીને અહેસાન ચૂકવી દીધુ છે. પૂર્વ સીએમ માંઝીએ કહ્યુ, બીજાના ચક્કરમાં પડીને મને બહાર કરી દેવાયો હતો. 122 વોટ જોઈતા હતા બિહાર એસેમ્બલીમાં સરકાર બનાવવા માટે અત્યારે 125 વોટ આવ્યા અને તેમાંથી 4 વોટ અમારા હતા, જો આ 4 વોટ હટી જાત તો 121 વોટ જ તેમની પાસે હોત. અમે સાથ આપ્યો, જો સાથ ન આપત તો નીતીશજીની સરકાર પડી જાત. મને CM બનાવ્યો હતો તેમણે તો હવે હુ કહી શકુ કે મે પણ મારુ અહેસાન ચૂકવી દીધુ છે.

### પતિને દર મહિને 5000 રુપિયાનું ભરણપોષણ આપવા પત્નીને આદેશ, પતિની ફરિયાદનો અનોખો ચુકાદો

ઇન્દોર: સામાન્ય રીતે એવો ચુકાદો આવતો હોય છે જેમાં પતિએ પત્નીને ભરપોષણ આપવું પડશે પરંતુ મધ્યપ્રદેશના ઇન્દોરમાં એક ફેમિલી કોર્ટે પત્ની પતિને ભરણપોષણનો આદેશ આપ્યો છે. આ ચુકાદા મુજબ પત્નીએ અલગ રહેતા પતિને દર મહિને ૫૦૦૦ રુપિયા આપવા પડશે. પ્રાપ્ત માહિતી અનુસાર બ્યૂટી પાર્લર ચલાવતી પત્ની નંદિનીનો ૧૨ ધોરણ સુધી અભ્યાસ ધરાવતો પતિ અમન ઉજજૈનમાં રહે છે. અમનની એક કોમન ફ્રેન્ડનું નામ નંદિની હતું. નંદિનીએ અમનને લગ્નનો પ્રસ્તાવ મુકયો હતો. છેવટે જુલાઇ ૨૦૨૧માં બંનેએ આર્ય સમાજ મંદિરમાં લગ્ન કરીને ઇન્દોરમાં એક ભાડાના મકાનમાં રહેતા હતા. અમને પોતાની પત્ની વિરુધ કરેલી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે લગ્ન પછી નંદિની પરિવારના લોકોને પરેશાન કરવા લાગી હતી. આથી લગ્નના બે મહિના પછી નંદિનીને છોડીને માતા પિતા સાથે જતો રહયો હતો. પતિ અમન ભાગી જતા નંદિનીએ પતિ ગૂમ થયો હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી.

### કેગે જે પાંચ રીપોર્ટસ રાજ્યની નાણાંકીય સ્થિતિ અંગે રજૂ કર્યો છે

# CAG ના રીપોર્ટસ વિધાનસભામાં મૂકો જેથી જનતાને હિસાબ મલે : કેજરીવાલને લેફ્ટ. ગવર્નરનો સ્પષ્ટ પત્ર

નવી દિલ્હી | દિલ્હીના લેફ્ટેનન્ટ ગવર્નર વી.કી.સક્સેનાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક પત્ર લખી જણાવ્યુ છે કે દિલ્હી સરકારની નાણાંકીય સ્થિતિ અંગે કમ્પટ્રોલર એન્ડ ઑડીટર જનરલ (સીએજી) એ જે પાંચ રીપોર્ટસ તૈયાર કર્યા છે, તે પાંચે પાંચ રીપોર્ટસ વર્તમાન બજેટ સત્ર દરમિયાન જ વિધાનસભામાં રજૂ કરો. પોતાનાં આ સૂચનને પુષ્ટિ આપતાં લેફ્ટેનન્ટ ગવર્નરે લખ્યું હતું કે, જનતાને તેના પૈસાનો હિસાબ આપવાની સરકારની ફરજ છે.તેઓએ વધુમાં લખ્યું છે કે રાજ્યની નાણાંકીય અને આર્થિક સ્થિતિ સાથે સંલગ્ન તેવા કેગના પાંચે રીપોર્ટસ ઓગસ્ટ ૨૦૨૩થી વિત્ત મંત્રી પાસે પડયા છે. જે વિધાનસભામાં રજૂ કરો અને તેમાં કરેલાં સૂચનો પ્રમાણે કાર્યવાહી શરૂ કરી દો. જેથી તે પ્રમાણે પ્રક્રિયા શરૂ થઇ શકે.તેઓએ તેમાં લખ્યું છે કે, તે અહેવાલો સરકારનાં પ્રદર્શનનું સ્વતંત્ર અને નિષ્પક્ષ આકલન કરે છે. તે સરકાર માટે નિર્દેશક દસ્તાવેજ છે, અને જ્યાં જરૂર લાગે ત્યાં સુધારો કરવાની તક આપે છે. સરકારની તે ફરજ બની રહે છે કે, સદન દ્વારા જનતા પાસેથી પ્રાપ્ત કરેલું રાજસ્વ અને તેના વ્યય (ખર્ચ)નો હિસાબ તેઓ સમક્ષ રજૂ કરે. નિરીક્ષકો કહે છે કે ઉપરાજ્યપાલના આ રીપોર્ટસ વિધાનસભામાં રજૂ કરવાના આદેશથી કેજરીવાલની મૂંઝવણ વધી ગઈ હશે. જેણે વાંચ્યું જ ન હોય તે પરીક્ષામાં શું લખે ? તેમ કેજરીવાલ પણ આ પ્રશ્નોના જવાબ શું આપી શકશે તે જોવાનું છે.

#### ઉપરાજ્યપાલે નીચે દર્શાવેલા રીપોર્ટસ રજૂ કરવા મુ.મં. ને જણાવ્યું છે :

(૧) સ્ટેટ ફાયનાન્સ ઓડીટ રીપોર્ટ ફોર ૩૧ માર્ચ ૨૦૨૨નાં નાણાંકીય વર્ષ અંગેનો રીપોર્ટ.

(૨) સ્ટેટ ફાયનાન્સ ઓડીટ રીપોર્ટ ફોર યર એન્ડેડે ઓન ૩૧ માર્ચ ૨૦૨૧

(૩) પરફોર્મન્સ ઓડીટ ઓન પ્રિવેન્શન એન્ડ મિરિગેશન ઓફ વ્હીક્યુલર એર પોલ્યુશન ઇન દિલ્હી (૨૦૨૧-૨૨)

(૪) ૨૦૨૦, ૨૦૨૧માં ૩૧ માર્ચે પૂરાં થતાં વર્ષો દરમિયાન રેવન્યુ, ઇકોનોમિક અને જનરલ સેક્ટર્સનાં પીએસયુ (પબ્લિક સેક્ટર યુનિટસ) સંબંધી રીપોર્ટ.

(૫) ૩૧ માર્ચ ૨૦૨૧ના દિને પૂરાં થતાં વર્ષ માટેનો પરફોર્મન્સ ઓડીટ રીપોર્ટ ઓન ચિલ્ડ્રન ઇન નીડ ઓફ કેર એન્ડ પ્રોટેકશન રીપોર્ટ.

### પ.બંગાળમાં મમતાએ કોંગ્રેસને 2 સીટ ઓફર કરી મેઘાલય અને આસામ અંગે પણ સમજૂતી સધાઈ

નવી દિલ્હી | શો સમય આવ્યો છે ? ૧૩૯ વર્ષ જૂની 'ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી'ને થોડા દશકોથી જ રચાયેલી પાર્ટીઓ સીટ શેરિંગ માટે ઓફર કરે છે, અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તે સ્વીકારવી પડે છે. નિરીક્ષકો કહે છે કે કોંગ્રેસે આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે.

આ તાર્કીક વાતો એક તરફ સાચી તળપદી પરિસ્થિતિ જોઈએ તો પશ્ચિમ બંગાળમાં મમતાએ કોંગ્રેસને માત્ર બે જ સીટ ઓફર કરી છે તે સાથે આસામ અને મેઘાલયમાં ટીએમસી એક એક સીટ ઉપર ચૂંટણી લડવા સંમત થઈ છે. જ્યારે ઉ.પ્ર. માં કોંગ્રેસ સપાની સમજાવી શકે છે કહો કે સપાનું કહ્યું કોંગ્રેસે માનવું પડયું છે, તેથી સપાના સર્વેસર્વા હવે રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા'માં જોડાવા સહમત થયા છે. અખિલેશ આગ્રાથી તે યાત્રામાં જોડાવાના છે.મેઘાલયમાં ટીએમસી ૧ સીટ પર લડવા સંમત થઈ છે પરંતુ તુરાની બેઠક અંગે વિવાદ રહ્યો છે. કોંગ્રેસ તે સીટ ટીએમસીને આપવાના મૂડમાં નથી.ઉ.પ્ર.માં સીટ વહેંચણી અંગે પ્રિયંકા ગાંધીના હસ્તક્ષેપથી પરિસ્થિતિ થાળે પડી છે.

### લગ્ન અને છૂટાછેડાની નોંધણી સંબંધિત ૮૯ વર્ષ જૂના કાયદાને રદ કરવાનો નિર્ણય લીધો

# ભાજપ શાસિત રાજ્યમાં બ્રિટિશ કાળથી અમલી 'મુસ્લિમ મેરેજ એક્ટ' રદ, UCCની દિશામાં મોટું પગલું

ઉત્તરાખંડ : ઉત્તરાખંડ બાદ વધુ એક ભાજપ શાસિત રાજ્ય આસામ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની દિશામાં આગળ વધી રહ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની આગેવાની હેઠળની કેબિનેટે રાજ્યમાં રહેતા મુસ્લિમોના લગ્ન અને છૂટાછેડાની નોંધણી સંબંધિત ૮૯ વર્ષ જૂના કાયદાને રદ્દ કરવાનો નિર્ણય લીધો હતો.

આ નિર્ણય વિશે માહિતી આપતા પર્યટન મંત્રી જયંત મલ્લા બરુઆએ કહ્યું, "આપણા મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પહેલેથી જ જાહેરાત કરી હતી કે આસામમાં સમાન નાગરિક સંહિતા(UCC) લાગુ કરાશે. આજે અમે આસામ મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ રજીસ્ટ્રેશન એક્ટ, 1935ને રદ્દ કરવાનો એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે."

તમને જણાવી દઈએ કે આ કાયદામાં મુસ્લિમ લગ્ન અને છૂટાછેડા માટે સ્વૈચ્છિક નોંધણીની જોગવાઈ કરવામાં આવી હતી. સરકારના નવા નિર્ણયનો અર્થ એ છે કે આસામમાં હવે આ કાયદા હેઠળ મુસ્લિમ લગ્ન અને છૂટાછેડાની નોંધણી શક્ય બનશે નહીં. બરુઆએ કહ્યું, અમારી પાસે પહેલેથી જ એક વિશેષ મેરેજ એક્ટ છે અને અમે ઈચ્છીએ છીએ કે તમામ લગ્નો સમાન જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવે. તેમણે કહ્યું કે હાલમાં આસામમાં 94 અધિકૃત વ્યક્તિઓ છે જે મુસ્લિમ લગ્ન અને છૂટાછેડાની નોંધણી કરાવી શકે છે. પરંતુ



કેબિનેટના નિર્ણય સાથે જિલ્લા સત્તાધીશો દ્વારા તેના માટે સૂચનાઓ જારી કરાયા બાદ તેમની સત્તા સમાપ્ત થઈ જશે. બરુઆએ જણાવ્યું હતું કે, "આ લોકો લગ્ન અને છૂટાછેડાની નોંધણી કરીને આજીવિકા કમાતા હોવાથી રાજ્ય કેબિનેટે તેમને દરેકને 2 લાખ રૂપિયાનું વળતર આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે યુનિફોર્મ સિવિલ કોડ તરફ એક પગલું આગળ વધારવા ઉપરાંત કેબિનેટને લાગ્યું કે આ એક્ટને રદ કરવો જરૂરી છે. આ ખૂબ જ જૂનો કાયદો હતો અને બ્રિટિશ કાળથી અમલમાં હતો. આજના સામાજિક ધોરણો સાથે તે મેળ ખાતો નહોતો. તેમણે કહ્યું, "અમે જોયું કે હાલના કાયદાનો ઉપયોગ સગીર છોકરાઓ અને છોકરીઓના લગ્નની નોંધણી માટે કરવામાં આવી રહ્યો હોત. "અમને લાગે છે કે આજનું પગલું આવા બાળ લગ્નોને રોકવામાં ભૂમિકા ભજવશે."

### રાશન કૌભાંડ પછી હવે શાહજહાં સામે જમીન પચાવી પાડવાનો કેસ

# ફરી હિંસા : સ્થાનિકોએ શાહજહાંની સંપત્તિને આગ લગાવી

કોલકાતા | પશ્ચિમ બંગાળના ઉત્તરી ૨૪ પરગણા જિલ્લાના સંદેશખલીના કેટલાક ભાગમાં શુક્રવારે સવારે ફરી એક વખત તૃણમૂલ નેતા શાહજહાં શેખ વિરુદ્ધ દેખાવો થયા હતા. સ્થાનિક મહિલાઓનું વર્ષો સુધી જાતીય શોષણ કરવા અને જમીન પચાવી પાડવા બદલ ગુસ્સે ભરાયેલા લોકોએ શાહજહાં શેખની સંપત્તિઓને આગ લગાવી દીધી હતી. બીજીબાજુ ઈડીએ રાશન કૌભાંડ પછી હવે લોકોની જમીન પચાવી પાડવાના મામલામાં શાહજહાં શેખ સામે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે અને ૬થી વધુ સ્થળો પર દરોડા પાડયા હતા.



ઉત્તર ૨૪ પરગણાં જિલ્લાના સંદેશખલીમાં વર્ષોથી મહિલાઓના જાતીય શોષણ અને લોકોની જમીન પચાવી પાડવાના આરોપોનો સામનો કરતા ભાગેડુ તૃણમૂલ નેતા શાહજહાં શેખ વિરુદ્ધ લોકોમાં ભારે આક્રોશ છે. સતત બીજા દિવસે અહીં લોકોએ શાહજહાં શેખ અને તેના સમર્થકો વિરુદ્ધ દેખાવો કર્યા હતા. લાકડીઓથી સજ્જ દેખાવકારોએ સંદેશખલીના બેલમાજુર વિસ્તારમાં માછલી પકડવાના યાર્ડ પાસે છાપરાવાળી સંપત્તિઓને આગ લગાવી દીધી હતી. આ સંપત્તિઓ તૃણમૂલ નેતા શાહજહાં અને તેના ભાઈ સિરાજની હતી.એક દેખાવકારે કહ્યું કે, પોલીસે વર્ષો સુધી કશું જ કર્યું નથી. આ જ કારણે અમે અમારી જમીન અને સન્માન પાછા મેળવવા માટે આ કરી રહ્યા છીએ. સ્થાનિક લોકોએ ગુરુવારે બપોરથી ઉગ્ર દેખાવો શરૂ કર્યા પછી શાહજહાં શેખના ભાઈ સિરાજની સંપત્તિને પણ આગ લગાવી દીધી હતી. તેમણે રમત-ગમતના એક મેદાન પર પણ કબજો કરી લીધો હતો, જેના પર ભાગેડૂ નેતા શાહજહાં શેખે ગેરકાયદે કબજો કર્યો હતો.

સ્થાનિક લોકોએ શેખ સિરાજના ફાર્મ હાઉસમાં એક ગોદામને આગ લગાવી દીધી હતી. તેમનો આરોપ હતો કે, જે ખેતરમાં આ ગોદામ હતું તે તેમની જમીન પર બનાવાયેલું હતું અને તેના પર તૃણમૂલ નેતા અને તેના સંબંધીઓએ ગેરકાયદે રીતે કબજો કરી લીધો હતો. સિરાજુદ્દિને ખેતરમાં સમુદ્રનું ખારું પાણી નાંખીને જમીન ખરાબ કરી નાંખી હતી અને ત્યાર પછી આ જમીન પર કબજો કર્યો હતો. શાહજહાં શેખ અને સિરાજે આ રીતે ગામવાસીઓના અનેક ખેતરો ગેરકાયદે રીતે પચાવી પાડયા હતા.

દરમિયાન પશ્ચિમ બંગાળમાં રાશન કૌભાંડના આરોપી શાહજહાં શેખ વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હવે નવો કેસ નોંધ્યો છે.

### સપા નેતાની કંપની સામે કાર્યવાહી

# બેંકો સાથે કૌભાંડ મુદ્દે ઇડીના ગુજરાત, યુપી, હરિયાણામાં દરોડા

નવી દિલ્હી | ઈડીએ ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં દરોડા પાડયા હતા. ૭૫૦ કરોડ રૂપિયાના બેંક લોનના ફ્રોડમાં મની લોન્ડરિંગના કેસમાં ઈડી દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા હતા. રોડ કન્સ્ટ્રક્શન અને ટોલ પ્લાઝાના સંચાલન સાથે સંકળાયેલી કંપની સામે કાર્યવાહી ચાલી રહી છે.

ઈડીએ ગંગોત્રી એન્ટરપ્રાઈઝિસને લઈને આ દરોડા પાડયા હતા. આ કંપનીમાં સપાના નેતા વિનય શંકર તિવારી, રિટા તિવારી અને અજીત પાંડે મુખ્ય પ્રમોટર્સ છે. વિનય શંકર તિવારી



ગોરખપુરમાં પ્રખ્યાત નેતા અને પૂર્વ મંત્રી સ્વ. હરી શંકર તિવારીના પુત્ર છે. વિનય શંકર પહેલા બસપામાં હતા બાદમાં તેઓ સમાજવાદી પાર્ટીમાં જોડાયા હતા.

વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ દરમિયાન આશરે ૭૫૦ કરોડ રૂપિયાના લોન ફ્રોડમાં આ તપાસ હાથ ધરાઈ રહી છે. ઈડીએ ઉત્તર પ્રદેશના લખનઉ, ગોરખપુર અને નોઈડામાં દરોડા પાડયા હતા. જ્યારે ગુજરાતમાં અમદાવાદમાં તપાસ કરવામાં આવી હતી. તેવી જ રીતે હરિયાણાના ગુરુગ્રામમાં ઈડીની ટીમ પહોંચી હતી. ગંગોત્રી નામની કંપની રોડ બાંધકામ તેમજ ટોલ પ્લાઝાને ઓપરેટ કરવાનું કામ સંભાળે છે. આ ઉપરાંત અન્ય સરકારી કોન્ટ્રાક્ટ સાથે પણ સંકળાયેલી છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં કંપનીની ૭૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરાઈ હતી.

# ઓસ્ટ્રેલિયામાં મહિલા પાંચ વર્ષથી પોતાના ભાઈના મૃતદેહ સાથે રહેતી હતી : માનસિક અસ્થિર મહિલા હવે પોલીસ કસ્ટડીમાં



સિડની | ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં પાડોશીઓની ફરિયાદ બાદ પોલીસ એક ઘરમાં પહોંચી હતી. એ ઘરમાં એક મહિલા પાંચ વર્ષથી મૃતદેહ સાથે રહેતી હતી. ઘરમાં ઉંદરો આંટાફેરા કરતા હતા અને કચરાના ઢગલા ખડકાયા હતા. એ મહિલાની માનસિક હાલત બરાબર ન હતી. ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રાંતના ન્યૂટાઉનના એક વિસ્તારમાં મહિલા પાંચ વર્ષથી તેના ભાઈના મૃતદેહ સાથે રહેતી હતી. એ મૃતદેહ સડી ગયો હતો અને એમાં કંકાલ જ રહ્યા હતા. ચારેબાજુ ઉંદરો આંટાફેરા કરતા હતા. ઘરમાં કચરાનો ઢગલો થયો હતો. મળ-મૂત્રની અસહ્ય બદબૂ આવતી હતી. ન્યૂટાઉનના સૌથી મોંઘા વિસ્તારમાં આ ઘર આવ્યું હતું. આસપાસના લોકોએ અગાઉ પણ બદબૂ અને ગંદકીની ફરિયાદ કરી હતી, પરંતુ સ્થાનિક તંત્રએ ધ્યાન આપ્યું ન હતું.

## ન્યૂઝ ટ્રેક

### હવે 96 કલાકના મફત વિઝા મળશે

દુબઈ | સાઉદી અરબ જનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યા વધી જવાની આશા છે. રાજધાની રિયાધનું 2030 સુધીમાં 7.5 મિલિયન ભારતીય પર્યટકોને આકર્ષવાનું લક્ષ્ય છે. સાઉદીના સ્થાપના દિવસ પ્રસંગે ટોચના અધિકારીએ કહ્યું કે ગયા વર્ષે ભારતીય પર્યટકોની સંખ્યામાં પચાસ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સાઉદી આવનારા ભારતીય પર્યટકો માટે 96 કલાકના મફત વિઝા યોજનાનો ઉલ્લેખ કરતાં અલહસન અલ્દાબાગે કહ્યું કે સ્ટોપ ઓવર કાર્યક્રમ હેઠળ સાઉદી આવનારા લોકોને 96 કલાક માટે મફત વિઝા આપવામાં આવશે. તેનો લાભ સાઉદી એરલાઈન્સ કે ખાનગી એરલાઈન ફ્લાઈનાસ દ્વારા મુસાફરી કરવાથી મળશે. ગયા વર્ષે ભારતથી 1.5 મિલિયન પ્રવાસી સાઉદી આવેલા.

### અમેરિકા પર રશિયાએ લગાવ્યા 500થી વધારે નવા પ્રતિબંધ

ન્યૂયોર્ક | અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને શુક્રવારે રશિયાની સામે નવા 500થી વધારે પ્રતિબંધની જાહેરાત કરી છે. તેની પાછળનું કારણ યૂક્રેનની સામે લડાઈ અને રશિયાના વિપક્ષી નેતા એલેક્સી નવલનીનું કેદમાં મોત જણાવવામાં આવી રહ્યું છે. અમેરિકી પ્રેસિડન્ટના આધારે આ નિયમના આધારે નવલનીના મોતને માટે જવાબદાર લોકો અને રશિયાની સેનાને નિશાન બનાવાયું છે. બાઈડનના અનુસાર આ પ્રતિબંધ એ દર્શાવે છે કે અન્ય દેશ પર આક્રમતા દેખાડવાનું અને ઘરેલૂ સ્તરે દમન કરવાનું રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને માટે ભારે કિંમત ચુકવવા જેવું છે. અમેરિકાના પ્રેસિડન્ટ દ્વારા રશિયાની સામે આ પ્રતિબંધ નવલનીના નિધન બાદ આવ્યા છે.

### ચીનનું જાસૂસી જહાજ માલદીવ પહોંચતા ભારત એલર્ટ

બેઈજિંગ | હિંદ મહાસાગરમાં સુરક્ષા ચિંતાઓ વચ્ચે ચીનનું રિસર્ચ શિપ માલદીવ પહોંચી ગયું છે. આનાથી ભારતની ચિંતામાં વધારો થયો છે. એક ચીની સંશોધન જહાજ ગુરુવારે રાત્રે માલદીવ પહોંચ્યું હતું. હિંદ મહાસાગરમાં બેઈઝિંગની ગતિવિધિઓ પર ચિંતા વ્યક્ત કરાઈ છે. વૈશ્વિક જહાજ ટ્રેકિંગ ડેટા પ્રમાણે એક ચીની જાસૂસી જહાજ ઠીક ત્રણ મહિના પહેલા પણ આ રીતે એક જહાજને હિંદ મહાસાગરમાં પ્રવાસ કર્યો હતો. અને ભારતની સુરક્ષા ચિંતા વધારી હતી. હવે ચીનનું આ જહાજ માલદીવથી સંબંધ વણસ્યા પછી પહોંચ્યું છે. આ પ્રવાસ એક અમેરિકી થિંક ટેંકની જાન્યુઆરીની ટિપ્પણીઓ પછી થઈ હતી. ચીનની નેવીની તૈનાતી માટે આ મિશનથી મળતી જાણકારીઓનો લાભ ઉઠાવવા માગે છે. તેનો દાવો છે કે બેઈઝિંગની છબી ખરડાય તે માટે ચીનને ખતરા સ્વરૂપે રજૂ કરાઈ રહ્યું છે.

## PML-N અને PPP ગઠબંધન બનાવવા તરફ આગળ વધી : 9 માર્ચ પહેલા રાષ્ટ્રપતિની ચૂંટણીની યોજના

# પાકિસ્તાનમાં 2 માર્ચ સુધીમાં થશે નવી સરકારની રચના

ઈસ્લામાબાદ | તા.23

આખરે પાકિસ્તાનમાં ચૂંટાયેલી સરકારની રચનાનો સમય આવી ગયો છે. ચૂંટણીમાં ધાંધલ ધમાલના આક્ષેપો અને સરકાર રચવા માટે વાટાઘાટોના ઘણા રાઉન્ડ વચ્ચે સામે આવ્યું છે કે આગામી મહિનાની શરૂઆતની તારીખોમાં પાકિસ્તાનમાં ગઠબંધન સરકારની રચના કરવામાં આવશે. મીડિયા અહેવાલ અનુસાર તે પ્રકાશમાં આવ્યું છે કે પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) 2 માર્ચ સુધીમાં ગઠબંધન સરકાર બનાવવા તરફ આગળ વધી રહી છે. આ સાથે 9 માર્ચ પહેલા રાષ્ટ્રપતિની ચૂંટણી કરાવવાની પણ યોજના છે. શુક્રવારે મીડિયા રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. પાકિસ્તાનમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ત્રિશંકુ સંસદની સ્થિતિ સર્જાઈ હતી. પૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોની પીપીપી પાર્ટી પૂર્વ પીએમ નવાઝ શરીફની આગેવાની હેઠળની પીએમએલ-એનને સમર્થન કરશે તેવું પ્રકાશમાં આવ્યું છે. તે જ સમયે પીએમએલ-એન પ્રમુખ શહેબાઝ





શરીફનું વડા પ્રધાન પદ પર વાપસી લગભગ નિશ્ચિત છે. તેમના મોટા ભાઈ નવાઝ શરીફ વડાપ્રધાન પદ માટે તેમના નામની જાહેરાત કરી ચૂક્યા છે. પાર્ટીનું કહેવું છે કે ત્રણ વખત પીએમ રહી ચૂકેલા નવાઝ શરીફ એવી સરકારનું નેતૃત્વ કરવા માંગતા નથી, જેમાં પીએમએલ-એન પાસે સંસદમાં બહુમતી ન હોય.જો કે, બંને પક્ષો, પીએમએલ-એન અને પીપીપી જે સરકાર બનાવવા જઈ રહ્યા હતા. તેમને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારો કરતાં ઓછી બેઠકો મળી હતી. પૂર્વ પીએમ ઈમરાન ખાન હાલ જેલમાં છે. 9 માર્ચ પહેલા રાષ્ટ્રપતિની ચૂંટણી કરાવવાના પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. કારણ કે દેશભરની નવી ચૂંટાયેલી વિધાનસભાઓ 29મી ફેબ્રુઆરી સુધીમાં શપથ લેશે અને 2જી માર્ચ સુધીમાં નવી સરકારની રચના થઈ જશે. આઉટગોઈંગ પ્રેસિડેન્ટ ડૉ. આરિફ અલ્વીનો પાંચ વર્ષનો કાર્યકાળ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સત્તાવાર રીતે સમાપ્ત થયો હતો.

## ઈલોન મસ્કે Gmailનો વિકલ્પ તૈયાર કર્યો, Googleનું ટેન્શન વધ્યું

વૉશિંગ્ટન | તા.24

ઈલોન મસ્ક ઘણા સમયથી ટેક દુનિયામાં થતી દરેક ઘટના પર પ્રતિક્રિયા આપે છે અને ઘણીવાર અન્ય ટેક કંપનીઓની મજાક ઉડાવીને મીમ્સ પણ શેર કરે છે. ત્યારે હવે ઈલોન મસ્ક ગૂગલ સાથે સીધી સ્પર્ધાની તૈયારી કરી રહ્યા છે અને તેઓ ટૂંક સમયમાં Xmail લોન્ચ કરવા જઈ રહ્યા છે જે એક્સ (X)ની ઈ-મેલ સેવા હશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X)ના માલિક ઈલોન મસ્કે સંકેત આપ્યા છે કે તેઓ ગૂગલના જી-મેઈલને ટક્કર આપવા માટે Xmail નામની નવી ઈમેલ



સેવા ટૂંક સમયમાં જ લોન્ચ કરશે. આ અંગેની જાણકારી ખુદ ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પોસ્ટમાં આપી છે. વાત એવી છે કે એક્સ (X)ના એક એન્જિનિયરે ઈલોન મસ્કને પ્રશ્ન પૂછ્યો હતો કે આપણે Xmail ક્યારે બનાવી રહ્યા છીએ. આના જવાબમાં ઈલોન મસ્કે કહ્યું હતું કે 'તે આવી રહ્યું છે (It's coming)'.

જો કે ઈલોન મસ્કે આ વિશેની વધુ માહિતી આપી નથી. પરંતુ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે ઘણી એવી સુવિધાઓથી સજ્જ હશે જે જીમેલમાં જોવા મળતી નથી.ઈલોન મસ્કે હંમેશા પોતાના નિર્ણયોથી સૌને આશ્ચર્યચકિત કરે છે. તેઓ આગામી એક કે બે મહિનામાં Xmail લોન્ચ કરે તો નવાઈ નહીં. ઉલ્લેખનીય છે કે ઈલોન મસ્ક એક સુપર એપ પર પણ કામ કરી રહ્યા છે. આ એપ કોઈપણ સમયે લોન્ચ થઈ શકે છે.

## હવામાનની માહિતી આપતો અને યુરોપનો 'દાદા' ગણાતો સેટેલાઈટ અંતરિક્ષમાં જ બળીને રાખ થયો

પેરિસ | તા.24

મહાસાગરોનું તાપમાન અને બરફની ચટ્ટાનો સહિતના હવામાનની માહિતી આપતો યુરોપનો 'દાદા' ગણાતો સેટેલાઈટ સ્પેસમાં બળીને ખાખ થયો છે. ઈઆરએસ-૨ નામનો ઉપગ્રહ ૨ ટન જેટલો વજન ધરાવતો હતો. યુરોપીય સ્પેસ એજન્સીના જણાવ્યા અનુસાર ઈઆરએસ-૨ને ૯૦ના દાયકામાં લોંચ કરવામાં આવ્યો હતો. તેનું કામ વાતાવરણ, ભૂમિ અને મહાસાગરોનું



સંશોધન કરવાનો હતો. જો કે કોઈએ સેટેલાઈટના કાટમાળને નીચે પડતો જોયો ન હોવાથી હવામાં બળી ગયો હોવાનું માનવામાં આવે છે. સેટેલાઈટમાં ઈંધણ ખાલી હતું અને બેટરી સંપૂર્ણ ડિસ્ચાર્જ થઈ ગઈ હતી. ઈઆરએસ ૨ ને ૨૦૧૧માં નિવૃત કરવામાં આવ્યો હતો. શરુઆતમાં આ સેટેલાઈટની ઉંચાઈ અવકાશમાં ૭૮૦ કિમીની હતી ત્યાર પછી વૈજ્ઞાનિકોએ ઉંચાઈ ઘટાડીને ૫૭૦ કરી હતી. સેટેલાઈટ અનિયંત્રિત થઈને પૃથ્વી પર આવશે તેવી નિષ્ણાતોએ પહેલાથી જ શંકા વ્યકત કરી હતી. સેટલાઈટનો અંત કેલિફોર્નિયાથી ૨૦૦૦ કિમી દૂર પશ્ચિમ અલાસ્કા અને હવાઈ ક્ષેત્રની વચ્ચે ઉત્તરી પ્રશાંત મહાસાગરમાં આવ્યો હતો.

## ચાઇનીઝ સ્કાયસ્ક્રેપરમાં લાગી ભીષણ આગ, 15ના મોત 44 લોકો ઘાયલ થયા

નાનજિંગ | તા.23

પૂર્વી ચીનના નાનજિંગ શહેરમાં એક રહેણાંક બિલ્ડિંગમાં આગ લાગવાને કારણે 15 લોકોના મોત થયા છે, જ્યારે આ દુર્ઘટનામાં 44 લોકો ઘાયલ થયા છે. શનિવારે ચીનના એક અધિકારીએ પ્રેસકોન્ફરન્સ કરીને કહ્યું હતું કે શુક્રવારની સવારે હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ લાગી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈમારતના પહેલા માટે લાગી હતી જ્યાં એક ઈલેક્ટ્રિક બાઈક પડ્યું હતું.

આ બિલ્ડિંગ નાનજિંગના યુહુતાઈ જિલ્લામાં આવેલ છે જે 8 મિલિયનથી વધુની વસ્તી ધરાવતું શહેર છે અને શાંઘાઈથી 260 કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં આવેલું છે. અધિકારીઓએ કહ્યું કે સવારે 6 વાગ્યા સુધીમાં તો આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને રાહત અને બચાવ અભિયાન શુક્રવારે બપોરે 2 વગે પૂર્ણ થઈ ગયું હતું.

ચાઈનીઝ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા વિડિયોઝમાં જોઈ શકાય છે કે એક ગગનચુંબી ઈમારતમાં મધરાતે આગ લાગેલી જોવા મળે છે, જેમાંથી કાળો ધુમાડો નીકળી રહ્યો છે. અન્ય ફૂટેજમાં આગની ભીષણ જ્વાળાઓ બિલ્ડીંગના અનેક ફ્લોરને ઘેરી લેતી જોવા મળે છે. આ દરમિયાન, ઘટનાસ્થળ પર પાર્ક કરાયેલા ઈમરજન્સી વાહનોની ફ્લેશિંગ લાઈટ્સ પણ જોઈ શકાય છે.

## યુક્રેન સામે યુદ્ધને 2 વર્ષ પૂરાં થતાં બ્રિટન-અમેરિકા-યુરોપિયન યુનિયનની રશિયા સામે મોટી કાર્યવાહી

મોસ્કો | તા.24

રશિયા અને યુક્રેન વચ્ચે જારી યુદ્ધને બે વર્ષ થઈ ગયા છે. જેના કારણે અમેરિકાએ એક વાર ફરી રશિયા વિરુદ્ધ આકરુ વલણ દાખવ્યુ છે. અમેરિકાએ રશિયા વિરુદ્ધ 500થી વધુ નવા પ્રતિબંધ લગાવ્યા છે. અમેરિકાની સાથે-સાથે બ્રિટન અને યુરોપિયન સંઘે પણ રશિયા વિરુદ્ધ નવા પ્રતિબંધ લગાવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને પ્રતિબંધ લગાવતા કહ્યુ કે આજે હુ યુક્રેન પર વિજય માટે ચાલી રહેલા યુદ્ધ અને સાહસી ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર્તા એલેક્સી નવલનીના મોતના કારણે રશિયા વિરુદ્ધ 500થી વધુ નવા પ્રતિબંધોની જાહેરાત કરી રહ્યો છુ. વ્હાઈટ હાઉસ દ્વારા જારી નિવેદન અનુસાર બાઈડને કહ્યુ કે આ પ્રતિબંધ નવલનીના કારાવાસ સાથે જોડાયેલા વ્યક્તિઓની સાથે-સાથે રશિયાના નાણાકીય ક્ષેત્ર, સંરક્ષણ ઔદ્યોગિક આધાર અને ખરીદ નેટવર્ક સહિત અન્ય ક્ષેત્રોને પ્રભાવિત કરશે. બાઈડને કહ્યુ કે વિશ્વભરમાં પુતિનને આક્રમકતા માટે વધુ કિંમત ચૂકવવી પડે. અમેરિકાની સાથે-સાથે દુનિયાના 50 દેશ રશિયા વિરુદ્ધ યુક્રેનની સાથે ઊભા છે. આક્રમકતા માટે અમે રશિયાને જવાબદેહ ઠેરવવા માટે પ્રતિબદ્ધ છીએ. બાઈડને આગળ કહ્યુ કે યુક્રેનના લોકો બહાદુર છે. તેઓ પોતાની સ્વતંત્રતા અને ભવિષ્યની રક્ષા માટે દ્રઢ છે. તેઓ રશિયાની સાથે લડતા રહેશે. નાટો મજબૂત અને વધુ એકત્ર છે. આ સિવાય બાઈડને પરોક્ષ સ્વરૂપે રશિયાની મદદ કરનાર 100 સંસ્થાઓ પર નવા નિકાસ પ્રતિબંધો પણ લગાવ્યા છે. અમે રશિયાની ઊર્જા આવકને વધુ ઘટાડવા માટે કાર્યવાહી કરી રહ્યા છીએ. બ્રિટને પણ રશિયા વિરુદ્ધ નવા પ્રતિબંધ લગાવ્યા છે. પ્રતિબંધના નવા પેકેજની જાહેરાત કરતા બ્રિટને કહ્યુ કે તેઓ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના શસ્ત્રાગાર અને યુદ્ધને ઘટાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેણે 50થી વધુ વ્યક્તિઓ અને સંસ્થાઓને કવર કરનાર પેકેજની જાહેરાત કરી. વિદેશ મંત્રી ડેવિડ કેમરને કહ્યુ, અમારા આર્થિક દબાણની રશિયા પર અસર પડી છે. બ્રિટન અને અમેરિકા સિવાય યુરોપીય સંઘ (ઈયુ) એ પણ કાર્યવાહી કરી છે. શુક્રવારે ઈયુએ ભારત સહિત રશિયા, ચીન, કઝાકિસ્તાન, સર્બિયા, થાઈલેન્ડ, શ્રીલંકા અને તુર્કીમાં રજીસ્ટર 27 કંપનીઓ પર પ્રતિબંધ લગાવી દીધો. ઈયુએ આ પ્રતિબંધ રશિયા અને યુક્રેન યુદ્ધના બે વર્ષ પૂરા થવા પર લગાવ્યા છે. યુરોપીય સંઘ તરફથી જારી નિવેદનમાં અત્યારે આ કંપનીઓના નામ જાહેર કરવામાં આવ્યા નથી.

## પાકિસ્તાનમાં ફરી સર્જિકલ સ્ટ્રાઈક, પાડોશી દેશની સેનાએ જૈશ અલ અદલના કમાંડરને ઠાર કર્યો

કોલંબો | તા.23

પાકિસ્તાનની એવી હાલત થઈ ગઈ છે કે તે આતંકીઓને ઉછેરવામાં ફસાઈ ગયો છે. પાડોશી દેશો સાથે તેના સંબંધો બગડતાં જઈ રહ્યા છે. તેના પર ફરી એકવાર પાડોશી દેશના સૈન્યએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હોવાના અહેવાલથી ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર ઈરાની સૈન્ય દળોએ પાકિસ્તાની વિસ્તારમાં ઘૂસીને આતંકવાદી જૂથ જૈશ અલ અદલના કમાન્ડર ઈસ્માઈલ શાહ બક્ષ અને તેના કેટલાક સહયોગીઓને મારી ઠાર કરી દીધાનો દાવો કર્યો છે. આજે વહેલી સવારે ઈરાનના સરકારી મીડિયાના હવાલાથી આ માહિતી મળી હતી. અગાઉ એક મહિના પહેલા પણ ઈરાને પાકિસ્તાની ક્ષેત્રમાં ઘૂસીને જૈશ અલ અદલના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાને પણ ઈરાનના વિસ્તારમાં હવાઈ હુમલો કર્યો હતો.



અગાઉ એક મહિના પહેલા પણ ઈરાને પાકિસ્તાની ક્ષેત્રમાં ઘૂસીને જૈશ અલ અદલના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા

### જૈશ અલ અદલ એક સુન્ની ઉગ્રવાદી સંગઠન

અહેવાલ મુજબ, જૈશ અલ અદલ એક સુન્ની ઉગ્રવાદી સંગઠન છે, જેની સ્થાપના 2012માં થઈ હતી. ઈરાને તેને 'આતંકવાદી જૂથ' જાહેર કર્યું છે. આ સંગઠન ઈરાનના દક્ષિણ-પૂર્વ પ્રાંત સિસ્તાન-બલુચિસ્તાનથી ઓપરેટ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જૈશ અલ-અદલે ઈરાની સુરક્ષા દળો પર અનેક હુમલા કર્યા હતા. ગત ડિસેમ્બરમાં, જૈશ અલ-અદલે સિસ્તાન-બલુચિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર હુમલાની જવાબદારી લીધી હતી, જેમાં ઓછામાં ઓછા 11 પોલીસ કર્મચારીઓના જીવ ગયા હતા.

## ઈટાલીમાં સિનિયર સિટિઝન ગેંગની સનસનાટી : પોસ્ટ ઓફિસમાંથી કરોડોની લૂંટ

રોમ | ઈટાલીમાં એક વયોવૃદ્ધ તસ્કરી ટોળકી છેલ્લાં કેટલાય સમયથી ઈટાલીમાં લૂંટ ચલાવતી હતી. ક્રાઈમ સીરિઝની જેમ જડબેસલાક પ્લાનિંગ કરીને દરેક વખતે ભાગી છૂટતી આ ગેંગને આખરે પકડી લેવાઈ છે. લૂંટારાની ગેંગના બધા જ સભ્યો ૬૦ વર્ષથી વધુ વયના છે. નિવૃત્ત થવાની ઊંમરે સક્રિય થયેલી આ ગેંગે છેલ્લાં વર્ષોમાં પોલીસને દોડતી કરી હતી. ઈટાલીમાંથી પોલીસે કેટલીય લૂંટને અંજામ આપનારી એક સશસ્ત્ર ગેંગને ઝડપી લીધી હતી. આ ગેંગની ખાસિયત એ છે કે એમાં કોઈ યુવાન નથી. બધા જ નિવૃત્ત થઈ ગયેલા વૃદ્ધો છે, જેની વય ૬૦ અને ૭૦ની વચ્ચે છે. આ ગેંગ એટલી શાતિર હતી કે અત્યાર સુધી એના સભ્યો પકડાતા ન હતા. સીસીટીવીમાંથી પણ બચી જતા હતા. કેટલાય સમયથી રોમ અને તેની આસપાસના પોસ્ટ ઓફિસમાં ઘૂસીને લૂંટ ચલાવતા હતા. ગેંગમાં કુલ આઠ સભ્યો છે. ત્રણ માસ્ટર માઈન્ડ છે. આખી લૂંટનું પ્લાનિંગ એ કરે છે. એ સિવાયના ત્રણ સ્પેશિયાલિસ્ટ છે. જરૂર પડયે રિસર્ચ કરવાથી લઈને ટેકનોલોજીનો ઉપયોગ એ કરે છે. એક તાળું તોડનારો આરોપી છે, જેની વય ૬૬ વર્ષ છે. બે ખોદકામ કરે છે. એનું કામ ટનલ બનાવવાનું હોય છે. એ એવી રીતે ટનલ બનાવે કે ઓછામાં ઓછો અવાજ કરીને કામ પાર પડે છે. કુલ આઠ સભ્યોની આ ગેંગે રોમની પોસ્ટઓફિસો તોડીને કરોડોની લૂંટને અંજામ આપ્યો હતો. લૂંટ કર્યા પછી એ વયોવૃદ્ધ હોવાનો ફાયદો ઉઠાવીને નાસી જતા હતા. આ ગેંગને જોઈને કોઈને બિલકુલ અંદાજ ન આવે કે આ ખતરનાક લૂંટારા છે. રોમમાં આ ગેંગે છેલ્લી લૂંટ ૧.૭૪ કરોડ રૂપિયાની ચલાવી હતી. એટીએમમાં પૈસા લઈ જતી બખ્તરબંધ જીપને પણ અગાઉ આ ગેંગે નિશાન બનાવી હતી. આખરે ૧.૩૬ કરોડ રૂપિયાની લૂંટ ચલાવીને રોમની એક પોસ્ટઓફિસમાંથી ભાગવાની ફિરાકમાં હતા ત્યારે પોલીસે એને રંગેહાથ પકડી લીધા હતા. પોલીસને જાણકારી મળી કે આવી કરોડોની બે લૂંટનું પ્લાનિંગ થઈ ચૂક્યું હતું અને આગામી દિવસોમાં એ લૂંટ થવાની હતી.

## હું મલાલા નથી, આતંકીઓના કારણે દેશ છોડવો નહીં પડે, ભારતમાં સુરક્ષિત છું



લંડન | ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર કરી રહેલા પાકિસ્તાનને કાશ્મીરમાં રહેતી પત્રકાર એક્ટિવિસ્ટ યાના મીરે સણસણતો જવાબ આપતા તેની ઝાટકણી કાઢી છે. બ્રિટનની સંસદમાં યાના મીરનું ભાષણ ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે, જેમાં તેણે મલાલા સાથે તેની સરખામણીને નકારી કાઢી હતી. કાશ્મીરની પત્રકાર એક્ટિવિસ્ટ યાના મીરે બ્રિટનની સંસદમાં જણાવ્યું હતું કે, હું મારા દેશમાં સુરક્ષિત છું. પાકિસ્તાન પર નિશાન સાધતા મીરે કહ્યું કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને હું ત્યાં સ્વતંત્ર તથા સુરક્ષિત છું. આ સમયે તેમણે યુવાનોના વિકાસમાં ભારતીય સૈન્યના પ્રયત્નોની પણ પ્રશંસા કરી હતી. કાશ્મીરી પત્રકાર અને એક્ટિવિસ્ટ યાના મીરને યુકે પાર્લામેન્ટ દ્વારા આયોજિત 'સંકલ્પ દિવસ'માં સન્માનિત કરવા માટે બોલાવી હતી. જમ્મુ-કાશ્મીરમાં વિવિધતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો માટે મીરને ડાયવર્સિટી એમ્બેસેડર પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં બ્રિટનના સંસદ સહિત ૧૦૦થી વધુ જાણિતી હસ્તીઓએ ભાગ લીધો હતો. બ્રિટનની સંસદમાં યાના મીરે એ બાબત પર ભાર મૂક્યો હતો કે તે મલાલા યુસૂફઝઈ નથી, જેણે આતંકીઓની ધમકીઓના કારણે પોતાનો દેશ છોડવો પડયો હતો. યાના મીરે કહ્યું કે, હું મલાલા યુસૂફઝઈ નથી, કારણ કે હું મારા દેશ ભારતમાં સ્વતંત્ર અને સુરક્ષિત છું. હું મારી માતૃભૂમિ કાશ્મીરમાં સુરક્ષિત છું, જે ભારતનો અભિન્ન ભાગ છે. મારે ક્યારેય પણ ભાગીને તમારા દેશમાં શરણ લેવાની જરૂર નહીં પડે. હું ક્યારેય પણ મલાલા યુસૂફઝઈ નહીં બનું.

### ઇન્દ્રોડામાં ટ્રેક્ટર રગડતાં દોઢ વર્ષની દીકરીનું મોત નીપજ્યું

ગાંધીનગર | શહેરના ઇન્દ્રોડા ગામમાં રહેતા શ્રમજીવી પરિવારની દોઢ વર્ષની દીકરીનુ માતાની નજર સામે મોત થઇ ગયુ હતુ. માતા દીકરીને બચાવવા દોડે તે પહેલા ટ્રેક્ટરનુ ટાયર માથા ઉપરથી નિકળી ગયુ હતુ. ફેરો મારીને આવેલા પિતાએ ટ્રેક્ટર ખાલી જગ્યામાં પાર્ક કર્યુ હતુ. તેની નજર દોઢ વર્ષની દીકરીને ઝાડ સાથે દુપટ્ટો બાંધી તેમાં સુવડાવી હતી. તે દરમિયાન ટ્રેક્ટર રગળતા દીકરીને ખેંચી ગયુ હતુ અને ટાયર માથા ઉપરથી ફરી જતા મોત થયુ હતુ. જેને લઇ પિતા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

### પુંધરા હાઇવે પર કારની ટક્કરે ટ્રેક્ટરચાલકનું મોત

ગાંધીનગર | માણસા તાલુકાના પુંધરા ગામના ખેડૂત ટ્રેક્ટર લઈ રાત્રિના સમયે ખેતરમાંથી ઘર તરફ આવી રહ્યા હતા. ત્યારે હાઇવે પર રોડ ક્રોસ કરતી વખતે ત્યાંથી પસાર થઈ રહેલ એક કાર ચાલકે ટ્રેકટરને ટક્કર મારતા ચાલક નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું જે બાબતે મૃતકના ભાઈએ કાર ચાલક વિરુદ્ધ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે GIDR ખાતે પ્રાકૃતિક ખેતી અંગેની રાષ્ટ્રીય કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ અમદાવાદના GIDR ખાતે પ્રાકૃતિક કૃષિ વિષયક બે દિવસીય નેશનલ કોન્ફરન્સનો શુભારંભ કરાવ્યો હતો. આ કોન્ફરન્સ 'પ્રાકૃતિક ખેતી : ઉદ્યોગસાહસિકો માટે સંભાવનાનું સર્જન કરવું, ખાદ્ય સુરક્ષા હાંસલ કરવી અને સુદ્રઢ કૃષિ માટે સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન' થીમ પર યોજાશે. અમદાવાદના GIDR ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની નેશનલ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાકૃતિક કૃષિ કરવી આવશ્યક છે ત્યારે આ મહત્વપૂર્ણ કાર્યશાળા યોજાઈ છે તે આનંદની વાત છે. રાજ્યપાલએ કહ્યું હતું કે, હાલના સમયમાં ગ્લોબલ વોર્મિંગ એ સૌથી મોટી સમસ્યા છે. નીતિ આયોગના રિપોર્ટ અનુસાર ગ્લોબલ વોર્મિંગનું 24% કારણ રાસાયણિક અને જૈવિક ખેતી છે. ત્યારે જો આપણે ગ્લોબલ વોર્મિંગને બચાવવું હશે તો પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ. રાસાયણિક ખેતીને ઝેરનું માધ્યમ ગણાવતા રાજ્યપાલએ કહ્યું કે, આજથી 50 વર્ષ પહેલાં કેન્સર, ડાયાબિટીસ, હાર્ટ એટેક શું છે તે કોઈને ખબર ન્હોતી જ્યારે આજે અનેક લોકો આવા રોગોનો



શિકાર બની રહ્યા છે, તેવું કારણ ફકત રાસાયણિક ખેતી છે. આજે એક બાજુ યુરિયા, DAP જેવા ખાતરના વપરાશમાં વધારો થતો જાય છે ત્યારે બીજી બાજુ કેન્સર જેવા રોગોમાં પણ વધારો થાય છે જે ચિંતાનો વિષય છે, તેવું રાજ્યપાલએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે કે, સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી ધરતીને ઝેરમુક્ત કરીએ. રાજ્યપાલએ પ્રાકૃતિક ખેતીથી થયેલ ફાયદાનો સ્વાનુભવ વર્ણવતાં કહ્યું કે, રાસાયણિક ખેતીની સાપેક્ષમાં પ્રાકૃતિક ખેતીમાં ખર્ચો ઓછો અને ઉત્પાદન વધુ થાય છે. ઉપસ્થિત સૌ લોકોને ગેરંટી આપતા રાજ્યપાલએ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનમાં દર વર્ષે ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધે છે જેના લીધે સૂક્ષ્મ જીવો અને પોષક તત્વોનું પ્રમાણ પણ વધે છે. તેમણે ગૌરવભેર જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં 9 લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ઉપસ્થિત ખેડૂતોને આહ્વાન કરતાં રાજ્યપાલએ ઉમેર્યું કે, દેશમાં જેવી રીતે હરિત ક્રાંતિ થઈ તેવી જ રીતે આપણે સાથે મળીને પ્રાકૃતિક ખેતીની ક્રાંતિ કરવી જોઈએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આ કોન્ફરન્સ બદલ આયોજકોને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે, મને આશા છે કે પ્રાકૃતિક ખેતીની આ કોન્ફરન્સ થકી અનેક ખેડૂતો આ ચળવળમાં જોડાઈ આવનારી પેઢી માટે ઉત્તમ ભવિષ્યનું નિર્માણ કરશે. આ પ્રસંગે કૃષિ, ખેડૂત અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે.રાકેશે પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી વધારવાના ઉદ્દેશ સાથે આ કોન્ફરન્સનું આયોજન કરાયું તે આનંદની વાત છે. અહીં ઉપસ્થિત સૌ નિષ્ણાંતો અને ખેડૂતોના સંવાદ થકી આ ચળવળને આગળ વધારવા પ્રોત્સાહન મળશે તેવું તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલ દ્વારા ચલાવાતા પ્રાકૃતિક ખેતીના અભિયાનની એ.કે.રાકેશે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે દિશામાં અમે કાર્યરત છીએ. આ પ્રસંગે GIDR ના નિયામક ડો.નિશા પાંડેએ સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, ગુજરાતની ધરતીથી અનેક વાર દેશને દિશા મળી છે ત્યારે રાજ્યપાલ દ્વારા ચલાવાતા પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં પણ દેશને ગુજરાતથી જ દિશા મળશે. આ કોન્ફરન્સમાં રાજ્યપાલ માર્ગદર્શન આપવા ઉપસ્થિત રહ્યા તે બદલ ડો.નિશા પાંડેએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપા અધ્યક્ષ C.R.પાટીલે પ્રેસને સંબોધન કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

લોકસભા ચૂંટણી અંતર્ગત માન. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ પ્રેસ વાર્તાને સંબોધન કરતાં જણાવ્યુ કે, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને દિવાસ્વપ્ન જોઈ રહ્યા છે વાસ્તવિક ભૂમિ પર આવવા માટેની તેમની તૈયારી નથી. આમ આદમી પાર્ટીની વાત કરીએ તો ચૈતર વસાવા સિવાય ભરુચની કુલ 07 વિધાનસભા બેઠકમાંથી 04 બેઠક પર આમ આદમી પાર્ટીએ ડિપોઝિટ ગુમાવી હતી. ભાવનગર અને ભરુચ બંને લોકસભા સીટ અમારી મજબૂત સીટ છે જે અમે વર્ષોથી જીતતા આવ્યા છીએ. જનમત ગુમાવી ચૂકેલા બંને ભેગા થઈને ગુજરાત જીતવા માટેના દિવાસ્વપ્ન જોઈ રહ્યા છે. મને વિશ્વાસ છે કે જેમ ગઈ વખત 126 સીટ પર આપની ડિપોઝિટ ગઈ હતી એમાંથી આ વખતે બે જ સીટ લડવાની તૈયારી બતાવે છે કે પોતે હાર માની લીધી છે. કોંગ્રેસે ગત ચૂંટણીમાં 44 સીટો પર એની ડિપોઝિટ ગુમાવી હતી અને 17



બેઠકો જીત્યા હતા એમાંથી ઘણા બધા ઓછા થઈ ગયા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસના જ ચૂંટાયેલા લોકો જીતની શક્યતા જોઈ શકતા નથી ત્યારે આવા ગઠબંધનને ગુજરાતમાં કોઈ જશ મળવાની શક્યતા નથી. સી.આર.પાટીલએ વધુમાં જણાવ્યુ કે, આ રીતે ગઠબંધન કરીને ગુજરાતની પ્રજાને ખોટા ઠાલા વચનો આપીને ભરમાવાનો પ્રયત્ન આજદિન સુધી કરતાં આવ્યા છો, હવે ગુજરાતની પ્રજા જાગી ગઈ છે. ગુજરાતની પ્રજા હવે જાણે છે કે કેટલાક લોકો ચૂંટણી ટાણે જેમ વરસાદમાં દેડકા આવી જતાં હોય તેમ બહાર આવે છે અને જ્યારે ચૂંટણી પૂર્ણ થાય ત્યારે આપમેળે ગાયબ થઈ જતાં હોય છે. 2022 વિધાનસભાની ચૂંટણી પછી ગુમ થયેલા લોકો ફરીવાર ગુજરાતમાં ચૂંટણી ટાણે આવનારા લોકોને ગુજરાતની પ્રજા સારી રીતે ઓળખે છે. મને વિશ્વાસ છે કે, આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ્યારે દેશમાં ભારતીય જનતા પાર્ટીની 370 સીટ અને NDAમાં 400 સીટ જીતવાના સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટી આગળ વધી રહી છે ત્યારે આદરણીય મોદી સાહેબના નેતૃત્વમાં આ ભવ્ય જીતનું લક્ષ્ય પ્રાપ્ત કરીશું.

### ગાંધીનગરમાં દંતાલી કેનાલ નજીક અદાણી યુનિવર્સીટીનો વિધાર્થી લૂંટાયો

ગાંધીનગર | ગાંધીનગરમાં દંતાલી નર્મદા કેનાલ નજીક અદાણી શાંતિગ્રામ યુનિવર્સિટીમાં એમબીએનો અભ્યાસ કરતા વિદ્યાર્થીને આંતરી એક્સેસ ઉપર આવેલા ત્રણ બુકાનીધારી લૂંટારૂઓ છરીની અણીને ગળામાંથી 62 હજારનો સોનાનો દોરો લૂંટીને ફરાર થઈ જતાં અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર અડાલજ પોલીસ મથકની હદ વિસ્તારની નર્મદા કેનાલ બાજુ ભુતકાળમાં એકલ દોકલ લોકોને લુંટી લેવાની ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. જો કે અત્રેના વિસ્તારમાં લૂંટના ગુનાને અંજામ આપનાર લૂંટારુઓને પોલીસે ઝડપી પાડતા લૂંટનો સિલસિલો અટકી ગયો હતો.

**અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનનું કામ આખરી તબક્કામાં**

# રાયસણમાં મેટ્રો ટ્રેકનું ટેસ્ટીંગ, માર્ચમાં ટ્રેનનો ટ્રાયલ રન શરૂ કરવાનો ધમધમાટ

અમદાવાદ | તા.24

છેલ્લા ચારેક દિવસથી મેટ્રો ટ્રેકનું ટેસ્ટીંગ શરૂ કરવામાં આવ્યું છે. રાયસણ પાસે આજે ફરી મેટ્રો ટ્રેકનું ટેસ્ટીંગ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રેક પર મેટ્રો ટ્રેનને પણ ચડાવવામાં આવી હતી. આગામી માર્ચ મહિનામાં મેટ્રો ટ્રેનનો ટ્રાયલ રન શરૂ કરવાની જાહેરાત ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા થોડાક દિવસો પુર્વે કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીની જાહેરાત માર્ચ મહિનાના મધ્યે કરવામાં આવશે તેવું સંભળાય રહ્યું છે. હાલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી 25મી સુધી ગુજરાતમાં લોકાર્પણ સહિતના કાર્યક્રમો છે. ત્યારબાદ 27મી ફેબ્રુઆરી અમિત શાહ ગુજરાત આવી રહ્યા છે. ગાંધીનગર સંસદીય મત ક્ષેત્રવિસ્તારમાં ગાંધીનગરમાં જ 200 કરોડ ઉપરાંતના લોકાર્પણ અને ખાતમુહુર્તના કાર્યક્રમનું આયોજન છે. આ જોતાં જણાય આવે છે કે લોકસભાની ચૂંટણીની



જાહેરાત ખૂબ નજીકના સમયમાં છે. આ બધી અટકળો વચ્ચે છેલ્લા ચારેક દિવસથી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો ટ્રેકનું ટેસ્ટીંગ હાથ ધરવામાં આવ્યું છે. હજુ ગત 13મી ફેબ્રુઆરીએ જ જીએમઆરસી દ્વારા મોઢેરા થી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનનો ટ્રાયલ શરૂ કરવામાં આવશે તેવું યાદીમાં જણાવ્યું હતું.જેને લઈ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટનું પુરઝડપથી ચાલી રહ્યું છે.હવે લગભગ આખરી તબક્કામાં છે.

# વેરાવળમાંડ્રગ્સસાથેઝડપાયેલાઆરોપીઓની પૂછપરછમાં મહત્વનો ખુલાસો સામે આવ્યો

અમદાવાદ | તા.24

વેરાવળના દરિયમાંથી ઝડપાયેલા રાજ્યમાં સૌથી મોટા રૂ.350 કરોડના ડ્રગ્સના જથ્થા મુદ્દે વિવિધ ખુલાસા સામે આવી રહ્યા છે. આ વચ્ચે ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવ્યો અને કોના દ્વારા મંગાવવામાં આવ્યો આ મામલે વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ વચ્ચે સૌથી મહત્વનો ખુલાસો થયો છે, જેમાં સામે આવ્યું કે, ઝડપાયેલા ડ્રગ્સના જથ્થાનો ઓમાનના મધદરિયે ડિલિવરી આપવાની હતી. જેના માટે મૂર્તઝા નામના યુવકે ઓમાનના મધદરિયે ડિલિવરી



આપી હતી. જે પછી આગળ તેને લઈ જવામાં આવ્યો હતો. આ માટે લોક્લ લોકોની પણ મદદ લેવામાં આવી હતી. હાલમાં વેરાવળથી ઝડપાયેલા રૂ.350 કરોડથી વધુના ડ્રગ્સ મામલે ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થઈ રહ્યો છે. આ માટે ATS, NDPS,SOG, LCB સહિત એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જેમાં જોડિયાનો ઈશાક નામનો શખ્સ લોકેશન મોકલી સૂચના આપતો હોવાની વાત સામે આવી છે. જે દક્ષિણ આફ્રિકામાં બેઠા બેઠા ઈશાક લોકેશન મોકલતો હતો. એટલું જ નહીં ઈશાક નામનો કુખ્યાત શખ્સ મોરબી ડ્રગ્સ કેસમાં ફરાર હોવાની વિગતો સામે આવી છે. જ્યારે પકડાયેલ ડ્રગ્સ મોર્ફિન, હેટોઇન અને કોકેઈન ડ્રગ્સનો જથ્થો છે. જેના માટે આરોપી ટંડેલ, ડિલિવરી લેવા આવનાર વ્યક્તિ સહિત તમામ આરોપીના 14 દિવસના રિમાન્ડ ની માંગ કરાશે. જે સાથે જ તમામ લોકો કેવી રીતે ક્નેક્ટ થયા તેના અંગે પણ તપાસ કરવામાં આવી શકે છે.

### પોલીસના કૌશલ્યને બહાર લાવવા 'અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ-2024'

અમદાવાદ | રાજ્યમાં કાયદો વ્યવસ્થાના સુદ્રઢ અમલ અને જન સલામતી માટે પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી અત્યંત પડકારજનક અને ખુબ જ કઠીન હોય છે. કામના ભારણ વચ્ચે પોલીસ જવાનોનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને એ પણ જરૂરી છે. ત્યારે રમત-ગમત હંમેશા શારીરિક ફિટનેસ, શિસ્ત અને ખેલની ભાવના - મનોબળને વધારવા માટે મુખ્ય ભૂમિકા ભજવી છે. અમદાવાદ શહેર પોલીસમાં આંતરિક સ્તરે રમત-ગમતની પ્રતિભાને અને કૌશલ્યને બહાર લાવવા અને રમત-ગમતમાં પોલીસનો રસ વધારવા માટે 'અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ-2024' યોજાઈ છે.

**પેથાપુરમાં અમીત શાહ જાહેર સભાને પણ સંબોધશે**

# અમીત શાહના પ્રોગ્રામને લઈ સેક્ટર-21, ઘ-7, ધોળાકૂવામાં લારી-ગલ્લા પર તવાઈ

અમદાવાદ | તા.24

આગામી 27મીના રોજ લોકાર્પણ - ખાતમુહુર્તના કાર્યક્રમમાં દેશના ગૃહમંત્રી અને સાંસદ અમીત શાહ ગાંધીનગર આવી રહ્યા છે. પેથાપુર ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે. જેને લઈને આજરોજ ઘ-7 તથા સેક્ટર-21 અને ધોળાકૂવા સહિતના વિસ્તારમાંથી કોર્પોરેશન દ્વારા લારી-ગલ્લાના દબાણો અને બેનરો તથા હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા હતા. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારના કુલ 288 કરોડના વિકાસ કામો લોકાર્પણ અને ખાતમુહુર્તના કાર્યક્રમના આયોજનને લઈને કોર્પોરેશન અને જિલ્લા કલેક્ટર તંત્ર તૈયારીઓમાં લાગેલું છે. મુખ્ય કાર્યક્રમનું સ્થળ પેથાપુર રહેશે, જ્યાં અમીત શાહના હસ્તે નવેસરથી વિકસાવવામાં આવેલા ગામ તળાવ સહિતના વિવિધ કામોના ઈ - ખાતમુહુર્ત અને લોકાર્પણ કરાશે, આ ઉપરાંત પેથાપુર ખાતે અમીત શાહની જાહેર સભા પણ યોજનાર છે. જે માટે કોર્પોરેશનને પાંચ હજારની ભીડ એકઠી કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. અમીત શાહ ધોળાકુવા ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળાનું અને સેક્ટર-21 ખાતે લાયબ્રેરીનું લોકાર્પણ કરવા સ્થળ પર રૂબરૂ જનાર છે.

# રાજ્યની પ્રથમ AIIMSમાં ક્યા પ્રકારની સુવિધા મળશે એર એમ્બ્યુલન્સથી લઈ વિવિધ સુવિધાઓ

અમદાવાદ | તા.24

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 25 ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો હેઠળ રૂ.48,000 કરોડથી વધુના અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. આ વિભાગોમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બંદરો, પાવર, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, માર્ગ અને મકાન, પાણી પુરવઠા, પ્રવાસન, રેલવે, NHAI અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સનો સમાવેશ થાય છે. વડાપ્રધાન દેશમાં પાંચ નવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)નું લોકાર્પણ કરશે, જેમાં રાજકોટ AIIMSનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ AIIMSનું નિર્માણ અંદાજિત રૂ.1195 કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. રાજકોટ AIIMS ના ઉદ્ઘાટન સાથે ગુજરાતની પ્રથમ અત્યાધુનિક AIIMS નું ઉદ્ઘાટન થશે, જેમાં ટાવર A&B હોસ્પિટલ બ્લોકમાં 250 બેડ્સની ક્ષમતાવાળી IPD સેવાઓ, 500 લોકોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતા ડાયનિંગ હોલ સાથેની અંડર ગ્રેજ્યુએટ બોય્ઝ અને ગર્લ્સ હોસ્ટેલ, 66 કેવી કંટ્રોલ ગ્રીડ સબસ્ટેશન, શોપિંગ કોમ્પ્લેક્સ, 14 વિભાગો હેઠળની ઓપીડી સેવાઓ વગેરે જેવી વિવિધ સુવિધાઓનો સમાવેશ થાય છે. AIIMS એકઝીક્યુટિવ ડિરેક્ટર સી.ડી.એસ. કટોચે જણાવ્યું કે, 2014 બાદ સરકારે સ્વાસ્થ્ય વિભાગ માટે ખૂબ કામ કરી રહી છે. 157 નવા મેડિકલ કોલેજો ખુલ્યા છે. અત્યારે 69 ફેકલ્ટી AIIMS રાજકોટ પાસે છે.જેમના દ્વારા દર્દીઓને તપાસવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ પણ કરાવવામાં આવે છે. IPD માટેની નર્સિંગ ટ્રેનિંગ પૂર્ણ થઈ ચૂકી છે. PDU હોસ્પિટલ ખાતે ટ્રેનિંગ પૂર્ણ કરી લેવામાં આવી છે. 14 ક્લિનિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા OPD માં સેવા આપવામાં આવી રહી છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, એટલું જ નહીં AIIMS દ્વારા ટેલી મેડીસિન સેવા પણ શરૂ કરવામાં આવી છે.

**માસિક બિલના દસ ટકા દંડ વસુલાશે**

# ડોર ટુ ડોર કચરા એકત્રીકરણ કામગીરીમાં ગેરરિતી મુદ્દે એજન્સીને નોટિસ ફટકારાઈ

અમદાવાદ | તા.24

ડોર ટુ ડોર કચરો એકત્રીકરણ કરતી એજન્સીને કચરાનું વજન વધારવા ગાડીમાં માટી-પથ્થરો ભર્યા હોવાના વિડીયો અને ફોટા સામે આવ્યા બાદ કોર્પોરેશન એક્શન મોડ પર આવી હતી. એજન્સીને કામગીરીમાં ગેરરિતી આચરવા બદલ નોટિસ ફટકારી બે દિવસમાં ખૂલાસો કરવા જણાવાયું છે. અન્યથા માસિક બિલના દસ ટકા રકમ સુધી પેનલ્ટી વસુલ કરવામાં આવશે. ડોર ટુ ડોર ઘનકચરો એકત્રીત કરતી એજન્સીનું કૌભાંડ સેક્ટર-28ના રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ખાતે રંગેહાથ પકડાયું હતું. કચરાની ગાડીમાંથી માટી અને પથ્થરો ભર્યા થેલા નીકળ્યા હતા. કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા કોર્પોરેશનના વ્યવસ્થાપકને કામગીરીમાં ગેરરિતી બાબતે નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે, ટેન્ડરની શરત નંબર 89.19 મુજબ બાંધકામ અને ડિમોલેશન વેસ્ટ, ડેબ્રીજ, માટી, ઈન્ડસ્ટ્રીયલ તથા મેડિકલ વેસ્ટને કોન્ટ્રાક્ટરે નહી લેવાનો કે ગાડીમાં નહી ભરવો, તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. પરંતુ વજનમાં વધઆરો કરવાના હેતુથી ગાડી નંબર જીજે-18બીવી-4611માં રેતી-માટી-પથ્થર વગેરે ભરીને ગેરરીતિ કરવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરના સંસ્કારધામ કેમ્પસમાં 'ખેલે સાણંદ – સ્પોર્ટ્સ લીગ'નો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદના સંસ્કારધામ કેમ્પસમાં વિજયી ભારત ફાઉન્ડેશન દ્વારા આયોજીત 'ખેલે સાણંદ - સ્પોર્ટ્સ લીગ'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થયો છે. 'ખેલે સાણંદ સ્પોર્ટ્સ લીગ'ના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દરેક બાળકોએ સ્પોર્ટ્સની રમતોમાં ભરપૂર ભાગ લઈને ખૂબ રમવું જોઈએ. આ સાથે ૨૦૩૬માં ભારતમાં આયોજિત ઓલમ્પિક માટેની તૈયારીઓ પણ બાળકોએ અત્યારથી જ શરૂ કરી દેવી જોઈએ. આ અવસરે બાળકો સાથે સંવાદ કરતા મુખ્યમંત્રી એ કહ્યું કે, વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓનીઓએ મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો જોઈએ અને રમતના ગ્રાઉન્ડ ઉપર વધુ રમવું જોઈએ અને પોતાની ગમતી એક રમતમાં આગળ આવવું જોઈએ. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, તાજેતરમાં જ ૫૭ હજાર કરોડના વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ એક જ દિવસમાં થયું છે. આવતીકાલે વધુ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે ૫૦ હજાર કરોડથી વધુના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાના છે, આમ વિકસિત ભારતનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, 'મોદી ગેરંટી એટલે ગેરંટી પૂરી કરવાની પણ ગેરંટી' અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તમામ ગેરંટીઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આયોજનબદ્ધ રીતે પૂરી કરવામાં આવી રહી



છે. આમ, દેશના નાગરિકોને તમામ મળવાપાત્ર લાભો ઘરે ઘરે સુધી પહોંચી રહ્યાં છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય વિસ્તારની વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, અમિત શાહ દેશનું ધ્યાન રાખવાની સાથે-સાથે પોતાના સંસદીય વિસ્તારનું પણ એટલું જ ધ્યાન રાખી રહ્યા છે એ આપણા સૌ માટે એક પ્રેરણાદાયક છે. અમિત શાહના સંસદીય વિસ્તારમાં સાંસદ ખેલ સ્પર્ધાનું પણ ખૂબ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું છે. નરેન્દ્રભાઈ મોદી અને અમિત શાહના નેતૃત્વમાં દરેક સેક્ટરમાં ખુબ મોટું પરિવર્તન આવ્યું છે અને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે સ્વછતા સંદર્ભે સંવાદ કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, દરેક બાળકોએ સ્વચ્છતાને લઈને જાગૃત રહેવું જોઈએ અને કચરો હંમેશા ડસ્ટબીનમાં નાખવાનો આગ્રહ રાખવો જોઈએ. અંતમાં મુખ્યમંત્રીએ બાળકોને સ્વચ્છતા રાખવાની અપીલ પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેલે સાણંદ - સ્પોર્ટ્સ લીગમાં સાણંદના શહેરી અને ગ્રામીણ વિસ્તારની ૬૦થી વધુ સ્કૂલના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ રહ્યાં છે.

# રાજ્યમાં સામાન્ય ઠંડી અનુભવાશે: એક જ રાત્રિમાં લઘુતમ તાપમાનમાં 3થી 5 ડિગ્રીનો ઘટાડો

## જે બાદ ત્રીજા દિવસથી તાપમાન ફરીએકવાર ઉચકાશે

અમદાવાદ | તા.24

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ને લઈને રાજ્યના વાતાવરણની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ રાજ્યનું વાતાવરણ સુકુ રહેશે. રાજ્યના કોઈ પણ ભાગમાં વરસાદ નથી, પરંતુ લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ગરમીનો અહેસાસ થશે. છેલ્લા 24 કલાકમાં ગુજરાતના કેટલાક ભાગોનું તાપમાન એકાએક ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટ્યું છે. જેની અસર નાના બાળકોને સૌથી વધુ થઈ શકે છે. વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ રાજ્ય વાતાવરણ સુકુ રહેશે. 24 કલાક બાદ ધીમેધીમે રાજ્યના તમામ ભાગોનું તાપમાન વધે તેવી શક્યતા છે. હાલમાં ઉત્તર દિશા તરફથી આવતા પવનોને કારણે તાપમાનનો પારો ગગડ્યો છે. ગત બે દિવસ પહેલા ગુજરાત રાજ્ય પર આવતાં પવનની દિશા પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ તરફથી હતી. છેલ્લા 24 કલાકમાં પવનની દિશા બદલાઈને સીધા ઉત્તર દિશા તરફથી પવનો ફૂંકાવાને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન એકાએક ત્રણથી પાંચ ડિગ્રી કે તેનાથી પણ વધુ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું છે. આગામી 48 કલાકમાં ગુજરાતનું તાપમાન યથાવત્ રહેશે. એટલે કે, લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાશે. જે બાદ ત્રીજા દિવસથી તાપમાન ફરીએકવાર ઉચકાશે. જે બાદ ગુજરાત પર આવતા પવનોની દિશા પૂર્વ તરફથી ને કારણે તાપમાનમાં વધારો થશે. એટલે કહી શકાય કે, આ વર્ષમાં ઠંડીનો છેલ્લો રાઉન્ડ રહેશે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા લઘુત્તમ તાપમાન વિશે વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં છેલ્લા 24 કલાકમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે 21 ફેબ્રુઆરીના રોજ નોંધાયેલા લઘુત્તમ તાપમાન 19.7 ડિગ્રી સેલ્સિયસ હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...